5.5

श्रीअमृतानुभव

(गुजराती)

बिभा. ठक्कर

न्थालय
, वाराणसी-५

प्रिय प्रेमबहनको सस्नेह -

विमलचंदन

१९७८.

અરે આત્માની નિજ દશા
પામે ન ભેદરેખા,
વ્યાપવા છતાં વિશ્વ અશેષા
અવિકલ રહે.

श्रीमद्ज्ञानेश्वरप्रशस्तिः

सिद्धप्रज्ञासनस्थिताय ज्ञानेश्वराय नमो नमः ।
सहजसर्वाङ्गसुन्दराय ज्ञानेश्वराय नमो नमः ।
मूर्तमार्दवस्वरूपाय ज्ञानेश्वराय नमो नमः ।
करुणामयाय ज्ञानमुद्राय ज्ञानेश्वराय नमो नमः ।
सत्योन्मीलित चक्षुष्काय ज्ञानेश्वराय नमो नमः ।
विदग्धवाङ्मयविभूषणाय ज्ञानेश्वराय नमो नमः ।
शारदासुतकविगौरवाय ज्ञानेश्वराय नमो नमः ।
निखिलरससिद्धेश्वराय ज्ञानेश्वराय नमो नमः ।
भक्तिज्ञानयुतयोगेश्वराय ज्ञानेश्वराय नमो नमः ।
नवरससागरमीनाय ज्ञानेश्वराय नमो नमः ।
अद्वैतामृतपूर्णकामाय ज्ञानेश्वराय नमो नमः ।
सहजसमाधिविलासाय ज्ञानेश्वराय नमो नमः ।
विश्वसंविदोन्मेषश्रेष्ठाय ज्ञानेश्वराय नमो नमः ।
पञ्चमपुरुषार्थप्रतिष्ठापकाय ज्ञानेश्वराय नमो नमः ।
भक्ताय भागवतवरिष्ठाय ज्ञानेश्वराय नमो नमः ।
परतत्त्वप्रक्षालितवाणीरमणाय ज्ञानेश्वराय नमो नमः ।
वीतरागरञ्जितजीवनाय ज्ञानेश्वराय नमो नमः ।
विनम्रलाघवपूर्णचन्द्राय ज्ञानेश्वराय नमो नमः ।
अलङ्कृतलावण्यमयाय ज्ञानेश्वराय नमो नमः ।
मृदुमधुरमन्दहासाय ज्ञानेश्वराय नमो नमः ।
चिरषोडशकलासंयुताय ज्ञानेश्वराय नमो नमः ।
सुखदशीतलमार्तण्डाय ज्ञानेश्वराय नमो नमः ।
शिवशक्तिलालितसौम्याय ज्ञानेश्वराय नमो नमः ।
आत्मविलोपनलोलाय ज्ञानेश्वराय नमो नमः ।
स्फुटितचिद्रत्नसौरभाय ज्ञानेश्वराय नमो नमः ।
चिद्विलासस्फुटितपुष्पाय ज्ञानेश्वराय नमो नमः ।
निवृत्तिसुताय प्रेमेश्वराय ज्ञानेश्वराय नमो नमः ।

डिसेम्बर, १९६८
अतामी (जापान) विमला

શ્રીજ્ઞાનેશ્વર મહારાજ



જન્મ : શકે ૧૧૯૩ સમાધિયોગ : શકે ૧૨૧૫

ज्ञानगंगोत्री

શ્રીઅમૃતાનુભવ

અને

ચાંગદેવ પાસષ્ઠી

○ ગુજરાતીમાં છંદોબદ્ધ ○

અનુવાદ

વિમલા

ન્યૂ ઑર્ડર બુક કંપની
એલિસબ્રિજ : અમદાવાદ-૩૮૦ ૦૦૬

Śrī Amṛtānubhava : **Translated by Vimala from Marathi into Gujarati, Pub. New Order Book Co., Ahmedabad. 1979 (India)**

પ્રકાશક
દિનકર ત્રિવેદી
ન્યૂ ઑર્ડર બુક કંપની
એલિસબ્રિજ, અમદાવાદ–૩૮૦ ૦૦૬

© જીવનયોગ ફાઉન્ડેશન
શિવકુટિ
માઉન્ટ આબુ (રાજસ્થાન)

પ્રથમ આવૃત્તિ : ૧૯૭૯
પ્રત : ૧૧૦૦

આવરણ : જનક પટેલ

મુદ્રક
રાકેશ કાંતિલાલ દેસાઈ
ચંદ્રિકા પ્રિન્ટરી,
મિરજાપુર રોડ, અમદાવાદ–૩૮૦ ૦૦૧

ક્રમ

પ્રકરણ		ઓવીસંખ્યા	પૃષ્ઠ
	શ્રીજ્ઞાનેશ્વરનો ચિદ્‌વિલાસ – વિમલા		૧૩
૧	શિવ-શક્તિ-સમાવેશન	૬૪	૩
૨	ગુરુસ્તવન	૮૦	૯
૩	વાચાઋણ-પરિહાર	૩૩	૧૫
૪	જ્ઞાનાજ્ઞાન-ભેદકથન	૪૩	૧૯
૫	સચ્ચિદાનંદપદત્રય વિવરણ	૬૮	૨૩
૬	શબ્દખંડનમ્	૧૦૩	૨૯
૭	અજ્ઞાનખંડનમ્	૨૯૫	૩૭
૮	જ્ઞાનખંડનમ્	૧૯	૫૭
૯	જીવનમુક્તદશા-કથન	૭૧	૫૯
૧૦	ગ્રંથવિહાર	૩૧	૬૫
	નાથ-સંકેત-રહસ્ય		૬૯
	આત્મસખ્યનો અનિરુદ્ધ આશ્લેષ – કિશનસિંહ ચાવડા		૮૫
	શ્રી ચાંગદેવ પાસષ્ઠી	૬૫	૯૧

શ્રીઅમૃતાનુભવ

અને

ચાંગદેવ પાસષ્ઠી

•

શ્રીજ્ઞાનેશ્વરનો ચિદ્વિલાસ

હું ક્યારેક પણ શ્રીજ્ઞાનેશ્વર મહારાજને અંગે કે તેમના ગ્રંથ વિશે લખીશ, એવું ધાર્યું નહોતું. ચેતનાની જે નિગૂઢતમ કક્ષાએ શ્રીજ્ઞાનેશ્વર જોડે મિલન થયું, તેમનો મધુર સહવાસ પામી અને સ્નેહામૃત સેવ્યું, તે વિષય વાણીથી પર છે. તેની અભિવ્યક્તિ શબ્દોમાં સંભવિત જ નથી. તે તો એક અનુભવનો વિષય કહેવાય. જે વ્યક્તિ આપણી જેટલી નિકટવર્તી, તેને અંગે લખવું કે બોલવું, તેટલું જ અઘરું. શ્રીજ્ઞાનેશ્વર મહારાજની અક્ષરકથા તેમના દેહધારી વ્યક્તિત્વ કે જીવનચરિત્રથી ઓછી દિવ્ય નથી. શ્રીજ્ઞાનેશ્વરી જેવો ભાષ્યગ્રંથ હોય કે શ્રીઅમૃતાનુભવ જેવો સ્વતંત્ર ગ્રંથ હોય, ચાંગદેવ પાસષ્ઠી હોય કે તેમની અર્થગભીર અભંગરચના હોય — દરેકમાં શ્રીજ્ઞાનરાયની અલૌકિક, અપાર્થિવ, રસમયી દિવ્ય વિભૂતિ દીપી ઊઠે છે.

વાસ્તવમાં મહારાષ્ટ્રની જનતા ઉપર શ્રીજ્ઞાનેશ્વર રૂપી અમૃતમેઘની વર્ષા થઈ છે. એમની સાહિત્યરચનાઓ પોતે જ એક શાશ્વત અમૃતવર્ષા છે. શ્રીજ્ઞાનેશ્વરની બધી જ રચનાઓ કાવ્યરચનાઓ છે. જ્ઞાનેશ્વર શબ્દસૃષ્ટિના ઈશ્વર હતા. પરતત્ત્વસ્પર્શી ક્રાન્તદર્શી કવિ હતા. એક જ વ્યક્તિ આત્માનુભવી હોય, યોગી હોય, તત્ત્વજ્ઞ હોય અને સાથે સાથે અભિજાત કવિ પણ હોય, એવું જવલ્લે જ થતું હોય છે. કિંતુ જ્ઞાનેશ્વરના વ્યક્તિત્વમાં, યોગાધિષ્ઠિત આત્માનુભવ, વિચિત્ર શાસ્ત્રાધ્યયન તેમ જ તત્ત્વદર્શિતાનો અદ્‌ભુત સમવિકાસ હતો, સમન્વય હતો અને સામરસ્ય પણ હતું. કાવ્ય તો તેમના ઉત્કટ જીવનપ્રેમનો એક સહજ ઉન્મેષ હતો. પ્રેમીની મધુર મૃદુતા તેમની ભાષામાં માત્ર સ્પંદિત થાય છે, એટલું જ નહીં પણ પોતાના નિખિલ ઐશ્વર્ય સહિત, તે થરકતી-મરકતી રહે છે. મધુરાદ્વૈતના પરમ આચાર્ય, જ્ઞાનીઓના ચક્રવર્તી, યોગીઓના મુકુટમણિ, પરમ ભાગવત એવં ભક્તશ્રેષ્ઠ જ્ઞાનેશ્વર એક અદ્વિતીય માનવરત્ન થઈ ગયા.

કહેવાય છે કે શ્રીજ્ઞાનેશ્વરી ગ્રંથ લખાયા પછી જ્ઞાનેશ્વરના ગુરુ તેમ જ વડીલ બંધુ શ્રીનિવૃત્તિનાથે તેમને સ્વતંત્ર ગ્રંથરચના કરવાનો આદેશ આપ્યો. ગુરુપ્રેમી જ્ઞાનેશ્વરે અમૃતાનુભવ લખ્યો. આ ગ્રંથમાં તેમનું સમગ્ર જીવનદર્શન સંક્ષેપમાં અભિવ્યક્ત થાય છે.

શ્રીજ્ઞાનેશ્વર નાથ-સંપ્રદાયમાં જન્મ પામ્યા હતા. તેમના પ્રપિતામહ શ્રીત્ર્યંબક પંતે, શ્રી ગોરખનાથ પાસેથી અનુગ્રહ લીધો હતો. શ્રીજ્ઞાનેશ્વરના ગુરુ શ્રીનિવૃત્તિનાથનો સંબંધ શ્રી ગહિનીનાથ જોડે સ્થપાયો હતો. એમ મનાય છે કે શ્રી આદિનાથ શંકર, નાથ-સંપ્રદાયના આદિ પુરુષ હતા. 'હઠયોગપ્રદીપિકા' ઉપર જેટલી

ટીકાઓ લખાઈ-છપાઈ છે, તે બધામાં આદિનાથ લેખે શ્રી શંકરનો ઉલ્લેખ દેખાય છે. નાથપંથ માટે યોગબીજ, સિદ્ધમાર્ગ, યોગમાર્ગ અથવા અવધૂત-સંપ્રદાય એવા શબ્દોનો ઉપયોગ પણ જોવા મળે છે. પોતાના પંથને નાથપંથીય લોક સિદ્ધમત અથવા સિદ્ધમાર્ગ પણ કહે છે. શ્રી ગોરખનાથ આ સંપ્રદાયની સર્વશ્રેષ્ઠ વિભૂતિ મનાય છે. તેઓશ્રી ઔપનિષદિક યોગમાર્ગના એક સમર્થ પ્રવક્તા હતા, તેમ જ એક પરમ ભક્ત પણ હતા. આદ્યશ્રી શંકરાચાર્ય પછી, આટલા મહિમાવંત પ્રભાવશાળી મહાપુરુષ કદાચ થયા પણ નહીં હોય.

ગોરક્ષમતનો મૂળ સિદ્ધાંત એવો છે કે જે કંઈ બ્રહ્માંડમાં છે તે બધું સૂક્ષ્મ સ્વરૂપે પિંડમાં ઉપસ્થિત હોય છે. પિંડકાયામાં કુંડલિની શક્તિ એક પ્રમુખ કાર્યકારિણી શક્તિ છે. બ્રહ્માંડના અણુરેણુમાં જે શક્તિ અથવા તો ઊર્જા ઓતપ્રોત છે, તે મનુષ્યદેહમાં કુંડલિની રૂપે નિવાસ કરે છે. નાથપંથના સાધકો, વૈશ્વિક ઊર્જાની ઉપાસના પોતાના શરીરમાં જ કરતા હોય છે. કુંડલિની શક્તિનું સંચાલન કરીને, તેની વૈશ્વિક શક્તિ સાથેની એકતા જાગ્રત કરવામાં આવે છે. એને જ શિવશક્તિઐક્ય કહેવાય છે. આ એકતાના પ્રત્યયમાં જીવવું એ જ સમાધિ. તાત્પર્ય કે સમાધિનો સંબંધ, કોઈ પણ ક્રિયા સાથે હોતો નથી. તે તો ચેતનાની સ્વયંશુદ્ધ અવસ્થા છે. આ જ કારણે નાથપંથમાં સહજસમાધિ શબ્દનો પ્રયોગ સવિશેષ રૂપે કરવામાં આવે છે. આ સમાધિ-અવસ્થા એટલે શૂન્યાવસ્થા નથી, એ તો એક પરિપૂર્ણ ભાવરૂપ અવસ્થા હોય છે.

નાથમતના પ્રવક્તા શ્રી ગહિનીનાથ વિશે ઘણી ઓછી ઐતિહાસિક માહિતી ઉપલબ્ધ છે. શ્રીનિવૃત્તિનાથે જે કંઈ કામ કર્યું છે તે શ્રીજ્ઞાનેશ્વર દ્વારા જ કર્યું છે. શ્રીજ્ઞાનેશ્વરના જીવનદર્શન ઉપર ૧. અદ્વૈત વેદાન્તી, ૨. ગૌડપાદીય, ૩. શાંકરીય, ૪. નાથ-સંપ્રદાયના તત્ત્વજ્ઞાનની ઘેરી અસર વરતાય છે. આવું હોવા છતાં ચિંતન તથા અનુભૂતિના ક્ષેત્રે તેઓ સ્વતંત્ર, સ્વયંપ્રજ્ઞ એવં સ્વયંભૂ રહેલા હોવા જોઈએ.

આદ્યશ્રી શંકરાચાર્યના અનન્ય પ્રશંસક જ્ઞાનેશ્વરે 'અમૃતાનુભવ'માં અજ્ઞાનખંડન કરવાનો પુરુષાર્થ કર્યો છે. આ ગ્રંથનું અધ્યયન કરનાર જિજ્ઞાસુના ધ્યાનમાં એક મહત્ત્વની વાત સહેજે આવી જશે કે શ્રીજ્ઞાનેશ્વર, શ્રી શંકરાચાર્યના કેવળ અનુવાદક, ભાષ્યકાર કે અનુગામી જ ન હતા, તેમના દરેક શબ્દમાં તો આત્મપ્રત્યયની ઉષ્મા સંચરે છે.

શ્રીજ્ઞાનેશ્વરે પોતાની રચનાઓમાં, શ્રી ગૌડપાદાચાર્યનો ઉલ્લેખ ક્યાંય પણ કર્યો નથી. છતાં અમૃતાનુભવ કે જ્ઞાનેશ્વરીના અધ્યયનથી એ સ્પષ્ટ જણાય છે કે, તેઓએ ગૌડપાદીય કારિકાઓ આત્મસાત્ કરી હતી. અમૃતાનુભવ ગ્રંથમાં

'શિવસૂત્ર'નો ઉલ્લેખ કરીને જ્ઞાનેશ્વરે નાથપંથીય તત્ત્વજ્ઞાનના ઋણનો સ્પષ્ટ નિર્દેશ કર્યો છે.

શ્રીજ્ઞાનેશ્વરના જીવનદર્શનનો મર્મ છે—આત્મબોધ એવં આત્મરતિ. તેમનું જીવનદર્શન કહે છે કે, આત્માની સત્તા ઉપર દેહોનાં સ્પંદનો ઊમટે છે અને શાંત થાય છે. બૌદ્ધોના અસત્તાવાદથી, જ્ઞાનેશ્વરનો અજાતવાદ સર્વાંગે જુદો તરી આવે છે. દેહેન્દ્રિયોથી નિતાંત ભિન્ન હોવા છતાં આત્મા શૂન્ય નથી, એવું જણાવતાં જ્ઞાનેશ્વર લખે છે : 'નાહી ઐસ નોહે,' એટલે 'નથી એવું પણ નથી.' ક્યારેક આત્મસત્તા માટે 'શૂન્યોનો નિષ્કર્ષ' અથવા 'મહાશૂન્ય' સંજ્ઞાનો પ્રયોગ પણ તેઓ કરે છે. શ્રી ગોરક્ષનાથના ગ્રંથોમાં 'શૂન્ય – મહાશૂન્ય' જેવા પારિભાષિક શબ્દોના ઉપયોગ આપણને જોવા મળે છે. જ્ઞાનેશ્વર ક્ષણિક વિજ્ઞાનવાદી નથી. અમૃતાનુભવમાં બહુ જ વિશદતાથી તેઓ આત્માની અવિકારતા સમજાવે છે. જ્ઞાનેશ્વરને અભિપ્રેત છે દ્વૈતસંબંધ શૂન્ય એકરસ આત્મસત્તા.

અરે આત્માની નિજ દશા
પામે ન ભેદરેખા,
વ્યાપવા છતાં વિશ્વ અરોપા
અવિકલ રહે.

(પ્રકરણ ૭ : ૧૪૬)

સહૃદય સાવધાન સાધક સમજી શકશે કે જ્ઞાનેશ્વર વિશિષ્ટાદ્વૈતી અથવા શુદ્ધાદ્વૈતી પણ ન હતા. એટલે જ તેઓ મુક્તિને મહત્ત્વ આપતા નથી. તેઓ કહે છે :

એટલે બંધ જ્યાં મિથ્યા
ત્યાં મોક્ષને કેવી સત્યતા.

(પ્રકરણ ૩ : ૧૫)

—અર્થાત્ બંધ પોતે જ જ્યાં મિથ્યા છે ત્યાં મોક્ષની ઉત્પત્તિ કેવી રીતે સંભવશે ? શ્રીજ્ઞાનેશ્વર 'અહંબ્રહ્માસ્મિ'ના વૃત્તિજ્ઞાનને મોક્ષલબ્ધિ માનતા નથી. કેમ કે વૃત્તિ પોતે જ એક પ્રકારનું બંધન છે 'ઇદં–અહં' એ બન્ને વૃત્તિઓથી જે અવસ્થા-મુક્ત હશે તે જ કૈવલ્યદશા ગણાશે.

આ પ્રકારે શ્રીજ્ઞાનેશ્વર પોતાની આગવી પ્રાસાદિક અમૃતમધુર શૈલીમાં, પરંપરાગત બધાં દર્શનોથી ભિન્ન એવું પોતાનું જીવનદર્શન નિવેદિત કરે છે. તેમની રચનાઓમાં નથી પ્રતિપાદનનો અભિનિવેશ કે નથી વિચારપ્રસારનો અભિસંધિ. આખો અમૃતાનુભવ ગ્રંથ આત્મનિવેદનની ઉત્કટ આરતથી રસળે છે. શ્રીજ્ઞાનેશ્વરના શબ્દોમાંથી અનુભૂતિનો રસ છલકે છે. છસો-સાતસો વર્ષોના પ્રલંબ પટનો તેમની અક્ષરકાયા ઉપર કોઈ કાટ ચડયો નથી.

આ અમૃતવર્ષામાં સ્નાન કરીને પાવન બનવાનું સૌભાગ્ય ગુજરાતના આત્માર્થીઓને મળો એ જ શુભેચ્છા.

વિમલા

શિવકુટિ,
અબુંદાચલ (રાજસ્થાન)

શ્રી અમૃતાનુભવ

•

વંદના

જે છે અક્ષર, અનાખ્યેય,
આનંદ, અજ, અવ્યય,
શ્રીમન્નિવૃત્તિ-નામથી ખ્યાત
તેહનો આશ્રય રહો. ૧

ગુરુ નામથી જ્ઞાતા,
ઇહલોકે જે સ્વયં શાંકરી વિદ્યા,
તે આજ્ઞાનો જય હો—
દયાળુને તે અખંડ વંદન હો. ૨

સાર્દ્ધ કેનાથી, કોનું અર્દ્ધ
સામ્યમાં સમરૂપમાં—
જાણવું શક્ય નથી તેને
દ્વૈતની છલના ઊભી. ૩

નિજતત્ત્વ જે અદ્વૈતમય
તે ઉભયમાં છે સ્ફુટ સદા—
એવા જગદાદ્યાને વંદું
તત્ત્વોપલબ્ધિકાંક્ષી હું. ૪

મૂળને, અગ્રને, મધ્યને—
મૂળમધ્યાગ્રમૂર્તિને—
ક્ષીણાગ્રમૂળમધ્યને વંદું
પૂર્ણને શિવશંભુને. ૫

પ્રકરણ એક

શિવ-શક્તિ-સમાવેશન

એવા જે નિરૂપાધિક
જગજ્જનનીજનક—
વંદું છું, જગમૂલક
દેવદેવી. ૧

જે પ્રિયોત્તમ, પ્રાણેશ્વરી—
રૂપ લહે પ્રેમ ઊભરી,
ચારુતામાં નિજ રૂપમાં
યુગપત્ અહો ! ૨

વેગમાં પ્રેમના બન્ને
ગળે છે પરસ્પરને,
માણવા દ્વૈતસુખનો લા'વો
વ્યક્ત ફરીથી કરે. ૩

જે ન રહે એક પળ એક
અને ભિન્ન નથી પળ એક,
સાકાર તેમનું સ્વરૂપ
જાણી શકાતું નથી. ૪

કેવો સ્વસુખનો છંદ
મળીને અદ્વૈતે ઉભય—
દેતા નથી એકત્વ
ભાંગવા કયારે. ૫

વિરહભયથી આ પળ સુધી
જે પુત્ર વિશ્વરૂપ—
પ્રસવ્યા છતાં વણસ્યો નથી
પ્રેમ જેહનો. ૬

નિજ રૂપને સંસારની
નિખિલ ચરાચરની—
દેતા નથી ત્રીજાપણની
વારતા જ સ્પર્શવા. ૭

એક સત્તામાં જેમનો વાસ,
એક આલોકે જે આલોકિત,
અનાદિ કાળથી એકરૂપ
યુગ્મ જે જીવ્યું અહો ! ૮

થાય લજ્જિત ભેદુ
એકરસમાં નિમગ્નુ—
ભોગાર્થે હતું શોધવું
દ્વૈત જેને. ૯

જે દેવથી સંપૂર્ણ દેવી
જેના વિના કંઈ નથી ગોસાવી—
કિંબહુના પરસ્પર ઉપજીવી
ઉભય જે અહો. ૧૦

કેવી એકતાની મધુરીમા
નથી સમાતા બેઉ જગમાં—
આનંદે પરમાણુમાત્રમાં
વ્યાપ્ત બેઉ. ૧૧

અહો જે પરસ્પર વિરહિત
નથી કરતા તૃણ પણ નિર્માણ—
અહો જે જીવપ્રાણ
એકમેકના. ૧૨

ઘરમાં માત્ર બેઉ જણાં
સ્વામી જ્યારે લહે નિદ્રા—
દંપતીપણું અહીં જાગે
સ્વામિની પોતે. ૧૩

બેઉમાંથી કોઈ એક
જાગ્રત થઇ ત્યજે સેજ—
જાય છે ગળી ઊભો સંસાર
શેષ સ્વરૂપ રહે. ૧૪

ઉભયનો સ્વરૂપલય
પ્રકટ કરે પરબ્રહ્મ,
વ્યક્ત કરતાં ભેદ ઉભય
રૂપ અર્ધાર્ધ થાય. ૧૫

વિષય જે એકબીજાનાં,
વિષયી જે પરસ્પરનાં—
પરમ સુખી જે પરસ્પરથી
શિવ-શિવાની. ૧૬

પ્રકૃતિ-પુરુષ-નામભેદે
શિવપણું જ એક વિલસે,
સકળ જગત અર્ધાર્ધે
વ્યાપ્યું છે અહો. ૧૭

બે દાંડીએ એક શ્રુતિ,
બે પુષ્પે એક કૃતિ,
બે દીવીએ અહો દીપ્તિ
એક હોયે. ૧૮

બે અધરે એક ગોષ્ટિ,
બેઉ આંખે એક દૃષ્ટિ,
છે દંપતીએ તેમ સૃષ્ટિ
વ્યાપ્ત એક. ૧૯

છલકવા છતાં દ્વૈતરસ
આરોગે એક અદ્વૈતરસ—
અનાદિ કાળથી દામ્પત્ય
શિવ-શક્તિ જે. ૨૦

સ્વામી-સત્તા-વિરહિતા
રહેવું ન જાણે પતિવ્રતા—
શક્તિ-વિરહિત સર્વ કર્તા
શિવ થઈ ના શકે. ૨૧

જે છે ભર્તારનું હોવાપણું
ભર્તારમાં તેહનું વસવું—
નથી થતો ઉભયમાં નિવેડો
કોણ, કોણ છે. ૨૨

મધુરતા અને ગોળ,
કર્પૂર અને પરિમળ—
કરતાં નિવેડો પાંગળો
થાય નિર્ણય. ૨૩

સમગ્ર દીપ્તિ કરતાં ગ્રહણ
હોય દીપ સ્વયં ગ્રહણ—
જાણવા જતાં શક્તિરૂપ
શિવ જ સાંપડે. ૨૪

જેમ રવિમાં વિલસે પ્રભા,
પ્રભામાં નારાયણ ઊભા—
ભેદ ગળીને તેમ શોભા
બ્રહ્મની અહો. ૨૫

બિંબ જેમ પ્રતિબિંબ-દ્યોતક,
પ્રતિબિંબ બિંબનું અનુમાપક—
દ્વૈતવેશે તેમ વિલસિત
બ્રહ્મસત્તા. ૨૬

નિખિલ શૂન્યોનો નિષ્કર્ષ
બનાવ્યો પ્રકૃતિએ પુરુષ—
પુરુષનો જે સત્તા વિશેષ
શક્તિ પોતે. ૨૭

જે પ્રાણેશ્વરી વિના
શિવપણું શિવમાં—
રહી ન શકે, તે સ્વયં
સર્જી છે શિવે. ૨૮

શક્તિ અર્પે ઐશ્વર્ય શિવને
વિસ્તરી નિજ કાયને—
સ્વયં સ્ફુરિત સંસારલીલા
ઉભયની અહો. ૨૯

પુરુષની જોઈ અરૂપતા
લજ્જિત પ્રકૃતિ સ્વતઃ—
વિશ્વાત્મક ઘડે છે ઘરેણાં
નામરૂપનાં. ૩૦

જ્યાં ઐક્યનો પણ દુકાળ
બહુપણાની ત્યાં પંપાળ—
કરે વ્યક્ત સૌભાગ્યશીલ
પ્રકૃતિ અહો. ૩૧

પ્રકૃતિનું આત્મવિલોપન
પુરુષનું છે ઐશ્વર્ય-પ્રકટન—
પુરુષનું આત્મસંવરણ
અહો પ્રકૃતિ-જીવન. ૩૨

દર્શનનો જેહના લોભ
સર્જે દ્રષ્ટૃત્વનો ક્ષોભ—
ન થતાં દર્શન, તત્ક્ષણ
નીપજે દ્રષ્ટૃત્વ-મરણ. ૩૩

નિજ કાન્તા સંતોષાર્થે
પુરુષ લહે જગદાર્થ—
લોપતાં કાન્તા, અનાવૃત
નિજ શૂન્યત્વે. ૩૪

સૂક્ષ્મરૂપે સ્વરૂપસ્થ
સર્વ વ્યાપકત્વે પ્રલયસ્થ—
પ્રકૃતિ-આશ્લેષમાં પ્રકટ
વિશ્વરૂપ જે. ૩૫

પ્રકૃતિ જગાડે શિવત્વ
પીરસે વિવિધ વેદ્યકત્વ—
પ્રકૃતિ સહિત આરોગી વિશ્વ
સંતૃપ્ત પુરુષ. ૩૬

પુરુષ નિદ્રાધીન જ્યારે
પ્રકૃતિ પ્રસવે સચરાચરે—
પ્રકૃતિ લોપતાં વિનષ્ટ
પુરુષનું પુરુષત્વ જ. ૩૭

સ્વરૂપ નિરોધે કાન્ત જ્યારે
પ્રકૃતિ સહજે અલોપ થાયે—
પરસ્પર દર્પણ સમાં શોભે
શિવ-ભવાની. ૩૮

શક્તિના અંગ સંગે
શિવ સ્વાનંદ લહે—
વિફળ સર્વ ભોક્તૃત્વ શિવનું
શક્તિ વિના. ૩૯

જેહ પ્રિયાથી 'સર્વાંગ'
પ્રિય જ જેનું નિજાંગ—
અંતર-બાહ્ય પરસ્પરમાં
શિવ-શિવા અહો. ૪૦

સમીરસહિતા જેમ ગતિ,
હેમસહિતા જેમ કાન્તિ—
શિવસહિતા તેમ શક્તિ
નિખિલ વિશ્વમાં. ૪૧

કસ્તૂરીસહિત જેમ પરિમલ,
ઉષ્માસહિત જેમ અનલ,
શક્તિ-આશ્લેષમાં તેમ શિવ
વિલસે અહો. ૪૨

યામિની અને દિવસ
આદિત્યમાં ચિર નિઃશેષ—
શિવ-શક્તિનું પૃથક્ત્વ
તેમ મિથ્યા. ૪૩

કિંબહુના તે બન્ને
વિરૂઢતા પ્રણવાક્ષરે—
પ્રણવ જીવનને હણે
શિવશક્તિ યુગલ. ૪૪

નામરૂપ-ભેદ પકવાન્ન
આરોગી પ્રકાશે એકાર્થ,
નમું છું તે શિવશક્તિને
જ્ઞાનદેવો કહે. ૪૫

જે ઉભયના આશ્લેષમાં
ઉભયનું છે વિલોપન—
લોપ થઈ અજ્ઞાન-રજની
પરોઢ આત્મદષ્ટિનું. ૪૬

જેહના રૂપ-નિર્ધારમાં
વૈખરી લહે ગતિ પરા,
સિંધુસહિત પ્રલયજળમાં
જેમ ગંગા. ૪૭

થતાં ગતિશીલ પવન
વ્યોમમાં થાય લીન—
પ્રલય પ્રકાશે તેમ વિલીન
ભાનુ પ્રભાસહિત. ૪૮

નિહાળતાં શિવ-શક્તિને
નષ્ટ દૃષ્ટિ-દ્રષ્ટુત્વ બન્ને—
એવાં અંતર-બાહ્ય વ્યાપ્તને
વંદું છું અહો. ૪૯

જેહનું સ્વરૂપચિંતન
હરે છે વેદ્યવેદકપણ—
ન થતાં અહો વેદ્યનું પાન
નષ્ટ વેદક. ૫૦

ત્યાં હું કરવા વંદન
રાખું જો દ્વૈતપણ—
લાવું ક્યાંથી લિંગભેદ
જાણું ના અહો. ૫૧

છતાં હેમથી ન થતાં આન
ઘરેણું કરે હેમને વંદન—
તેવું જ મારું નમન
તેમને રહો. ૫૨

વાણી ઉચ્ચરે શબ્દ વાચા
ભેદ ભાસે વાચ્ય-વાચકા—
તેથી શું અભડામણ
વાણીને થશે. ૫૩

સિંધુ-ગંગા-મિલન
સ્ત્રી-પુરુષ સંજ્ઞા શોભન—
થાય છે શું નિર્માણ
દ્વૈત નીરમાં. ૫૪

(અરે) જુઓને ભાસ્ય-ભાસકતા
નિજ રૂપમાં પ્રકટવા છતાં—
એકતા નિજની સવિતા
ભાંગવા ન દે. ૫૫

બિંબ ઉપર ચંદ્રના
ચાંદની નથી વિભિન્ના—
અરે દીપ્તિ ગ્રહણ કરતાં
દીપ હાથ આવે. ૫૬

આગવું મોતીનું તેજ
મોતી ઉપર ઝળકે સહેજ—
આગવું નિર્મળ ઓજ
મોતી પામે. ૫૭

માત્રાઓની ત્રિપુટી થતાં
શું પ્રણવ પામે વિચ્છિન્નતા—
શું ણ-કારની ત્રણે માત્રા
ભેદ ઉપસાવે. ૫૮

એકતા જરાયે ના ઢળે
લાવણ્યનો લહાવો મળે—
કેમ સ્વતરંગ-મુકુલ-સુગંધ
જળ ન માણે. ૫૯

તસ્માત્ ભૂતેષુ-ભવાનિ
વંદું, ન કરી આનાનિ-
તીરોધાન પામ્યો છું વંદને
પોતે જ હું. ૬૦

જોને દર્પણના ત્યાગમાં
પ્રતિબિંબ ભળે બિંબમાં—
તરંગ ગળે જળમાં
પવન શમતાં. ૬૧

જેમ નિદ્રા થતાં શાંત
પામે સ્વધામ નિરાંત—
બુદ્ધિત્યાગે દેવીદેવ
તેમ વંદ્યાં છે. ૬૨

ત્યાગી લવણપણાનો લોભ
લવણે લીધો સિંધુત્વનો લાભ—
અર્પીને સઘળું હુંપણું
થયો છું શંભુ-શાંભવી. ૬૩

જાણી શિવ-શક્તિ સમાવેશન
કર્યું છે એવું નમન—
જેવું રંભા-ગર્ભ-વિલેપન
મહદ્ આકાશમાં. ૬૪

इतिश्री शिवशक्ति समावेशन नामक प्रथम प्रकरण संपूर्णम् ॥ १ ॥

પ્રકરણ બે

ગુરુસ્તવન

હવે જે ઉપાય વનવસન્તુ
બ્રહ્મવિદ્યાનો મંગલ તન્તુ--
અમૂર્ત હોવા છતાં મૂર્ત
કારુણ્ય કાય. ૧

અવિદ્યારૂપ વનમાં
અટવાયા જન્મ-મરણમાં--
વહારે ચૈતન્યના તે
ધાયે કારુણ્ય કાય. ૨

ભાંગી માયા કુંજર
મુક્તિ મુક્તા આહાર—
પીરસિતા નિવૃત્તિનાથ
વંદું છું અહો. ૩

અર્ધોન્મીલિત જેમની દૃષ્ટિ
બંધને બક્ષે છે ચિરમુક્તિ—
જેમનાથી નિજની ભેટી
જ્ઞાતાને ઘડે છે. ૪

કૈવલ્ય કનકનું દાન
કરતાં ન રાખે ભેદભાન--
દ્રષ્ટાનું દ્રષ્ટુત્વ-દર્શન
પળમાં હરે જે. ૫

નિજ સામર્થ્ય-ગૌરવે
ગુરુતા શિવની પડકારે—
આત્મસુખ આત્મા પામે
શ્રીગુરુદર્પણે. ૬

સકલા બોધચન્દ્રકલા
વીણીને બાંધે છે માળા--
કૃપા-પૂર્ણિમા જે હતી
સહજમાં અહો. ૭

થતાં જેમનું મિલન
ઉપાય સકળ શમન—
પ્રવૃત્તિ-ગંગા વિસર્જન
ગુરુસિંધુમાં. ૮

જ્યાં સુધી ન ગુરુ-મિલન
દ્રષ્ટાને દૃશ્ય-આકર્ષણ—
મિલન થતાં શાંત
દૃશ્ય સકળ. ૯

શ્યામલી અવિદ્યા શ્યામા
સ્વબોધની પામે સુવર્ણાભા—
પ્રસાદાર્કની થતાં શીતળા
ઉગમણી અહો. ૧૦

પામતાં જેમનું કૃપાજળ
જીવ લહે સર્વાંગ પખાળ—
ન રહે લેશ અભડામણ
શિવપણાની. ૧૧

રાખતાં શિષ્યની શિષ્યતા
પાંગરી ગુરુમાં ગુરુતા—
ત્યજવા છતાં તે, મૂળ ગરિમા
જાય ના અહો. ૧૨

એકપણામાં ન હતો સંતોષ
ગુરુશિષ્યનું તેથી મિષ—
કરે બેઉમાં નિજ સહવાસ
શ્રીગુરુ અહો. ૧૩

જેહનાં ઊછળતાં કૃપા-તુષાર
નવલો અવિદ્યાનો સંહાર—
પરિવર્તે જે અપાર
બોધામૃતમાં. ૧૪

વેદ્યને આપતાં આલિંગન
વેદ્ય ભક્ષે વેદકને જાણ—
તોય ન સ્પર્શે એઠામણ
દૃષ્ટિને અહો. ૧૫

પામતાં જેમની સહાય
જીવ લહે બ્રહ્મ-સ્વભાવ—
હોવા છતાં બ્રહ્મ, થાય તૃણવત્
ગુરુ જો ઉદાસ. ૧૬

કરતાં ગુરુ-ઉપાસના
સફળ સકળ સાધના—
અર્પિત જેમનાં પ્રાણ-કાયા
ગુરુ-આદેશમાં. ૧૭

જેહનો કૃપાદૃષ્ટિવસન્ત
નિગમ વનમાં ન પ્રવેશત—
તો નિજ ફળ નિજના હાથ
ગ્રહી ના શકે. ૧૮

થતાં ગુરુદૃષ્ટિ-સ્પર્શ
સ્થૂળ-સૂક્ષ્મ-કારણ અશેષ—
નિજ યશનું છતાં ભાન
લેશ ન તેમને. ૧૯

સમર્પે શિષ્યની લઘુતા,
ગુરુને ગુરુપદની ગુરુતા—
વિનાશી તે ગુરુતા-લઘુતા
સૌભાગ્યશેષ જે. ૨૦

જે નથી તે જળમાં બૂડવું
ગુરુના ગુરુભારે તરવું—
તરીને નિઃશેષ થઈ જવું
સર્વથા અહો. ૨૧

સાવયવ સૂક્ષ્મ આકાશ
તેવું નથી ગુરુ આકાશ—
સદેહે સઘન આકાશ
શ્રીગુરુ અહો. ૨૨

ચન્દ્રાદિ થયા શીતળ
જેહનો થતાં હેળમેળ—
તે રવિનો ઉદય-અસ્ત
ગુરુથી અહો. ૨૩

જીવપણાથી સંત્રસ્ત
નિજ પદ કાજે બહુ આર્ત્ત—
તે શિવ પૂછે મુહૂર્ત
ગુરુને અહો. ૨૪

લહી નિજ જ્યોત્સ્ના પ્રાવરણ
પ્રકટાવે પ્રખર દ્વૈતભાન—
મૂળમાં તોયે અનાવૃતપણ
લોપે ન ચન્દ્રનું. ૨૫

વ્યક્ત હોવા છતાં ન ભાસે
પ્રકાશકાય, પણ ન પ્રકાશે—
ઓતપ્રોત છતાં ન દીસે
ક્યાંયે અહો. ૨૬

હવે આ-તે શબ્દો વડે
અનુમાનવું શક્ય ના એ—
કોઈ પણ પ્રમાણને જે
પ્રતિસાદ ના દે. ૨૭

આથમે શબ્દ નિઃશેષ
સંવાદ-યોગ ત્યાં શેષ—
એકતા દ્વૈત સાપેક્ષ
ગુરુથી ન સહેવાયે. ૨૮

પ્રમાણ-પ્રકાર પરિણમન
પ્રમેયનું છે આવિષ્કરણ—
ન હોવાપણાનો નિષ્કર્ષ
શ્રીગુરુ અહો. ૨૯

અલ્પ બહુ ઘડીએ કોક
વ્યક્ત થાય ગુરુરૂપ—
દ્રષ્ટા-દૃશ્યભાવ છતાંયે
સ્પર્શતા નથી. ૩૦

ત્યાં અરે નમન-સ્તવન
સંભવે કેમ લવપણ—
નથી દેતાં અડવા નામ
નિજને જ જ્યાં. ૩૧

આત્માને ન આત્મપ્રવૃત્તિ
કહેવાય કેમ નિવૃત્તિ—
કેમ નિજ નામની ગ્રંથિ
ત્યજતા નથી. ૩૨

નથી નિવર્ત્ય દેખાતું
નિવર્તવે શું સદ્ગુરુ—
શીદ નામ સ્વીકાર્યું
નિવૃત્તિનાથ. ૩૩

સૂર્યને અહો અંધાર
થયો ક્યારે ગોચર—
તમારી નામાભિધાન
તોયે રવિ સહે છે. ૩૪

મિથ્યા ભાસિત જેના વડે
જડ પ્રકાશિત જેના બળે—
ઘટે છે અઘટિત માયા વડે
જેહની અહો. ૩૫

સ્વલીલયા દર્શાવો છો
તે મિથ્યાત્વ ત્યજાવો છો—
માયાતીત નિજ રૂપ છતાં
રાખો છો અવિષય. ૩૬

શિવ-શિવા હે સદ્ગુરુ
તમ નિગૂઢને શું કરું—
નિજ રૂપ વિશે નિર્ધારું
ટકવા ન દો છો. ૩૭

અપાર નામ-રૂપ-સંસાર
નિપજાવી કરો સંહાર—
નિજ સત્તા-આવેગ-શમન
શું ન ભાવે. ૩૮

કર્યા વિના જીવહરણ
દેતાં ન શોભવું શિષ્યપણ—
શિષ્યાર્પિત સ્વામીપણ
શું ગમે ના. ૩૯

વિશેષતાનો આરોપ
સેવતાં આત્મપણાનો લેપ—
હોવાપણું તેથી લવલેશ
શું સ્પર્શતા નથી. ૪૦

નિશા લોપે સવિતા-સ્પર્શે,
લવણ લોપે જળ-આશ્લેષે,
પ્રગાઢ નિદ્રા જેમ શમે છે
જાગૃતિ-સ્પર્શે. ૪૧

કર્પૂરના અલંકાર
સહેતા નથી અગ્નિસંસ્કાર—
શિષ્યનાં તેમ નામરૂપો
ગળે ગુરુદર્શને. ૪૨

નમસ્કારિતા પડતાં પાયે
ના સ્વીકારે વંદ્યભાવે—
વિનવવા છતાં કાકલૂદીયે
ચિર અલક્ષ તે. ૪૩

નિજની જાતનો આદિત્ય
ન કરે ઉદયો ને અસ્ત—
વંદ્યરૂપ ગુરુને તેમ
કેવું અરે વંદન. ૪૪

અભિમુખતા નિજની નિજને
સંભવે ન કોઈ ઉપાયે—
વંદતા અરે ગુરુપદને
સ્પર્શતી નથી. ૪૫

આકાશના અહો દર્પણમાં
નથી પ્રતિબિંબ ત્રણે કાળમાં—
નમન ચિરવંદ્ય ગુરુમાં
કેમ સંભવે. ૪૬

હોતાં નથી વંદ્ય, ભલે ના હો
એમ કહું હું, કેમ કહો
કરે વંદન, તેને અહો
અર્પે વિનાશ. ૪૭

છોડતાં ધોતિયું એક છેડે
બધા ઊકલે આપમેળે—
અંદર-બહારના ભેદ
રહેતા નથી. ૪૮

સુખનું અથવા બિંબપણ
જોડે લઈ નાસે પ્રતિબિંબ—
વંદકને લઈ નાસે વંદ્યપણ
તેમ ગુરુનું. ૪૯

રૂપને જ ના અવકાશ
ત્યાં દૃષ્ટિનું કેવું જતન—
દ્રષ્ટૃત્વ-મુક્ત લાધી દશા
ગુરુપ્રણમને. ૫૦

ગુણ-તૈલયોગે નિર્માણ
દીપકલિકા જે જાણ—
આવે શું તોલે પળ પણ
કર્પૂર-જ્યોતિના. ૫૧

કર્પૂર-અગ્નિ ઉભય જ્યારે
હળે-મળે-ભળે ત્યારે
આયખાં ઉભયનાં હરે
મિલન તેમનું. ૫૨

થતાંવેંત દર્શન ગુરુનું
ઓગળ્યું વંદ્ય-વંદકપણું—
શમણાં કાન્ત-કાન્તાનાં જેમ
જાગૃતિ હરે. ૫૩

કિંબહુના સર્વ ભાષા
રાખે છે દ્વૈત-દોષા,
વિસર્જી તેને, નિજ સખા
શ્રીગુરુ વંદું છું. ૫૪

સખ્યનું નવલ અપાર
એકતાનો ન સહે ભાર—
છતાંયે દ્વૈત-રમત
રમાડે શ્રીગુરુ. ૫૫

છે જે એકતા-મુક્ત
રચે છે દ્વૈત-રમત—
શ્રીગુરુ છે અતિ વિલક્ષણ
અસ્તિ ના નાસ્તિ. ૫૬

સ્વરૂપમાં જગત સમાવે
જેમનું પ્રાવરણ ગગન લહે—
સદેહે તે અહો વિલસે
મહાશૂન્ય. ૫૭

પૂર્ણાપૂર્ણનો આધાર
જેમ સાગર દુર્ભર—
પરસ્પર વિરોધીને આતિથ્ય
ગુરુરૂપમાં. ૫૮

છે શું તેજ-તમમાં
મેળ અહો પરસ્પરમાં—
રવિના ગ્રહમાં રવિરૂપે
ઉભય વિરાજે. ૫૯

એક કહેતાં ઊપજે ભેદ,
શું સહેશે નાનાત્વ છેદ,
નિજ સામે, નિજ વિરુદ્ધ
શું થાશે કહો. ૬૦

તેથી શિષ્ય અને ગુરુનાથ
બેઉ શબ્દોનો અર્થ—
રમે છે સદેહે શ્રીગુરુ
ઉભય રૂપમાં. ૬૧

હેમ અને અલંકાર
હેમમાં વસે સાકાર—
સુધા અને સુધાકર
રજનીનાથમાં. ૬૨

કર્પૂર અને પરિમલ
બેઉમાં પ્રવર્તે કર્પૂર—
મધુરતા અને ગોળ
એક ગોળમાં. ૬૩

પ્રકટાવી ગુરુ-શિષ્ય-ભેદ
પ્રવર્તે શ્રીગુરુ અભેદ—
દ્વૈતનો દિવ્ય વિલાસ
નિજ રૂપમાં. ૬૪

અરીસામાંનું પ્રતિબિંબ
હું છું ઓળખે છે બિંબ—
નિજ દર્શને નિજ ઓળખ
થાય સુખને. ૬૫

નિર્જન વનમાં સૂતેલાં
છે નિર્વિવાદ એકલાં—
ચેતા-ચેતવતાં થયાં
બેઉ એક. ૬૬

જે ચેતે તે ચેતવતા
બૂઝે તે બુઝવતા—
ગુરુ-શિષ્ય શોભાવતા
એક શ્રીગુરુ. ૬૭

દર્પણ વિનાનું નિજ મિલન
અનુભવે જે નિરુપમ—
તે ભોક્તાને કથું, અપૂર્વ
શ્રીગુરુલીલા. ૬૮

ન દે દ્વૈતને નીપજવા,
ન દે ઐક્યને વણસવા,
ગુરુ-શિષ્ય-સંબંધ અવનવાં
લાલન કરે. ૬૯

નિવૃત્તિ જેહનું નામ,
નિવૃત્તિ જેમનું લલામ,
નિવૃત્તિ જેમનું સુભાગ્ય
નિવૃત્તિનાથ એવા. ૭૦

જણાયે પ્રવૃત્તિ વિરોધથી
અથવા નિવૃત્તિ પ્રબોધથી—
નીપજે સાપેક્ષતાથી
તેવું નિવૃત્તિપણું નથી. ૭૧

નિશાને અપાવી વિનાશ
અભ્યુદયે આણે દિવસ—
પ્રવૃત્તિ વારી, નિવૃત્તિ અર્પે
તેવા ગુરુ નથી. ૭૨

પહેલ પાડે કોઈ જ્યારે
તોર મલ્લી ઝબૂકે ત્યારે—
રત્ન તેવું નથી, અનાવિલ
ચક્રવર્તી છે. ૭૩

ઉદરમાં ગળી જઈ ગગન
ઓતપ્રોત ચન્દ્ર સઘન—
ત્યાં ગળે સુધા સઘળી
સુધાકર અહો. ૭૪

નિવૃત્તિપણનું તેમ કારણ
નિવૃત્તિ પોતે આપણ—
માણવા નિજ દ્યુતિ પુષ્પ
ઘ્રાણ થયું અહો. ૭૫

દીઠી નિજ રૂપની શોભા
લહી આલિંગી નિજાંગા—
ત્યાં પ્રયોજન શું દર્પણા
રહેશે અહો. ૭૬

આથમતાં અથવા યામિની
દિવસની થતાં ઉગમણી—
શું સૂર્યને આણવી પડે
સૂર્યતા અહો. ૭૭

બોધાર્થ બોધ થાય,
થાય પ્રમાણાર્થ પ્રમેય—
એવા નથી, છે સ્વયંભૂ
શ્રીગુરુ અહો. ૭૮

કર્તૃત્વ લેશ રહિત
સ્વયંભૂ જે નિવૃત્તિનાથ--
તેમના શ્રીચરણ
વંદું છું અહો. ૭૯

ભણે હવે જ્ઞાનદેવો
કરીને ગુરુપ્રણામ એઓ —
છે વાળ્યાં વાચાઋણો
વાક્ચતુષ્કનાં. ૮૦

इतिश्री गुरुस्तवन नाम द्वितीय प्रकरण संपूर्णम् ॥ २ ॥

પ્રકરણ ત્રણ

વાચાઋણ-પરિહાર

જેહના વિશદ શબ્દે
ઊંઘ આત્માની ઊડે,
છતાં રહે ઋણ-શેષ
અજ્ઞાનતમ શેષ જે. ૧

વાણી ચાર પરાદિ
આણે મુક્તિ જીવની,
અને અવિદ્યા-વિલયે
વિલય પામે. ૨

શરીર-મરણે હાથપાય,
મન-વિલયે ઇન્દ્રિય સકળ,
અથવા રવિ આથમણે
રશ્મિજાળ. ૩

નિદ્રાના શાંત થવામાં
સ્વપ્ન-લય થયેલો હોય,
અવિદ્યા વિસર્જને તેમ
વાણી ચારનો લય. ૪

લોખંડ જ્યાં મરે છે
લોહ ભસ્મ થઈ ઊઠે છે,
કાષ્ઠ ઇંધન થઈ બળે જ્યાં
ત્યાં વહ્નિ પ્રગટ રે. ૫

લવણ જળમાં ગળે છે
સ્વાદરૂપે જીવે છે,
મરણ પામી તેમ નિદ્રા
રૂપ જાગૃતિનું ધરે છે. ૬

અવિદ્યાનો થતાં અસ્ત
પરાદિ ચારનો અંત,
છતાં તત્ત્વજ્ઞાનરૂપે
થાય નવસર્જન. ૭

કરી વાણી વિસર્જન
પ્રજ્વળે તત્ત્વજ્ઞાન,
શુદ્ધ બોધ કહે એને
શ્રમ નિરર્થક. ૮

આગમને દાવે શમણાં
નિર્ગમને નિજ દર્શના,
દશા ઉભયની એક જનેતા
જેમ નિદ્રા. ૯

જીવે છે અવિદ્યા જ્યારે
અન્યથા બોધ પ્રગટાવે,
મરણ પામતાં ઊઠે તત્ક્ષણે
યથાર્થ બોધરૂપે. ૧૦

જીવતી કાં મરેલી
છે અવિદ્યા બંધન મૂળી,
જીવને જકડે જુઓ
બંધમાં કાં મોક્ષમાં. ૧૧

હોય મોક્ષ જો બંધ
શીદને મોક્ષ શબ્દ,
અજ્ઞાન ગ્રહે પંપાળ
વ્યર્થ મોક્ષની. ૧૨

મૃત્યુ પામે ચાહિયો
સંતોષે ભૂલકાંઓ,
જાણે મિથ્યા તેને
મૃત્યુ કોનું. ૧૩

ઘટનું ન હોવાપણું
ભાંગ્યું, થયું નુકસાન—
એવું માને, તે જ માનો
બંધમુક્તિ સત્ય. ૧૪

એટલે બંધ જ્યાં મિથ્યા
ત્યાં મોક્ષની કેવી સત્યતા,
ભ્રમ થયો અવિદ્યા-મરણે
મોક્ષનો ઊભો. ૧૫

અને જ્ઞાન છે બંધન
એવું શિવ-સૂત્રમાં આપણ—
વિશદ ભાખે છે, જુઓ
શ્રીસદાશિવ. ૧૬

વૈકુંઠનો તે સુજાણ
જ્ઞાન-પાશ છે સત્ત્વગુણ,
કહે વારંવારે એવું
જાણ વિસ્તૃત. ૧૭

શિવના કે શ્રીવલ્લભના
પ્રમાણલોભથી કથના—
નથી માન્યું; નિજ પ્રત્યયો
છે સ્વયંભૂ. ૧૮

જો વિશુદ્ધ આત્મજ્ઞાન
અપેક્ષે પુષ્ટ્યર્થ વૃત્તિજ્ઞાન,
તો પરાપેક્ષી ઉદય કાજે
સૂર્ય શું થશે. ૧૯

વૃત્તિજ્ઞાને શ્લાઘ્યજ્ઞાન
તો નિરર્થક મૂળ જ્ઞાન,
દીપને પરદીપકે સ્વજ્ઞાન
સ્વપ્રકાશ વિસ્મરણે અહો. ૨૦

હોયે આપણ આપણી પાસે
જાણે ન ખોળે દેશવિદેશે,
તો શું નિજને પામશે
કહો, અંતમાં. ૨૧

સમય જાતાં સ્વરૂપ સાંભરે
નિજને નિજ ભાન થાયે,
તો શું કરશે હર્ષોત્સવ
નિજ પ્રાપ્તિનો. ૨૨

તેમ આત્મા જ્ઞાનરૂપ
દીપવશે જ્ઞાને નિજ રૂપ,
પામશે તો ભ્રમરૂપ
સોઽહમ્ બંધ તે. ૨૩

થતાં મૂળ જ્ઞાન વિસ્મરણ,
વા વૃત્તિજ્ઞાનનું વિશદ્ધિકરણ,
વૃત્તિજ્ઞાનનું વિલોપન
મોક્ષ નિપજાવે. ૨૪

એટલે પરાદિ ચાર—
ચાર દેહોનો શૃંગાર,
વિલોપે અવિદ્યા-નાશે
જીવત્વ સહિત. ૨૫

ચાર દેહ નિજથી ઉદાસ
કરે છે જ્ઞાનાગ્નિ-પ્રવેશ,
શેષ ત્યાં ભસ્મ લેશ
નિજ બોધની. ૨૬

જળથી અળગા જળમાં
કર્પૂર ન રહે સ્થૂળમાં,
તોયે પરિમલ રૂપમાં
શેષ જેમ. ૨૭

ચર્ચિંતા દેહમાં ભસ્મ
ખરે પરમાણુ સહેજ સકળ,
કાન્તિ રહે પાંડુર તોયે
શેષ જેમ. ૨૮

ઓસરતાં જેમ જળૌઘ
જળ જળપણે અવ્યક્ત,
તોયે આર્દ્રતારૂપ
શેષ જેમ. ૨૯

અથવા મધ્યાહ્ન થતાં
દેહમાં સમાયે છાયા,
તોયે ચરણતળમાં
શેષ જેમ. ૩૦

આસીને તેમ રે દ્વૈત
નિજ રૂપમાં શુદ્ધ સ્વરૂપ,
નિર્જમયતા જે અવશિષ્ટ
આત્મબોધ તે. ૩૧

વાક્ચતુષ્ક ઋણ શેષ
મરણે ના ઋણમુક્ત,
ચરણવંદને ચિરમુક્ત
કર્યું છે અહો. ૩૨

તસ્માત્ પરા-પશ્યંતી
મધ્યમાને ભારતી,
અજ્ઞાનીને છે નિવાર્ય
જ્ઞાની કાજે પણ. ૩૩

इति श्रीवाचाऋणपरिहार नाम तृतीय प्रकरण संपूर्णम् ॥ ३ ॥

પ્રકરણ ચાર

જ્ઞાનાજ્ઞાન-ભેદકથન

હવે અજ્ઞાન-વિનાશે
સંચરે જ્ઞાન અભેદે,
નિદ્રા-વિનાશે જાગૃતિ
વિહરે જેમ. ૧

પડતાં દર્પણે પ્રતિબિંબ,
બિંબ સાથે ઐક્ય-બોધ,
પોતે ઉપભોગે સુખ
નિજ રૂપમાં. ૨

જેમ તેમ કરશે જ્ઞાન
આત્માનું જગથી ઐક્ય,
તો છરીથી ખોસવું થશે
છરીને અહો. ૩

જાળું કરોળિયો બાંધે
સંકટ નિજાર્થે નોતરે,
ગાંસડીમાં સંતાઈ ચોર
જેમ વિનાશ. ૪

કર્પૂરના દહન મિષે
અગ્નિ નિજને દહે,
તેમ અજ્ઞાન-વિનાશે
જ્ઞાન લોપે. ૫

જ્યાં ન અજ્ઞાન આધાર
ત્યાં વીખરતું રહે જ્ઞાન,
વેરતાં વીખરતાં નિજ નાશ
સહજ સાધે. ૬

વાટના વિસર્જન ટાણે
જ્યોતિ અરે ઝબૂકે,
એંધાણ વિનાશનું તે
દીપ-જ્યોતિના. ૭

કુચભારનું અરે ઊઠવું
છે પડવું કે ઊઠવું,
જૂઈ-જાઈનું ખીલવું
છે ખીલવું કે સૂકવું. ૮

તરંગનું સરૂપ થવું
પોતે છે અરે લોપવું,
વિદ્યુલતાનું ઝબૂકવું
વીજળી-નાશ. ૯

વિનાશી તેમ અજ્ઞાન
અહો પ્રગલ્ભે જ્ઞાન,
સાધવા નિજ નિધન
નિઃશેષ તે. ૧૦

કલ્પાન્તનું જળ પ્રબળ
વ્યાપે સ્થળ-જળ સકળ,
ઓતપ્રોત થઈ, રૂપ
નિજનું વિનાશે. ૧૧

અથવા વ્યાપીને વિશ્વ
સૂર્ય રહે જ્યાં શેષ,
થાય તેજ-તમ ઉભય
સૂર્ય પોતે. ૧૨

નિદ્રાનું અથવા અવસાન
હરે જાગૃતિ સાપેક્ષ જાણ,
ત્યારે જાગૃતિ સ્વયંભૂ
શેષ જેમ. ૧૩

શોષીને તેમ અજ્ઞાન
પામે ઉત્કર્ષ જ્ઞાન,
લોપતાં જ્ઞાન-અજ્ઞાન
શેષ સ્વરૂપ જ્ઞાન. ૧૪

ચન્દ્ર નથી પૂનમથી પૂર્ણ,
નથી અમાસથી કલાહીન,
સત્તરમી જેમ વિરાજે
ચન્દ્રની ચન્દ્રમા. ૧૫

આવરે ન રવિને અન્ય તેજ,
ઢાંકે ન તેને તમ સઘન,
સૂર્યની જ ઉપમા છાજે
સૂર્યને અહો. ૧૬

જ્ઞાનથી તેમ ઝળહળે,
અજ્ઞાનથી ઝાંખું પડે,
એવું નથી કેવળ જ્ઞાન
જ્ઞાનરૂપ તે. ૧૭

શું કૈવલ્યજ્ઞાન રૂપ
જાણશે નિજને, અહો,
કીકી આંખની શું દેખે
નિજને અહો. ૧૮

શું આકાશ પ્રવેશે નિજ ગર્ભે,
શું દાઝે અગ્નિ નિજાંગે,
શું ઓળંગે નિજનું માથું
કોઈ પોતે. ૧૯

શું દૃષ્ટિ નિજને દેખે,
શું સ્વાદ નિજને ચાખે,
શું નાદ નિજનું સાંભળે
નાદપણું. ૨૦

શું નિજને સૂર્ય ઉજાળે,
શું નિજને ફળ સફળ કરે,
શું પરિમલ નિજ સૌરભ
માણશે રે. ૨૧

પોતાને તેમ આપણુ
જાણે ન, શુદ્ધ જ્ઞાન,
જાણવા વિનાનું શુદ્ધ
સ્વરૂપ-જ્ઞાન રે. ૨૨

ક્રિયા જાણવાની સહેશે
તો કેમ જ્ઞાનરૂપ કહેવાશે;
અણસાર આપશે જ્ઞાન
અજ્ઞાનનો. ૨૩

જે પ્રવર્તે તેજરૂપે
અંધારું ત્યાં ન સ્પર્શે,
સંજ્ઞા તેજને તેજની
શું લાભ આપે. ૨૪

તેમ આસ્તિ ના નાસ્તિ
જેના સ્વરૂપે બેઉ નથી,
લહે ન શું મિથ્યાત્વ
કથિતાં એમ. ૨૫

અરે જે નથી સર્વથા
શૂન્યતા જેની દશા—
ચીંધનારો નાસ્તિરૂપે
કોણ ત્યાં. ૨૬

શૂન્યનો સિદ્ધાંતબોધ
કોની સત્તાથી સિદ્ધ,
નાસ્તિનો અપવાદ
મૃષા બ્રહ્મને. ૨૭

ઓલવી જતાં જો દીપક
ઓલવશે ઓલવનારું—
અનુભવે જ્યોતિનું નાસ્તિપણું
કોણ ત્યાં. ૨૮

અથવા નિદ્રાના આગમને
નિદ્રિત જાય નિર્વાણે,
ત્યાં નિદ્રાનું પ્રગાઢપણું
અનુભવશે કોણ. ૨૯

ઘટપણે ઘટ આભાસે
તદ્ ભંગે ભંગ ભાસે,
ઘટ ન હોય જો સમૂળે
નાસ્તિ કહેવાય કે. ૩૦

હોવાપણું – ન હોવાપણું
આત્મા ન દેખે નિજનું,
અસ્તિ – નાસ્તિ વિના સત્તા
ચિરંજીવી તે. ૩૧

ન નિજને કાં દૂજાને
પ્રકટે તે વિષયરૂપે,
શું તેથી ઊપજે પ્રયોજન
શૂન્યતાવાદનું. ૩૨

નિર્જન વને જે સૂતેલાં
કોઈએ નથી જોયેલાં—
પામે નિજ વિસ્મરણ
પોતે અહો. ૩૩

નથી થયો છતાં તે મૃત
તેમ શુદ્ધ સત્તા અમૃત—
ન સહે શબ્દ કલંક
છે – નથીપણાનો. ૩૪

થતાં દૃષ્ટિ નિજલક્ષી
દૃષ્ટુના નિજની વિનાશે—
દૃષ્ટિપણે કિંતુ પ્રવર્તે
જ્ઞાનરૂપ તે. ૩૫

સઘન તમમાં ગહન કાળો
અદૃષ્ટ નિજ-પરને અહો,
નિજની સત્તા છતાં જાણે
નિશ્ચયે અહો. ૩૬

હોવાપણું – ન હોવાપણું
સત્તામાં ન માનવાપણું—
છે-નથી-થી પર છે
સ્વરૂપ-સત્તા. ૩૭

નિર્મળ કાય આકાશે
સંકોચ વસ્તુ સાપેક્ષે—
દ્રષ્ટાને ભાસવા છતાં
ગગન ચિર વિશુદ્ધ. ૩૮

સજળા કે જળવિરહિતા
સુરમ્યા પુષ્કરિણી થતાં—
શુષ્ક ભાસવા છતાં
આર્દ્રાંગી છે. ૩૯

સત્તાનું તેમ હોવાપણ
આત્માનું નિજાંગ જાણ,
અસ્તિ-નાસ્તિ ભાવો ત્યાં
સ્પર્શતા નથી. ૪૦

થતાં નિદ્રા જેમ શાંત
પ્રવર્તે જાગૃતિ નિરાંત—
વિલય પામે જાગૃતિ જ્યાં
ત્યાં શુદ્ધ હોવાપણ. ૪૧

કુંભ મૂકતાં ધરણીએ
આવે સકુંભતા પૃથ્વીએ,
કુંભ ઉપાડતાં શાંત
તત્ક્ષણ સકુંભતા. ૪૨

અહો સકુંભતા-નિકુંભતા
ધરાનું અંગ નથી સ્પર્શતા,
ધરાની નિજ નિર્મળતા
ચિર અબાધિત. ૪૩

इति श्रीसिद्धानुवादे अनुभवामृते ज्ञानाज्ञानभेदकथन नाम चतुर्थं प्रकरण संपूर्णम् ॥ ४ ॥

પ્રકરણ પાંચ

સચ્ચિદાનંદપદત્રય વિવરણ

સત્તા પ્રકાશ સુખ
ત્રણેથી ત્રણે વ્યાવૃત,
વિખપણાનું જેમ વિખ
વિખને નથી. ૧

કાન્તિ કાઠિન્ય કનક
ત્રણે મળી એક કનક,
દ્રવતા મધુરતા શુભ્રતાએ
એક દૂધ. ૨

ઉજ્જવળતા સુરભિતા માર્દવ
ત્રણેમાં ત્રણેનો અભાવ,
ત્રણેનું કિંતુ ઐક્ય
કર્પૂરમાં. ૩

અંગભૂત જે ઉજ્જવળતા—
ઉજ્જવળતા એ જ મધુરતા,
બેઉ મળી સુરભિતા
એક કર્પૂરે. ૪

જેમ એક કર્પૂરે
ત્રણેયની એકતા થાયે,
સત્તાદિ તેમ વિલોપે
એક બ્રહ્મમાં. ૫

આમ સત્ ચિત્ આનંદ ભેદે
ભાસે ભિન્ન પદો ત્રણે,
ત્રણેને કિંતુ ઊણપ આણે
એક બ્રહ્મ. ૬

સત્તા જ સુખ-પ્રકાશ,
પ્રકાશ છે સત્તા-ઉલ્લાસ,
અમૃતમાં જેમ મિષ્ટાંશ
અળગો નથી. ૭

શુક્લપક્ષની સોળ કળા
વધે રે દિવસ દિવસા,
કિંતુ ચંદ્ર સઘળા
ચંદ્રમાં સદા. ૮

વરસતાં બિંદુ ઉદકનાં
તેની કરી શકાય ગણના,
જ્યાં થાય વર્ષા કિંતુ ત્યાં
માત્ર ઉદક. ૯

સાધવા અસતની વ્યાવૃત્તિ
પ્રયોજે સત્ શબ્દશ્રુતિ,
સાધવા જડની સમાપ્તિ
ઉલ્લેખ ચિદ્રૂપનો. ૧૦

થતાં દુઃખનો સર્વનાશ
જે રહે શેષ તે સુખ,
એવું વદે પ્રભુના નિઃશ્વાસ
વેદો અરે. ૧૧

પ્રતિ યોગીઓએ સદાદિ
વિલોપી ત્રણે અસદાદિ,
ઓગળ્યા તેહના વિલોપને
સત્તાદિ પોતે. ૧૨

એવં સચ્ચિદાનંદ
છે આત્મા એ શબ્દ,
અન્ય વ્યાવૃત્તિ સિદ્ધ
વાચક નથી. ૧૩

પ્રકાશથી સૂર્યના જે
જડ પદાર્થ આભાસે,
તે શું પ્રકાશશે અરે
સૂર્યને કદી. ૧૪

તેમ જેહના પ્રકાશે
વાણી વાચ્યને અભિવ્યક્તે,
શું તે વાણી પ્રકાશશે
પ્રભુતેજને. ૧૫

કોઈના જે વિષય નથી,
પ્રમેયત્વથી જે પર છે,
શું સ્વપ્રકાશ સિદ્ધ થશે
પ્રમાણોથી. ૧૬

પ્રમેય પરિચ્છેદે
પ્રમાણત્વ જીવે,
તે શું સ્વતઃ સિદ્ધમાં
પામશે પ્રવેશ. ૧૭

એવં વસ્તુને જાણવા જતાં
છે જાણવાપણું વસ્તુ સ્વતઃ,
ત્યાં જાણવું અને જ્ઞાતા
ભેદ કેવો. ૧૮

તસ્માત્ સચ્ચિત્સુખ
શબ્દ નથી વસ્તુવાચક,
એ તો છે અવશેષ
વિચારોનો. ૧૯

આ પ્રકારે પ્રસિદ્ધ
વ્યહૃત સચ્ચિદાનંદપદ,
દ્રષ્ટાને સ્વસંવાદમાં
જ્યારે મળે. ૨૦

ત્યારે વરસીને મેઘ
સાગર થાયે જલૌઘ,
શમે દેખાડી ઠામ
માર્ગ જેમ. ૨૧

ફળ પ્રસવી પુષ્પ સુકાયે,
રસ પકવી ફળ લોપાયે,
રસિકને તૃપ્તિદાન કરી
વિરમે રસ. ૨૨

અગ્નિમાં આહુતિ અર્પે
તત્ક્ષણે હસ્ત પાછો ફરે,
સુખ જગાડી જેમ વિરમે
ગીત અહો. ૨૩

દેખાડી સુખને સુખ
નિવૃત્ત દર્પણ થાય,
નિદ્રિતને જગાડી જેમ
જાગ્રત અહો. ૨૪

તેમ વિશુદ્ધ સચ્ચિદાનંદા
નિર્દેશી દ્રષ્ટુત્વ-દ્રષ્ટા,
ત્રણ પદો પંથ સેવે છે
મૌનનો અહો. ૨૫

શબ્દમાં અવતરે તે નથી,
છે તે અવતરતું નથી,
પડછાયો નિજનો માપી
કેમ નિજને સપાયે. ૨૬

જ્યાં નિજ ભણી દૃષ્ટિ કરે
માપનારો સ્વરૂપ સંભારે,
અનુભવી લજ્જા માપે
નિજને પછી. ૨૭

સત્તા જ તેહનું સ્વરૂપ
નથી અસત્તાને રૂપ,
સત્તાપણું કેમ સંભવે
સત્માં અહો. ૨૮

અચિત્ના નિવૃત્યર્થ
લહે દશા ચિન્માત્ર,
ચિન્માત્રતા ચિન્માત્રમાં
કેમ સંભવે. ૨૯

નથી પ્રબોધમાં નિદ્રા
જાગૃતિ પણ ત્યાં નથી,
વિશુદ્ધ ચિન્માત્રમાં તેમ
કેવી ચિન્માત્રતા. ૩૦

જે સુખત્વને એમ
દુખત્વમાં ન પરિણમન,
શીદને કહું સુખત્વ
સુખરૂપને. ૩૧

અસત્ સંગે સત્ શમ્યું,
અચિત્ જોડે ચિત્ ગયું,
દુખ જોડે સુખ ઓગળ્યું
શેષ નિરપેક્ષતા. ૩૨

હવે દ્વંદ્વ જે બહુ વંચક
છાંડે દ્વૈતનું કંચૂક,
સુખ વિરાજે એક
સ્વ-સ્વરૂપમાં. ૩૩

સંબોધન કિંતુ એકનું
સર્જે પળમાં દૂજાપણું,
એટલે ગણનાતીત
એકત્વ એકનું. ૩૪

સુખી ભોગી તેમાંથી નીકળે
સુખ સુખથી કહેવાયે,
છે સ્વરૂપ સુખમય તેને
કોણ અનુભવે. ૩૫

પ્રકૃતિ જ્યારે ડંખ મારે
વ્યક્તમાં પુરુષ અવતરે,
એકલો ડંખ નિરપેક્ષ
ડંખશે કેમ કોને. ૩૬

પોતે હોઈ સુખસ્વરૂપ
કરી ન શકે પોતાને સુખી દેખ,
અભાવ સુખનો નથી
સુખરૂપમાં. ૩૭

જુએ ન દર્પણે જ્યારે સુખ
નથી નિજને સન્મુખ-વિમુખ,
તેમ સુખાસુખ-મુક્ત
સુખરૂપ જે. ૩૮

સર્વ સિદ્ધાંત-ચતુરતા
ત્યાં રહે ચિર તન્દ્રિતા,
નિજ પ્રત્યે છદ્મસ્થ
સ્વરૂપસ્થ જે. ૩૯

નથી વાવી શેરડી જ્યારે
રસ રહે છદ્મસ્થ ત્યારે,
મધુરતા તે ગુપ્ત રસની
રસ એકલો જાણે. ૪૦

નથી સુસજ્જ વીણા
નાદ વિહરે શબ્દ વિના,
તે નાદને શ્રવણ કરવા
નાદ થવું પડે. ૪૧

નથી જ્યારે પુષ્પગર્ભ
મકરંદથી સગર્ભ,
ચાખવા ગુપ્ત મકરંદ
ભ્રમર થવું પડે. ૪૨

નથી રાંધી જ્યાં રસોઈ
મધુરતા અન્નની કેવી,
એકલી મધુરિમા જાણે
કોઈનું ગજું નથી. ૪૩

શરમાયે સુખત્વ સેવતાં
ઉપભોગ નિજનો કરતાં,
થશે ઉપભોગ્ય કેમ
અન્યને અરે. ૪૪

દિવસના મધ્ય પ્રહરમાં
વિલસે ચન્દ્ર ગગનમાં,
સુધા તેની માણવા
એક સાસુ સમર્થ. ૪૫

અરૂપે લસતું લાવણ્ય,
અદેહે રસતું તારુણ્ય,
ક્રિયા પૂર્વે પુણ્ય
કેવું હશે. ૪૬

ઊપજ્યો ન જ્યાં મનાંકુર
ત્યાં રમે કેમ મકરધ્વજ,
માણવા નિજ મદ અવ્યક્ત
મદન થવું પડે. ૪૭

વાદ વિશેષની સૃષ્ટિ
પ્રવર્તે જ્યાં અદૃષ્ટિ,
નાદ જોડે આત્મગોષ્ટિ
નાદ જાણે. ૪૮

અથવા કાષ્ઠનો સ્પર્શ
ત્યજે ત્યાં ઓસરે અનળ,
રહે અવ્યક્ત કેવળ
અગ્નિરૂપ. ૪૯

ન લેતાં દર્પણ–સહાય
જાણે નિજ મુખ પ્રમેય,
ઓળખશે તે જ રહસ્ય
મર્મનું અહો. ૫૦

વાવણી પહેલાંનો પાક
નગદ ધાનમાં ચોળ,
તેવું પ્રકટ છે ગોપ્ય
શબ્દમાં અહો. ૫૧

એવં વિશેષ સામાન્ય
બેઉથી ના કળે ચૈતન્ય,
નિજ દશામાં અનન્ય
આત્મરત અહો. ૫૨

આ ઉપરાંતનું બોલવું
સુજ્ઞોએ તે સમજવું,
મૌનને પ્રાશી મૌન
શેષ શૂન્ય. ૫૩

એવં પ્રમાણોએ પોતાની
અપ્રમાણતા છે સિદ્ધ કરી,
દૃષ્ટાંતોએ દૃશ્ય થવાના
લીધા શપથ. ૫૪

અનુપપત્તિમાં અંગભૂત
ઉપપત્તિઓ થઈ અલોપ,
લક્ષણોની હારમાળા
ઓગળી સદેહે. ૫૫

નિજ વ્યર્થતા જાણી ઉપાય
પાછલે બારણે જાય,
પ્રતીતિ આપતાં લાજે
નિજ પ્રત્યયો. ૫૬

નિર્ધાર સહિત વિચાર
પામ્યો અવસાન સાચાર,
સ્વામી સંકટે સુભટ
મરે જેમ. ૫૭

અથવા સાધે નિજ નાશ
શરમાઈ શાબ્દિક બોધ,
અનુભવ થયો રે પંગુ
એકાકી ત્યાં. ૫૮

અભ્રકની નવલી કાયા
સ્તરેસ્તર કરતાં અળગા,
પામે છે નાશ સફાળા
સર્વાંગનો. ૫૯

ઉષ્ણતાથી ત્રાસી કેળ
આવરણોના ખોલે સ્તર,
ઉકલતાં બધા કોણ
રાખશે ઊભી. ૬૦

તેમ અનુભાવ્ય અનુભાવિક
જોડે લઈ અનુભૂતિક,
શમે ત્યારે એકને એક
કહેવું કેમ. ૬૧

અનુભવની આ વલે
થઈ છે જ્યાં નિજ પદે,
અક્ષરોની ત્યાં ગતિ
કેવી થશે. ૬૨

પરામાં મૌન વિલસે,
નાદમાં સળ ના ઊઠે,
વૈખરી અધરને ચુંબન
કેમ કરશે. ૬૩

છે જાગ્રત અરે તેને
જગાડવું કેવું,
તૃપ્ત છે જમીને તે શું
રાંધશે ફરી. ૬૪

દિવસપતિનો ઉદય થતાં
દીપકો શમીને શાંત—
ખેતરોમાં પાક ઊભો છે
હળ કોણ આણે. ૬૫

બંધ-મોક્ષનું એટલે વ્યાજ
છે નથી, કાર્ય સમાપ્ત,
કિંતુ નિરૂપણનો કોડ
વસે હૈયે. ૬૬

નિજને અથવા દૂજાને
વિસ્મૃત વસ્તુ સાંપડે છે,
શબ્દ જ્યારે સળવળે છે
સ્મૃતિરૂપમાં. ૬૭

એનાથી વધારે સવિશેષ
શબ્દમાં નથી રે કૌવત,
બ્રહ્મસ્મારક એવી કીર્તિ
ભોગવા છતાં. ૬૮

इति श्रीसिद्धानुवादे अनुभवामृते सच्चिदानंदपदत्रय विवरण नाम पंचमं प्रकरणम् संपूर्णम् ॥ ५ ॥

પ્રકરણ ૭

શબ્દખંડનમ્

ધન્ય ઉપયોગી વસ્તુ શબ્દ
સ્વરૂપ સ્મરણદાને પ્રસિદ્ધ,
અમૂર્તનો જાણે વિશદ
અરીસો અહો. ૧

દેખતો અરીસો જુએ
એમાં નવાઈ ન હોયે,
આંધળો થાય શબ્દ-દર્પણે
દેખતો અહો. ૨

મૂળ માયાના વંશમાં
શબ્દ કુળદીપક સૂર્ય,
એક શબ્દગુણે અંબરત્વ
આકાશને. ૩

પોતે માત્ર ખપુષ્પ
કિંતુ ફળ આપે જગદ્રૂપ,
ન મપાય શબ્દે એવું
જગમાં નથી. ૪

માર્ગ વિધિનિષેધોના
દેખાડતો દીપક,
બંધ-મુક્તિ કલહ કરતો
મુત્સદ્દી શબ્દ. ૫

વળગે જ્યારે અવિદ્યાને
આપે સત્યતા મિથ્યાને,
રગદોળે સત્ય વસ્તુને
કોડી જાણે. ૬

શિવ-શરીરમાં શુદ્ધ
ઊપસાવે જીવભાવ,
પંચાક્ષરી નિમંત્રે જેમ
ભૂતપ્રેત. ૭

બંધાયલો દેહથી જીવ
થાય શ્રુતિ શબ્દે મુક્ત,
આત્માનો ભેટો નિજથી
શબ્દ કરાવે. ૮

દિવસનો ઉદય સાધતાં
સૂર્ય રજનીને વિનાશે,
ઉપમા સૂર્યની ન છાજે
શ્રુતિ શબ્દને. ૯

પ્રવૃત્તિ અને નિવૃત્તિ
વળગે શબ્દને, બન્ને
જીવે શબ્દ આધારે
યુગપત્ અહો. ૧૦

આત્મવિદ્યાને આપવા સહાય
શબ્દ વહોરી લે નિજ નાશ,
તેના શીલનું કૌતુક
કેમ વર્ણવું. ૧૧

હોવા છતાં શબ્દ
સ્મરણ દાને પ્રસિદ્ધ,
એને ન લેશ સંબંધ
વસ્તુ જોડે. ૧૨

આત્માને અને શબ્દને
કાંઈ ન લાગેવળગે,
ઉપકાર કેવો સ્વસંવેદ્યને
શબ્દનો અહો. ૧૩

સાંભરે અથવા વિસ્મરે
વિષયરૂપે અવતરે,
તોયે વસ્તુ છે, વસ્તુ
અદ્વિતીય. ૧૪

અહો આપણને આપણું
સ્મરણ-વિસ્મરણ કેવું,
જીભનું ચાખવું નિજને
અથવા ન, કેવું. ૧૫

નથી નિદ્રા જાગ્રત તેને
તો નથી જાગવું પણ,
સ્મરણ-વિસ્મરણો બંન્ને
કેમ નિજ રૂપમાં. ૧૬

રવિ નથી જાણતો રજની,
ન તેને જાણ દિવસની,
જાણે ન સ્મરણવિસ્મરણ
મૂળ વસ્તુ. ૧૭

જ્યાં નથી સ્મરણાસ્મરણ
સ્મારકનું શું પ્રયોજન,
આત્મસત્તામાં એટલે શબ્દ
અગતિક છે. ૧૮

છતાં શબ્દથી શુભ કર્મ
થાય છે એવું દેખાયે,
વ્યક્ત કરવા તેહને
સાહસ નથી. ૧૯

શબ્દે અવિદ્યા-વિનાશ
આત્માને નિજનો ભાસ,
એવું કહેતાં આરોપ
અબુજતાનો થશે. ૨૦

મિત્ર રાત્રિને હણશે
પોતાનો ઉદય સાધશે,
અસંબદ્ધ એવા બોલ
પરમ સ્વરૂપ ના સહે. ૨૧

જાગતો જેહને કરશે
શું ઊંઘ એવી છે ખરી,
જાગ્રતને પડશે જાગવું
શું જાગૃતિ એવી ખરી. ૨૨

તસ્માત્ કરવા વિનાશ
અવિદ્યાનો નથી લેશ,
ભેદશે આત્મદશાને એવો
આત્મા નથી. ૨૩

સ્વરૂપથી છે રે અવિદ્યા
વાંઝણીની કન્યા,
પછી કોને તર્ક-કટારે
શબ્દ હણશે. ૨૪

ઇન્દ્રધનુ જો સાચ હોત
વેગે દોરડી લાવી હોત,
બાંધી ન તેને હોત
શું કોઈએ અરે. ૨૫

અગસ્તીનું તૃષ્ણા કૌતુક
શમવે જો મૃગતૃષ્ણિક,
તો તર્ક હણી શકશે
અવિદ્યાને. ૨૬

શબ્દનો વળગાડ સહેશે
જો એવી અવિદ્યા હશે—
તો શું ન અગ્નિ બાળશે
ગંધર્વ નગરી. ૨૭

અથવા દીપકને સન્મુખ
થતું નથી અંધારું દેખ,
દીપકે પામશે વિનાશ
એવું અંધારું ક્યાં. ૨૮

અથવા જોવા માટે દિવસ
ધરવો જ્યોતિનો અભિલાષ,
નથી શું વ્યર્થ પ્રયાસ
કહો જોઉં. ૨૯

અરે, પડછાયો ના પડે
ત્યાં નથી તે યથાર્થે,
કિંતુ જ્યાં પડે ત્યાં શું
સત્યતા રહે. ૩૦

દેખાતાં શમણાનું મિથ્યાપણું
ઘોષિત કરે જાગ્રતપણું,
અવિદ્યાનું ન હોવાપણું
સત્ય અવિદ્યા કાળમાં. ૩૧

જાદુગરે આપેલાં ઘરેણાં
શણગારશે શું દીવાનખાનાં,
પ્રાવરણો નગ્ન માણસનાં
ઝૂંટવ્યે શું મળે. ૩૨

પકવાન્નો રાંધેલાં મનોરથે
લક્ષવાર જો આરોગે,
ઉપવાસથી છતાં અન્ય
પરિણામ શું. ૩૩

જ્યાં મૃગજળનો અભાવ
ત્યાં શુષ્કપણાનો ભાવ,
આર્દ્રતાનો શો ઉલ્લાસ
પ્રત્યક્ષ મૃગજળે. ૩૪

જો આભાસ હોય યથાર્થ
ચિતરેલો તો વરસાદ,
ખેતરો, પુષ્કરો, માણસો શું
પલાળશે ના. ૩૫

મેળવી જો અંધકાર
લખાય અક્ષરોઅક્ષર,
આણવાનો શાહી, ભાર
કોણ વહેશે. ૩૬

નીલિમા અરે આકાશની
શું નથી જોતી આંખડલી,
અવિદ્યા અનિર્વચનીયા
જાણ તેમ. ૩૭

નામથી અવિદ્યા પોતે
અવિદ્યમાનપણું કથે,
સ્વભાવે જ ઘોષિત કરે
નિજનું અવિદ્યાપણું. ૩૮

નિજનું અનિર્વાચ્યપણ
પ્રકટ કરે આપી શપથ,
અભાવ જાણે નિજનો
સિદ્ધ તે કરે. ૩૯

તે જો પ્રવર્તે યથાર્થ
કેમ ન સહે છે વિચાર,
ઘટાભાવે ધરણી શું
અભાવાંકિત. ૪૦

અવિદ્યા-નાશે છે આત્મા
એવું ક્યારે ન કહે પ્રમા,
સૂર્ય ન હણે જેમ
તમને અહો. ૪૧

અવિદ્યા છે જ માયાવી
રાખે નિજ માયા સંતાડી,
એમ કહો તો નિજનો
સિદ્ધ કરે અભાવ. ૪૨

વિવિધ દૃષ્ટિએ એમ
પ્રવર્તે ન અવિદ્યા લેશ,
ઉગામશે શબ્દ હાથ
કોના ભણી. ૪૩

પડછાયા ઉપરનો પ્રહાર
કરે ધરણીને ઘાયલ,
પ્રહારતાં અંતરાળ
હાથ ઘાયલ. ૪૪

અથવા મૃગજળ-પાન
ગગનને આલિંગન,
પ્રતિબિંબને ચુંબન
કરવા અરે. ૪૫

જો ઇચ્છા મનમાં સળવળે
પ્રબળ થાય પણ શમે,
અવિદ્યા-નાશમાં તર્ક
શમે તેમ. ૪૬

કરવા અવિદ્યા વિનષ્ટ
હૈયે જે રાખે ઇષ્ટ,
તે કાઢો રે છોલ
આકાશની. ૪૭

તે અજાગળનું સ્તન દુહો
તેને માર્ગ ઘૂંટણ દેખાડો,
મુકવીને સંધ્યા સમયનું
ખમણ તે કરો. ૪૮

વાટીને બગાસાં, રસ
તે કાઢો રે વિપુલ,
મેળવી તેમાં આળસ
પાઓ મૃત્તિકા પિંડને. ૪૯

જળસહિત ઝરણું અવરોધો
નિજનો પડછાયો ઉથલાવો,
કાઢી પવનના તંતુઓ
તે સુખે વણો. ૫૦

તે ચાડિયાને હણો,
પ્રતિબિંબને ખોળે ભરો,
સરખા કરો તે કેશ
હથેળીના. ૫૧

તે ઘટનો અભાવ ફોડો,
ગગનનાં પુષ્પ તોડો,
સસલાનાં શિંગડાં મોડો
આનંદથી. ૫૨

કર્પૂર બાળી મેશ ધરો
અથવા રત્ન દીપકે ધરો,
તે વાંઝ દુહિતાને પરણો
સુખેથી અહો. ૫૩

અમાસની જ્યોત્સ્ના વડે
ચકોર પાતાળ ના પોષો,
જળચર મૃગજળમાંનાં
પકડો સુખે. ૫૪

કેટલું તે અહો કહીએ,
રચી છે અવિદ્યા અભાવે,
કોને અહો નષ્ટ કરશે
શબ્દ શ્રુતિનો. ૫૫

જે નથી તેના વિનાશે
પ્રમાણતા શબ્દ ન પામે,
અંધારને અંધારમાં જેમ
રૂપ ન હોયે. ૫૬

અવિદ્યાને નથી રૂપ
નિષેધયુક્તિ તેથી વ્યર્થ,
દિવસના મધ્ય પ્રહરમાં
દીવો જેમ. ૫૭

નથી ખેડયું ખેતર
સેવે કાપણીની હોંશ,
તે કરે પ્રાપ્ત લજ્જા
અન્ય કાંઈ ના. ૫૮

અંતરાળમાં આક્રમણ
કરે જે અજાણ,
તે હશે ક્રિયાશૂન્ય
નિજ ધામમાં. ૫૯

જળમાં વરસે વર્ષા
ઉપલબ્ધિ નથી સવિશેષા,
અવિદ્યા-નાશના ઉન્મેષા
જાણ તેમ. ૬૦

માપપણું માપનું શ્લાઘ્ય
જ્યાં સુધી ન માપ્યું આકાશ,
જો જુએ તમને દીપ
વ્યર્થ તેનું જીવતર. ૬૧

જો ગગનજન્ય પકવાન્ન
આરોગવા રસના ઉદ્યત,
તો રસના એવું નામ
કેમ ધારે. ૬૨

નથી જેને નિજ વલ્લભ
તેનું કેવું સધવાપણુ,
ભક્ષિતા કેળનો ગર્ભ
ભક્ષવું જ વ્યર્થ. ૬૩

નથી સ્થૂળ સૂક્ષ્મ કાંઈ
જે આદિત્ય પ્રકાશતો નથી,
પ્રકાશવા જતાં રજની
કિંતુ વિફળ. ૬૪

દૃષ્ટિ શું ન જોઈ શકે
કિંતુ અપંગ નિદ્રા વિશે,
જાગૃતિ નિદ્રા વિરહિતા
એટલે અહો. ૬૫

ચકોરનો મહા ઉદ્યમ
અયથાર્થ પરમ,
જો દિવસમાં ચંદ્રને
જાય ખોળવા. ૬૬

વાંચવા જતં અલિખિતું
વાચક પામે મૂકપણું,
ચાલવા જતાં અંતરાળે
પંગુ છે પગ. ૬૭

તેમ અવિદ્યા સન્મુખ
સિદ્ધ હોવા છતાં પ્રતિષેધક,
નિરર્થક થાય જલ્પ
શબ્દમાત્રનો. ૬૮

અમાસે આવશે સુધાકર
શું ન અવરોધે અંધાર,
અવિદ્યા-નાશે વિચાર
થશે તેવો. ૬૯

અથવા અસિદ્ધ જે અન્ન
જમવું તે જ લંઘન,
આંધળી આંખે દેખવું
તે જ અંધપણ. ૭૦

સમૂળી વસ્તુ જે નથી
શબ્દ કરે તેની સિદ્ધિ,
તો નિરર્થકત્વે લોપે
શબ્દ પોતે. ૭૧

હવે નથી, અવિદ્યા નથી
એવું કહેવા પ્રયોજન નથી,
અવિદ્યાને હણવા જતાં
શબ્દ પીગળે. ૭૨

એટલે અવિદ્યા સન્મુખ
થાય જો કદાચ વિચાર,
સર્વાંગનો સર્વનાશ
પામશે અહો. ૭૩

કરી અવિદ્યાનું હનન
શબ્દ પામશે પ્રમાણપણ,
એવું અવિદ્યાનો અભાવ
થવા ન દે. ૭૪

અને આત્માને આત્મા
દેખાડશે શબ્દ મહિમા,
કથન એવું સહેજ જાણ
પરસ્પર વિરુદ્ધ. ૭૫

આપણું આપણી જોડે
થયું લગ્ન કયા દેશે,
સૂર્યને કો દી ગ્રાસે
સૂર્યગ્રહણ. ૭૬

શું ગગન ભણી ગગન જશે,
નિજ ઉદર સિંધુ પ્રવેશશે,
શું હથેળી વળગશે
હાથને અહો. ૭૭

સૂર્ય શું સૂર્યોદય કરે,
ફળ શું પોતાને ફળે,
પરિમલ શું માણશે
નિજ પરિમલ. ૭૮

ચરાચરને પાણી પાયે
કોક ક્ષણે એવું થાયે,
પાણીને શું પાણી
પાઈ શકાશે. ૭૯

દિવસમાં ત્રણસો સાઠ
શું હશે કોઈ દિવસ,
રવિને જોઈ શકશે રવિ
નિજ આંખે. ૮૦

કૃતાંત કોપે ભરાશે
ત્રૈલોક્ય બાળી મૂકશે,
કિંતુ શું બાળી શકશે
અગ્નિ અગ્નિને. ૮૧

આપણને આપણ
બ્રહ્મદેવ દર્પણ વિણ—
થવામાં નિજ સન્મુખ
છે શું સમર્થ. ૮૨

શું દષ્ટિને જુએ દૃષ્ટિ,
રુચિને ચાખે રુચિ,
શું ચેતવું ચેતેલાને
કો'દી સંભવે. ૮૩

ચંદન ચંદનને ચર્ચે
રંગને રંગ રંગાવે,
મોતી શું ધારણ કરે
મોતીપણું. ૮૪

સુવર્ણ શું કસે સુવર્ણને,
દીપ પ્રકાશશે દીપને,
રસ રસસાગરે બૂડશે
એવું સંભવે. ૮૫

નિજ મુકુટમાં ચન્દ્રશેખર
ધારણ કરે સુધાકર,
નિજ મસ્તકે ચડવા કિંતુ
ચંદ્ર પંગુ. ૮૬

આત્મરાજ તેમ યથાર્થ
છે જ્ઞાનસ્વરૂપ સઘન,
જ્ઞાનથી જ્ઞાનનો ભેટો
કેમ થાય રે. ૮૭

સદેહે જે જાણવાપણું
ત્યાં કેવું નિજને જાણવું,
ચક્ષુ કયારે જોઈ શકશે
નિજને અહો. ૮૮

અરીસો આપણને જો
જોશે કોઈ ઉપાયે,
તો જ્ઞાન થશે જ્ઞેય
નિજને અહો. ૮૯

દસ દિશાઓ ભેદીને
છરી ખોસશે ગમે તેને,
કિંતુ ખોસવા નિજાંગને
અસમર્થ તે. ૯૦

લઈ અનુભવરસ વૃત્તિનો
થયો જિહ્વાગ્ર સમજણો,
કિંતુ ચાખવા નિજને
અસમર્થ તે. ૯૧

રસનાનું ચાખવાપણું
થાયે ન કો દી વિનષ્ટ,
કેમ કે તેહનું સ્વરૂપ
સઘન ચાખવાપણું. ૯૨

તેમ આત્મા સચ્ચિદાનંદ
છે નિજમાં સ્વતઃસિદ્ધ,
શું આપશે શ્રુતિ શબ્દ
સ્વતઃસિદ્ધને. ૯૩

પ્રમાણોથી કોઈ પણ
વસ્તુ ન સિદ્ધાસિદ્ધ,
સ્વયંભૂમાં કેમ પ્રવર્તે
સિદ્ધાસિદ્ધ. ૯૪

આત્માને તેથી આત્મલાભ
કરાવી રાચશે શબ્દ,
જણાતું નથી કેમે કરી
એવું અમને. ૯૫

જો પ્રજવળે દીવી મધ્યાહ્ને
ન તમ નાશે, ન દિન દેખાડે,
દશા તેવી થાય પ્રાપ્ત
શબ્દમાત્રને. ૯૬

નથી અવિદ્યામાં હોવાપણું
કોણ હણશે ન હોવાપણું,
છે આત્મા સદા સિદ્ધ
ત્યાં શું કરવાપણું. ૯૭

ઉભય અસ્તિ-નાસ્તિ પક્ષે
શબ્દ પ્રવેશી ન શકે,
લીન જેમ જલૌઘ થાયે
પ્રલયોદકે. ૯૮

શબ્દનું નથી કર્તૃત્વ
આત્મસત્તામાં લેશ,
અર્થ નથી લવમાત્ર
શબ્દયોગમાં. ૯૯

બાવો આવ્યો એમ કહેતાં
કહેવામાં છે નિરર્થકતા,
જેમ ગગન પકડતાં
હથેલીમાં. ૧૦૦

નિરર્થક નિખિલ જલ્પ
શૃંગારે વાક્ સપરિવાર,
આલેખિત ચીતરે આકાર
રંગો વડે. ૧૦૧

શબ્દમાં ઉભયનું જીવન
એવાં બિચારાં જ્ઞાન-અજ્ઞાન,
ચિત્રિત ઉપવનો જેમ
તથ્ય માત્ર. ૧૦૨

નષ્ટ થતાં શબ્દમાત્ર
અજ્ઞાન મહાપ્રલય શાંત,
સઘન મેઘો સહિત જેમ
શાંત દુર્દિન. ૧૦૩

इतिश्री शब्दखण्डनम् नाम षष्टम् प्रकरणम् संपूर्णम ।। ६ ।।

પ્રકરણ સાત

અજ્ઞાનખંડનમ્

આમ જોતાં અજ્ઞાનને
જો ન ટેકો જ્ઞાન આપે,
તો ન સાંભળવા પણ મળે
અજ્ઞાન શબ્દ. ૧

અંધકારના આશ્રય વડે
ખદ્યોતની દીપ્તિ રાજે,
તેમ અભાવના આશ્રયે
અજ્ઞાનની અનાદિતા. ૨

સ્વપ્નનો મહિમા સ્વપ્નમાં,
તમની ગરિમા તમમાં,
ગૌરવ તેમ અજ્ઞાનનું
અજ્ઞાનમાં. ૩

કુંભારે રચેલા ઘોડા
ન લઈ જવાય રણમાં,
માંત્રિકે ઘડેલાં ઘરેણાં
કાયા ન શોભાવે. ૪

ઉશ્કેરવા છતાં તેમ
જ્ઞાનથી અજ્ઞાન નથી ભિન્ન,
ઊઠશે શું મૃગજળ-લહેરો
ચાંદનીમાં. ૫

જેને અરે જ્ઞાન કહીએ
તે જ બીજું અજ્ઞાન છે,
છાનું રાખતાં એક
બીજું પ્રગટે. ૬

છો રહો, આ પસ્તાવો
વિચાર અજ્ઞાનનો કરવો,
સત્યતા તેની સિદ્ધ કરશે
મિથ્યતા જ્ઞાનની. ૭

જ્ઞાનાજ્ઞાનને પરબ્રહ્મ
કરે જો નિજમાં ધારણ,
તો અજ્ઞાન કેમ ના વિલોપે
પરબ્રહ્મને. ૮

જ્યાં જ્યાં અજ્ઞાન પ્રવર્તે
ત્યાં ત્યાં સર્વ આચ્છાદે,
એવો સ્વભાવ છે
અજ્ઞાનનો. ૯

શાસ્ત્રમત કિંતુ એમ
છે આત્મા જ અજ્ઞાન,
અને છે આશ્રયો આચ્છન્ન
અજ્ઞાન વડે. ૧૦

ભલે દૂજાપણું ઊઠતાં પહેલાં
હોવાપણું જે અજ્ઞાનનું,
તેને કોણ બૂઝે, કેમ
આત્મરૂપમાં. ૧૧

અજ્ઞાન પોતે નિજને
જડ હોવાથી ન જાણે,
સ્વતઃ પ્રમાણ કેમ થાયે
અજ્ઞાનની પ્રમા. ૧૨

તસ્માત્ જો અજ્ઞાન
નિજનું કરાવે ભાન,
કહીએ તો ઊપજે મૌન
પરસ્પર વિરોધથી. ૧૩

અને જે સ્વરૂપે જ્ઞાન
તેને અજ્ઞાન કરે અજાણ,
તો અજ્ઞાનનું ભાન
કરાવે કોણ. ૧૪

અરે જો નિજ અધિષ્ઠાનને
જડતા ન આપી શકે તે,
તો કહેતાં અજ્ઞાન તેને
ઊપજે લજ્જા. ૧૫

જો વાદળો ભાનુને ગ્રસે
વાદળને કોણ પ્રકાશે,
સુષુપ્તિને ગ્રસે જો સુષુપ્તિ
કોણ તેને જાણશે. ૧૬

તેમ અજ્ઞાન જ્યાં વસે
તે આધારને જ ગ્રસે,
તો ન જાણવાથી નિજને
લોપશે પોતે. ૧૭

અને અજ્ઞાનની ઓળખાણ
કરાવે જો પોતે જ્ઞાન,
તે હોઈ ન શકે અજ્ઞાન
ત્રણે કાળે. ૧૮

ઉદ્‌ભવે આંખમાં પડળ
તોયે ન આવે અંધપણ,
તો પડળનું હોવાપણું
મિથ્યા ઠરે. ૧૯

અરે ઈંધનમાં જો
ચેતે ન અગ્નિ ચેતવતાં,
અગ્નિધર કાષ્ઠને કહેવું
પોકળ ઠરે. ૨૦

ઘરમાં પૂરતાં અંધારું
ન ભરાયે ઘર જો સઘળું,
તો કહીશું કેમ તેને
અંધકાર. ૨૧

જાગૃતિ પ્રતિસાદ આપે
ત્યાં નિદ્રા છે કોણ કહે,
દિવસ ઊણો જે ન કરે
તે રાત્રિ કેવી. ૨૨

આત્મા અજ્ઞાનથી ભરેલો
છતાં જાણવાપણું ન લોપે,
તો થાય અજ્ઞાન મિથ્યા
આપોઆપ. ૨૩

આમ સહેજે આત્મામાં
છે અજ્ઞાન, કહેવામાં
ઉદ્‌ભવે છે અસંગતતા
ન્યાયની અહો. ૨૪

અજ્ઞાન છે તમસ્વરૂપ,
પ્રકાશ આત્માનું સ્વરૂપ,
ઉભયનો થાય કેમ કરી
મેળાપ રે. ૨૫

જાગૃતિ અને સ્વપ્ન,
સ્મરણ તેમ વિસ્મરણ,
યુગ્મો જો એક સંગે
જીવશે અરે. ૨૬

શીત-તાપ એકસાથ
કરશે જો ચિરવાસ,
તમ જો બાંધશે ગાંસલડી
રવિ-રશ્મિની. ૨૭

અથવા રાત ને દિવસ
જોડે કરશે વાસ,
તો આત્મા જીવશે, બાપા
અજ્ઞાનબળે. ૨૮

અથવા જીવન-મરણ
ઉભયનું દંપતીપણ—
થશે તો અજ્ઞાન વર્તશે
આત્મસત્તામાં. ૨૯

આત્મા જેને વિનાશે
તે જ આત્મામાં વર્તે,
કથન છે રે એવું
પરસ્પર વિરુદ્ધ. ૩૦

તમપણાનો આગ્રહ
તજી તમ ગ્રહે તેજ,
તમ થશે તો નિર્ભ્રાંત
આદિત્ય રે. ૩૧

ઇંધન તજે ઇંધનપણું
આગનું ગ્રહે આગપણું—
તો થશે ઇંધન પોતે
અગ્નિરૂપ. ૩૨

ગંગામાં જે જઈ ભળે
વહેળપણું તેનું ગળે,
નિખિલ નીર સહેજે બને
ગંગામય. ૩૩

અજ્ઞાન ન રહે અજ્ઞાન
જ્યાં વળગે આત્માને પૂર્ણ,
કિંતુ મિલન થતાં પહેલાં
અજ્ઞાન છે. ૩૪

અજ્ઞાન-આત્મામાં વિરોધ
થઈ ન શકે સંબંધ,
અને ન રહે સ્વતંત્ર
અજ્ઞાન, જાણ. ૩૫

લવણની માછલડી
જો સજીવન કોક દી–
જળમાં કે જળથી જુદી
જીવશે ના. ૩૬

હોતું નથી જ્યાં અજ્ઞાન
ત્યાં જ આત્મા વર્તે જાણ,
એટલે વ્યર્થનો જલ્પ
ત્યજવો ઘટે. ૩૭

થાય સર્પનો ભાસ દોરડીએ
કિંતુ તેથી સર્પ ન બંધાયે,
સર્પ ન જીવે અને ભિન્ન
જેમ બાપા. ૩૮

પૂનમને દહાડે અંધારું
દિવસ થયે રાતભણી ગયું,
તો સુધાકર તેને ગળશે
જેમ બાપા. ૩૯

તેમ જોતાં ઉભય દૃષ્ટિયે
વ્યર્થતા અજ્ઞાન શબ્દને,
તર્કસિદ્ધ હોવા છતાં
સ્વરૂપસિદ્ધિ નથી. ૪૦

સ્વરૂપ અજ્ઞાનનું કેવું
વસે ત્યાં કાર્યાનુમેયત્વ શું,
પ્રત્યક્ષ સિદ્ધ છે કે કેવળ
વિચારીશું હવે. ૪૧

પ્રત્યક્ષાદિ પ્રમાણો વડે
થાય જેની આપ-લે,
તે છે અજ્ઞાન-કાર્ય
અજ્ઞાન પોતે નથી. ૪૨

અંકુરોથી જેમ સરળ
વેલીનો થાય વિસ્તાર,
બીજ નથી તે વિસ્તાર
બીજ કાર્ય છે. ૪૩

અથવા શુભાશુભ રૂપે
સ્વપ્નદૃષ્ટિ આરોપે,
શમણાં પોતે નથી નિદ્રા
કિંતુ કાર્ય તેહનું. ૪૪

ચંદ્ર હોવા છતાં એક
ભાસે વ્યોમમાં અધિક,
તિમિર કાર્ય છે. કિંતુ
તિમિર પોતે નથી. ૪૫

તેમ પ્રમાતા પ્રમેય
જે પ્રમાણોનું ત્રય,
તે છે અજ્ઞાન-કાર્ય
કિંતુ અજ્ઞાન ના. ૪૬

અત એવ પ્રત્યક્ષાદિથી
અજ્ઞાન-કાર્ય સંબંધી-
નથી રે પ્રત્યક્ષ સિદ્ધિ
અનુમાન કેવળ. ૪૭

અજ્ઞાનના જો કાર્ય વડે
આપણે અજ્ઞાનસિદ્ધિ કરીએ,
સિદ્ધિનું ગ્રહણ કરવું
એ જ અજ્ઞાન રે. ૪૮

સ્વપ્નમાં દેખાય સ્વપ્ન
શું દેખતો સ્વપ્નથી ભિન્ન,
કાર્ય સઘળું અજ્ઞાનનું
અજ્ઞાન છે. ૪૯

ગોળને ચાખશે ગોળ,
મેશને લેપશે કાજળ,
શૂળને મારશે શૂળ
શું એવું થશે. ૫૦

જો અભિન્નત્વે અજ્ઞાન
હશે કાર્ય ને કારણ,
અજ્ઞાનમાં આપ-લે કરશે
કોણ શાની. ૫૧

પ્રમાતા પ્રમેયનો ભેદ
જોઈ ન શકે વિચાર,
તો અજ્ઞાનસિદ્ધિ થાય
મૃગજળની માછલડી. ૫૨

નથી પ્રમાણોથી મપાતું,
નથી પ્રમાણોમાં સાંપડતું,
ખપુષ્પમાં અને તેમાં
ભેદ શાનો. ૫૩

પ્રમાણોનું જ્યાં વિલોપન
ત્યાં સત્તા સિદ્ધ કરે કોણ,
પૂર્વપક્ષ પોતે કરે છે
અજ્ઞાન-ખંડન. ૫૪

જે પ્રત્યક્ષ કે અનુમાનને
પ્રમાણોને પણ ન ભાજન,
અજ્ઞાનની તેથી સિદ્ધ
અપ્રમાણતા. ૫૫

ન સ્વ-કાર્યને પ્રસવે
કારણપણું ન પ્રગટાવે,
અજ્ઞાન છું કહેતાં બીએ
તે સાચ કેવું. ૫૬

આત્માને વિસ્મરણ-સ્વપ્ન
દેખાડી ન શકે અજ્ઞાન,
કરે ન તેને આચ્છન્ન
ત્યાં વસવા છતાં. ૫૭

છો રહો, જે જે ઘડીએ
આત્મા વર્તે આત્મપણે,
અજ્ઞાન તેની જોડે
પ્રવર્તે છે. ૫૮

ન કરવા છતાં મંથન
કાષ્ઠમાં છે અવસ્થાન,
તેથી જોવાય સામર્થ્ય
હુતાશનનું. ૫૯

જ્યાં આત્માનું સંજ્ઞાપણ
લવ ન સહે આત્મતત્ત્વ,
ત્યાં અજ્ઞાનનું બંધન
કેમ સહેશે. ૬૦

શું દીવી પ્રજવળતાં પહેલાં
કરાશે દૂર મોગરો,
નથી ઊગ્યું હજી વૃક્ષ
શું ત્યજાશે તેની છાયા. ૬૧

પ્રાપ્ત નથી હજી દેહદશા
ઉપરણો તેને આલેપવાં,
ઘડ્યા નથી જે અરીસા
સાફ તેને કરવા. ૬૨

જે પળે દોહ્યું દૂધ
ત્યાં તોર રહે ભરપૂર,
દૂધ-તોર કરવા ભિન્ન
બુદ્ધિ મથે. ૬૩

આત્મસત્તામાં તેમ
અરે નથી જ્યાં આત્મપણ,
લવલેશ ત્યાં અજ્ઞાન
કેમ વર્તશે. ૬૪

નથી આત્મામાં અજ્ઞાન
એ કથનયુક્તિ પ્રમાણ,
કેમ કરવો નિષેધ
વારંવાર. ૬૫

આમે જ્યારે આત્મા
સ્પર્શવા ન દે ભાવાભાવા,
અજ્ઞાનની છે સત્તા
કહીશ જો તું. ૬૬

ઘટનું ન હોવાપણું
ભાંગીને શતચૂર્ણ થયું,
ઘટાભાવે મૃત્યુ
લાધ્યું અથવા. ૬૭

થઈ નિદ્રા નિદ્રાધીન
મૂર્છા પામી મૂર્છન,
તમનો પગ અથવા લપસ્યો
અંધ કૂપમાં. ૬૮

અભાવ અગવડમાં સાંપડ્યો
કેળનો સુગર્ભ ભાંગ્યો,
ગગનની અથવા નિર્મળતા
નાશ પામી. ૬૯

અથવા મૃતને આપીએ વિખ,
મૂકનું બાંધીએ મુખ,
ન લખેલો જેમ લેખ
ભૂંછીએ અરે. ૭૦

છે આત્મામાં અજ્ઞાન
કહેવું જ વ્યર્થ જાણ,
સત્તા આત્માની કેવળ
ચિરકાળમાં. ૭૧

વાંઝણીને પ્રસૂતિ કેવી,
દગ્ધ બીજની વૃદ્ધિ કેવી,
સૂર્યની કોક દી ભેટ કેવી
સઘન તમથી. ૭૨

વિશુદ્ધ ચિન્માત્રમાં તેમ
કરતાં અજ્ઞાનની ખોળભાળ,
મળશે શું ગતાગમ
તેહની અરે. ૭૩

મલાઈની ઇચ્છા મનમાં
હાલવે ડોલવે પાત્રા,
જામશે કે વીખરશે તે
તેવું છે. ૭૪

અથવા ધરવા નિદ્રાને
થઈ સચેત શોધે તેને,
પામશે કે નષ્ટ થશે
સિદ્ધ નિદ્રા. ૭૫

અજ્ઞાન જોવાની ઇચ્છા
છે નિરર્થક ઘેલછા,
જોવું ન જોવું સરખું
અજ્ઞાનમાં. ૭૬

એવં કેમે કરીને
ન ભાવસિદ્ધિ અજ્ઞાનને,
મળશે નગરીમાં કો દી
વિચારોની. ૭૭

અહો ક્યારે પણ
આત્મામાં અથવા ભિન્ન,
જોશે કેમ અજ્ઞાન
વિચાર-ચક્ષુ. ૭૮

નિરાધાર સ્પર્શી ન શકે
પ્રમાણો સ્વપ્નમાં ન જુએ,
ભિન્નત્વે વર્તી ન શકે
અજ્ઞાન તેમ. ૭૯

પ્રયત્નો સઘળા કરવા છતાં
અજ્ઞાન જણાયે લાપતા,
મળ્યો હોત, થાત મેળાપ
સંતોષ તો. ૮૦

અમાસનું ચંદ્રબિંબ
પાથરે સુધા અનુપમ,
માંડવામાં શોભે સ્તંભ
શશ્યશૃંગના. ૮૧

ખપુષ્પોની અથવા માળા
વાંઝણી-પુત્રના ગળામાં-
પહેરાવી તે વેળા
માણવી અરે. ૮૨

કાચબીના દૂધનું ઘૃત
છલોછલ ભરે ગગનપાત્ર,
સંકલ્પ તો સાચો હોત
અજ્ઞાનસિદ્ધિનો. ૮૩

અમે તો નાના પ્રકારથી
કરવા મથ્યા અજ્ઞાનસિદ્ધિ,
કિંતુ જે નથી, તે નથી
વ્યર્થ ખટપટો. ૮૪

કહેવાં, મિથ્યા છે અજ્ઞાન
તેથી નથી સ્ફૂર્તિ જાણ,
છતાં તર્ક એક આન
સંભવે અત્રે. ૮૫

નિજને ન દૂજાને
થતું નથી દૃશ્ય-દ્રષ્ટા,
વસ્તુમાં દૃશ્ય-દ્રષ્ટાપણું
લવ ન હોયે. ૮૬

તો આપણી સન્મુખ
વિશ્વવિસ્તાર દૃશ્ય,
દ્રષ્ટા થઈને આપણ
કેમ જોઈએ છીએ. ૮૭

જ્યાં આત્મપણું સંકટરૂપ
ત્યાં ઊમટે વિશ્વ પ્રકટ,
અને આપણે પ્રત્યક્ષ
જોઈએ છીએ. ૮૮

નથી દેખાતું અજ્ઞાન
છતાં તે છે સિદ્ધ જાણ,
કેમ કે દૃશ્યાનુમાન
પ્રમાણભૂત. ૮૯

ચંદ્ર ગગનમાં એક હોયે
કિંતુ દેખાયે બે જ્યારે-
આંખનું તિમિર-પડળ ત્યારે
સ્વતઃસિદ્ધ. ૯૦

વૃક્ષો ભૂમિ છાંડીને
જળ ન દૂજા પાસે લે,
છતાં નિત્ય ધરાવે છે
તાજાપણું. ૯૧

તેથી મૂળિયાં નિશ્ચયે
ભૂમિમાંથી શોષે જળને,
અજ્ઞાન તેમ થાય સિદ્ધ
દૃશ્યો વડે. ૯૨

જાગ્રતને નથી નિદ્રા,
નિદ્રિતને ન ભાન તેનું,
છતાં સ્વપ્ન દેખાડે તેથી
સિદ્ધ નિદ્રા. ૯૩

પરતત્ત્વમાં તેમ નિર્મળ
વિસ્તરે વિશ્વમય દૃશ્ય,
એથી અજ્ઞાનની સિદ્ધિ
આપોઆપ. ૯૪

અરે તે તો જ્ઞાન
કેમ કહું તેને અજ્ઞાન,
શું પ્રકાશ આપે તેને
અંધાર કહીશું. ૯૫

ચંદ્રથીય ઉજ્જ્વલ
ઉજાળે વસ્તુ ધવલ,
કહી શકાશે કાજલ
શું તેને અરે. ૯૬

જળ જો અગ્નિ-કાર્ય
નિપજાવે પ્રમાણ સહિત,
દૃશ્ય છે તો અજ્ઞાન-કાર્ય
માનીશું અમે. ૯૭

કળાઓથી સકળ ચંદ્રમા
લાવી આપે જો અમા,
જ્ઞાન થશે તો ભાજન
અજ્ઞાન-નામા. ૯૮

થાય પ્રેમથી ઓતપ્રોત
તોય વિષ ન ઝરે અમૃત,
વિષથી ઝરશે વિષ
સત્ય જાણ. ૯૯

જાણવાપણાનો વ્યવહાર
વ્યાપ્ત છે સદા સર્વત્ર,
ત્યાં અજ્ઞાન છે પુરજોશ
કેમ કહીએ. ૧૦૦

જ્ઞાનને કહીએ અજ્ઞાન
તો શાને કહીશું જ્ઞાન,
જે છે તે છે સઘળું
આત્મરૂપ. ૧૦૧

જેને નથી કાંઈ હોવાપણું,
છે તેને નથી જાણવાપણું,
પ્રમાણો એ શૂન્ય કહેવા
ખાધા શપથ. ૧૦૨

છે એમ કહેવા લાયક
સ્વરૂપ-દશામાં નથી અવકાશ,
નથી કહેવાનું પ્રયોજન
ક્યાંથી આવે. ૧૦૩

છે આત્મસત્તા નિરપેક્ષ,
છે દ્રષ્ટૃત્વમુક્ત દૃશ્ય,
સ્વયંસિદ્ધને જુઓ કેવી
શૂન્યતા અરે. ૧૦૪

થયે મિથ્યાત્વનો આરોપ
સહે છે, રહીને નિરાંત,
કહેતા સચ્ચિદાનંદ શોભે
નિસ્તબ્ધ શાંત. ૧૦૫

પ્રલય નિદ્રા જે દેખે
તે સર્વજ્ઞ દૃશ્ય ન ચૂકે,
દૃશ્યનો કિંતુ અભાવ
ન આપે દ્રષ્ટૃતા. ૧૦૬

વેદોએ શું ન કથ્યું
છતાં નામ ન દીધું,
છે-નથીનું વિધાન
વેદમાં નથી. ૧૦૭

સૂર્ય કોને ન પ્રકાશે
કિંતુ શું આત્મા દેખાડે,
આત્માને વ્યાપવા જતાં
ગગન થંભે. ૧૦૮

દેહ છે હાડકાંની પોટલી
અહં સદા તેને પંપાળી,
આત્માને કિંતુ હું-પણું
સ્પર્શી ના શકે. ૧૦૯

સકળ બોધ્ય બુદ્ધિ જાણે
કિંતુ ન જાણે આત્માને,
મનોકૃત સકળ સંકલ્પો
આત્માને ન સ્પર્શે. ૧૧૦

વિષયોની પડતર ખેતી
ચરે છે ઇન્દ્રિયો સઘળી,
અપૂર્વ રસ આત્માનો પણ
સેવી ના શકે. ૧૧૧

ન હોવાપણા સહિત સકળ
ભક્ષી જેનું ઉદર સંતુષ્ટ,
નિત્ય પરિપૂર્ણને તેને
મેળવશે કોણ. ૧૧૨

નિજ પ્રત્યે જે નથી વિષય
જોશે તેને કયો પદાર્થ,
નિજ રસ જાણે ન જે રસના
ચાખશે કોણ તેને. ૧૧૩

છો રહો નામરૂપ
ધારણ કરી અમાપ,
સન્મુખ થતાં સભય
અવિદ્યા જ નષ્ટ. ૧૧૪

એટલે નિજનું સુખ
જોવાનો જ્યાં સંકલ્પ
ન ઊઠે, ત્યાં અન્ય
શું પ્રવેશશે. ૧૧૫

રમતમાં જાદુગરની દોરી
નાખતાં અંદર, ઊડે બાહરી,
તેમ નિર્ણય ઇદમિત્થમનો
પામે વ્યર્થતા. ૧૧૬

પડી જે નખશિખ છાયા
ખટપટે તે ઓળંગવા,
ભ્રમિત થશે બુદ્ધિ તેની
જેમ બાપા. ૧૧૭

તેમ શ્રમ કરીને સર્વથા
છે-નથીની વ્યવસ્થા—
કરે તે ગુમાવે જાણ
વસ્તુસ્પર્શ. ૧૧૮

કહીએ તે હવે કેટલું
શબ્દજાળ કરે ન સ્પર્શ,
દૃશ્ય-દ્રષ્ટા-ભેદબીજ
ઊપસશે કેમ. ૧૧૯

જેહના સામર્થ્ય વડે હતું
અચક્ષુપણું આંધળું-
વિલોપી તે વસ્તુને મળે
દ્રષ્ટુતાની દશા. ૧૨૦

અહો નિજનું દૃશ્યપણ
જોવા પણ ન જ્યાં સ્ફુરણ,
દ્રષ્ટુતાનો પૂર્ણ અભાવ
ઉપલબ્ધ છે. ૧૨૧

ભેટશે કોણ કોને
દૃષ્ટિ ક્યાંથી ઊમટે,
એકતા ઓગળી છે સમૂળી
જોને અરે. ૧૨૨

આટલી સંપન્નતા
અળગી મૂકી સર્વથા,
ઊઘડયાં છે બારણાં
પ્રકાશમય રે. ૧૨૩

ઊપજી દૃશ્યોની સૃષ્ટિ
જ્ઞાનની અનંત વૃષ્ટિ
થઈ, છતાં તળિયામાં છે
ચિન્માત્ર એક. ૧૨૪

દર્શન ઋદ્ધિઐશ્વર્ય વડે
ઉન્માદિત ચિત્છેષુ એવો-
કહે વેદ્યરત્ન અરીસો
વાસી થયો. ૧૨૫

પ્રતિ પળે નિત્યનું તન
દૃશ્યનું તેજાળ પરિધાન,
દૃષ્ટિ વડે ઓઢાડે આપણ
ઔદાર્યશીલ. ૧૨૬

વીતેલી પળનાં દૃશ્યો
લાગતાં પુરાણાં, સત્વરે
ત્યાગી તેમને પ્રવેશે દૃષ્ટિ
નૂતન રૂપમાં. ૧૨૭

તેમ જ પ્રતિપળમાં
અલંકારો નવ જ્ઞાનના—
ધારણ કરી પ્રગટાવે છે
જ્ઞાતાપણું. ૧૨૮

પરમ પદ રહે જે શેષ
પામે ન કેમે સંતોષ,
વ્યક્ત કરવા વ્યાપકપણું
કટિબદ્ધ તે. ૧૨૯

પ્રકારો સર્વજ્ઞપણાના
ઓથ લે છે ચિન્માત્રની,
ચિન્માત્રથી ભિન્ન કિંતુ
સત્તા ન તેમની. ૧૩૦

એવં જ્ઞાન-અજ્ઞાન વિલાસ
ચક્ષુ જુએ અનાયાસ,
દૃશ્ય થઈ ભેટે દ્રષ્ટા
નિજને અહો. ૧૩૧

દૃશ્ય જોવાની ક્ષણમાં
સંતોષ પામે દ્રષ્ટુતામાં,
કિંતુ તે દૃશ્યમાં લોપે
દ્રષ્ટુતા અહો. ૧૩૨

ઘટે આપ-લેનો વ્યવહાર,
ન તૂટે ઐક્યનો તાર,
મુખમાંથી પ્રતિમુખ જેમ
દર્પણે અહો. ૧૩૩

અશ્વ ક્યારે નિજાંગે ઊંઘે
અથવા જાગૃતિ ક્યારે પામે,
કઈ પળે આપ-લે થાયે
જણાયે ના. ૧૩૪

કલ્લોલ મિષે જળ
ઉલ્લસે, વિલસે, કોમળ-
રમે છે નિજ દશામાં વસ્તુ
વસ્તુરૂપે. ૧૩૫

ગૂંથી જ્વાળાઓની માળા
અહો ગળે અનલના
પડતાં, શું ભેદ ઊપજે
અનલાંગમાં. ૧૩૬

અથવા રશ્મિ-પરિવારે
સૂર્ય નિજને વીંટળી વળે,
જુદાં પડયાં શું રશ્મિ
સૂર્યથી અહો. ૧૩૭

નમણો જ્યોત્સ્નાનો વિસ્તાર
પોઢે ચંદ્ર-કાયા પર,
કૈવલ્ય શું વણસશે
ચંદ્રનું અહો. ૧૩૮

સહસ્રાધિક પાંખડી વડે
કમળ નિજાંગ વિસ્તરે,
નથી ત્યાં કિંતુ અન્ય
કમળ વિના. ૧૩૯

હતા રે સહસ્ર હસ્ત
સહસ્રાર્જુનને સમર્થ,
તેથી શું સહસ્રાધિક
પોતે થયા. ૧૪૦

હાથસાળ ઉપર દેખ
પ્રસર્યો સૂતરનો પુંજ,
સૂતરથી કિંતુ ભિન્ન
ત્યાં શું પ્રવર્તે. ૧૪૧

શબ્દ કરોડો ભેગા થયા
વાણીના વિલાસ-ગૃહમાં,
વાચાપણાથી ભિન્ન
ત્યાં શું પ્રવર્તે. ૧૪૨

તેમ દૃશ્યમય પદાર્થો
જે દૃષ્ટિના ઉમળકાઓ,
ઊઠવા છતાં દ્રષ્ટુતાથી
ભિન્ન શું પ્રવર્તે. ૧૪૩

ભાંગતાં ગોળનો રવો
ભાસે ભિન્ન ઢેફાંઓ,
છતાં ગોળથી અન્ય
ત્યાં શું પ્રવર્તે. ૧૪૪

ભાસો તેમ દ્રષ્ટારૂપે
વિલસો કાં વિવિધ દૃશ્યરૂપે,
ભેદ સ્પર્શતો નથી રે
મૂળ વસ્તુને. ૧૪૫

અરે આત્માની નિજ દશા
પાળે ન ભેદરેષા,
વ્યાપવા છતાં વિશ્વ અશેષા
અવિકલ રહે. ૧૪૬

ગંગાજમની વસ્ત્રનું પોત
રંગ દેખાડે અનંત,
તેટલા શું તંત
વસ્ત્રમાં રહે. ૧૪૭

પાંપણોનો આશ્લેષ
ન ઊઘડે દૃષ્ટિ સહેજ,
છતાં જુએ સર્વ સૃષ્ટિ
અને જો તે. ૧૪૮

અંકુર થઈ ન પાંગરે
વડ થઈ બીજ વિસ્તરે,
અદ્વૈતમય વિશ્વને છાજે
ઉપમા તેહની. ૧૪૯

નથી જોતું નિજને એવી
હોંશ નિજમાં જ્યારે ઊપજી,
કદી નિજાંગની સેજલડી
વિસામો લે. ૧૫૦

પાંપણોનું આલિંગન
સમાવે દૃષ્ટિને આપણ,
ત્યારે નિજ ગર્ભમાં દૃષ્ટિ
વિસામો લે. ૧૫૧

ન થતાં ચંદ્રનો ઉદય
પરિપૂર્ણ નિજમાં સમુદ્ર,
સમેટે નિજમાં નિજ વિસ્તાર
જેમ કાચબો. ૧૫૨

અમાની પામતાં નિશા
સત્તરમી પ્રવેશે કળા,
નિજની અથવા મૂળદશા
જેમ ચંદ્રમા. ૧૫૩

જીતતાં દૃશ્ય, દ્રષ્ટા
કહેવાય છે વિજેતા,
કિંતુ ત્યારે નિજમાં વસ્તુતા
ઓસરે છે. ૧૫૪

સત્તા સઘળી અનાયાસ
કોણ કોને જોશે ખાસ,
ન જોવાપણું એ જ છે રે
સ્વરૂપનિદ્રા. ૧૫૫

ન જોઈએ, ન જોવાપણું
રહો નિજમાં નિજ જોવાપણું,
એમ ઇચ્છે ત્યારે હોય
વિષય નિજ ભણી. ૧૫૬

છે અનાદિ દૃશ્યપણું,
છે અનાદિ દ્રષ્ટાપણું,
શું સર્જશે અને કોણ
નિત્ય સિદ્ધમાં. ૧૫૭

અવકાશ જોડે ગગન,
ગતિ જોડે પવન,
શું દીપ્તિ જોડે તપન
જોડવું પડે. ૧૫૮

જે વિશ્વ થઈ વિરાજે
વિશ્વને નિશ્ચયે દેખે,
થતાં વિશ્વનો વિલય
દેખે ન હોવાપણું. ૧૫૯

વિશ્વનો સત્તાલય
ઉભયાતીત દશાપણ,
વસ્તુમાં બધાંની દષ્ટતા
ચિરસિદ્ધ છે. ૧૬૦

કર્પૂરની સહજ ઉજ્જવળતા
આપતી નથી ચન્દ્રની સુધા,
તેવી છે સિદ્ધ દષ્ટતા
પરતત્ત્વમાં. ૧૬૧

કિંબહુના વસ્તુનું દષ્ટત્વ
છે સર્વદશા નિરપેક્ષ,
જોવાપણું શુદ્ધ કેવળ
સહજ ત્યાં છે. ૧૬૨

મનોરથબળે દેશાંતરે
રચે વ્યક્તિ, તેમાં વિહરે,
અને રાખે તે સંબંધે
અહોભાવ. ૧૬૩

આંખમાં દાબતાં આંખ
પ્રકટે દશ્યો ચિત્રવિચિત્ર,
આત્મામાં સ્ફુરણા શુદ્ધ
ત્યાં નવાઈ શી. ૧૬૪

તસ્માત્ એકમાં ચિદ્રૂપમાં
શીદ લાદવી દષ્ટતા,
નિજને જોવા નિજમાં
શું પ્રયોજન. ૧૬૫

કહે પ્રભાનાં પ્રાવરણ
ઓઢાડે રત્નોને કોણ,
સુવર્ણને સુવર્ણપણું
કોણ આપે. ૧૬૬

ચંદન શું ફોરમને ઓઢે,
અમૃત શું અમૃતને ચાખે,
ગોળ શું નિજને ઘસે
નિજ માધુરીમા. ૧૬૭

પ્રભાનો ઊજળો આપ
શું કર્પૂરને ચોંટાડશે,
અગ્નિને કરે છે કોઈ
શેકીને ઉષ્ણ. ૧૬૮

જોઈ નથી શું લતાને
નિજ કાયા વીંટાળતાં નિજને,
અને વસતા વીંટાળમાં
ઘર કરી. ૧૬૯

જે પ્રભાનો પરમોત્કર્ષ
તેજ દીપનો સ્વયં પ્રકાશ,
ચૈતન્યની સઘન વ્યાપ્તિ
ચિદ્રૂપ પ્રસવે. ૧૭૦

પોતાને તેમ પોતે
આત્મા નીરખતો હોયે,
હેતુરહિત દર્શન-સ્ફુરણ
ચૈતન્યમાં. ૧૭૧

એમ દેખવું, ન દેખવું,
કાં પ્રકાશ ને અંધારું,
શશીને સમ-વિષમ
ક્યારે સ્ફુરે. ૧૭૨

અરે ન થાય વિસ્તાર
કરશે એવો પ્રયાસ,
તોયે સ્વભાવે સહજ
સર્વ વ્યાપ્ત છે. ૧૭૩

દ્રષ્ટા-દશ્ય ભેદ
પ્રવર્તે જ્યાં પળ એક,
પરસ્પર અનુપ્રવેશે
નિઃશેષ થાય. ૧૭૪

દૃશ્ય-દ્રષ્ટામાં ઓગળે
દૃષ્ટુતા દૃશ્યમાં પીગળે,
વિલોપી બેઉ, શેષ વર્તે
અધિષ્ઠાન ત્યાં. ૧૭૫

પછી ગમે ત્યાં ગમે ત્યારે
મધ્ય દર્શન સંધિમાં અરે,
બેઉ ઓગળી નિજમાં
પામે નિજૈક્ય. ૧૭૭

કર્પૂરમાં અગ્નિપ્રવેશ
કાં અગ્નિમાં એ કર્પૂર—
થાય અલોપ ઉભય
યુગપત્ અહો. ૧૭૭

એકમાંથી એક બાદ
શૂન્ય શૂન્યત્વે આબાદ,
દ્રષ્ટ-દૃશ્ય-શમન
તેવું જાણ. ૧૭૮

અથવા અરે પોતાના
પ્રતિબિંબને આલિંગતાં—
બિંબ-પ્રતિબિંબ આશ્લેષમાં
ઉભય ઓસરે. ૧૭૯

રિસાઈ જતાં દર્શન
દ્રષ્ટા-દૃશ્ય મિલન,
મિલનમાં વિલયન
બેઉનું ઘટે. ૧૮૦

સિંધુ પૂર્વ-પશ્ચિમ
ન મળે ત્યાં જ સાગર—
મિલનમાં શેષ જેમ
એક નીર. ૧૮૧

અનંત તેમ ત્રિપુટિકા
જન્મે-મરે પ્રતિપળકા,
તેમાં શું નિર્ધાર
કરવો પડે. ૧૮૨

બેઉને વિશેષે ગળી
નિર્વિશિષ્ટને ઓગાળી—
મિલનોન્મીલન નિજમાં
વસ્તુ દેખાડે. ૧૮૩

પાંપણને પાંપણ મળે
ત્યાં દૃશ્ય દૃષ્ટુતા પ્રસરે,
ઊઘડતાં બન્ને આથમે
આશ્ચર્ય એ. ૧૮૪

દ્રષ્ટા-દૃશ્ય ગ્રાસમાં
વિકસે દશા સંધિમાં,
કહેવાય તે જ બાપા ૧૮૫
યોગભૂમિકા.

ઊઠેલો તરંગ આથમે
અને અન્ય ના ઊઠે,
ત્યારે દશા જળની
હોય જેવી. ૧૮૬

થઈ છે નિદ્રા શાંત
છતાં નથી થયા જાગ્રત,
દશા ત્યારે આપણી
હોય જેવી. ૧૮૭

એક સ્થાનેથી છે ઊઠી
અન્યમાં સ્થિરાવી નથી,
તે દૃષ્ટિથી જોવું જાણે
તે જ મર્મ જાણે. ૧૮૮

દિવસ છે આથમવામાં
પણ નથી નિશાનો ઉદય,
તે ગગન સમી આ દશા
વર્ણી છે અહો. ૧૮૯

લીધો શ્વાસ શમાયો છે
અન્યને સ્પર્શ્યા નથી,
પ્રાણની ત્યારે પ્રવર્તે
તેવી આ દશા. ૧૯૦

અથવા ઇન્દ્રિયો સઘળી
વ્યસ્ત વિષય-વ્યાપારે,
મધ્યસ્થ પળમાં જેવી
તેવી છે દશા. ૧૯૧

આત્માની જે દશા,
અથવા શુદ્ધ આત્મદશા,
દેખવું, ન દેખવું તેમાં
કેમ સંભવે. ૧૯૨

અરીસો સમાવી નિજમાં
જોશે નિજની નિર્મળતા,
અથવા ન જોશે, કહેવું
શું સાર્થક ખરું. ૧૯૩

સન્મુખ અથવા વિમુખ
છેને દર્પણ સાપેક્ષ,
સન્મુખતા-વિમુખતા કેવી
અરીસા વિના. ૧૯૪

સર્વાંગે છે દેખતા રવિ
કિંતુ થશે શું કેમે કરી,
દેખશે સૂર્ય નિજનો
ઉદય-અસ્ત. ૧૯૫

રસ અહો નિજને પ્રાશે
અથવા મોઢું સંતાડે,
થવા ન દે એવું કયારે
રસનું રસપણું. ૧૯૬

તેમ જોવું ન જોવું
જાણે ન દ્રષ્ટાપણું,
અને ઉભય વ્યવહારે
પ્રવર્તમાન છે. ૧૯૭

જે છે સ્વભાવે દ્રષ્ટાપણું
ત્યાં ન સંભવે જોવાપણું,
ન જોવાપણું છે જ સિદ્ધ
સહેજ તેમાં. ૧૯૮

કેમ ન જોવાપણું સિદ્ધ
નિજને જુએ એ પ્રસિદ્ધ,
તો દેખવું તેનું પ્રવર્તે છે
એમ જાણ. ૧૯૯

અરે બન્ને પરસ્પરમાં
હોય જીવતા એક પંક્તિમાં,
જકડી પરસ્પરને બન્ને
નિજને વિનાશે. ૨૦૦

દેખતાં સર્વાંગે દ્રષ્ટાપણું
સંભવે ન ત્યાં અદ્રષ્ટાપણું,
આત્મદશા તેથી ન જાણે
ઉભય કર્મ. ૨૦૧

એવં દેખવું ને ન દેખવું
ઉભયથી અળગું સત્તાપણું,
અરે દેખશે તોયે કોણ
દેખશે કોને. ૨૦૨

દ્રષ્ટાને દૃશ્ય ભાસે
ત્યાં ન શું દ્રષ્ટૃતા પ્રવર્તે,
નથી દૃશ્ય સાપેક્ષે
દ્રષ્ટૃતા તેની. ૨૦૩

નિશ્ચયે દૃશ્ય દેખાય દૃષ્ટિને
વસ્તુ છે કિંતુ દ્રષ્ટૃત્વપણે,
નથી જે વર્તતું તેને
દેખવું કેવું. ૨૦૪

મુખ દેખાય છે દર્પણમાં
કિંતુ વર્તે નિજ મુખપણમાં,
મુખ પ્રત્યયો દર્પણમાંના
મિથ્યા નથી શું. ૨૦૫

દેખે આપણને આપણ
સ્વપ્નવશ નિદ્રિત જાણ,
નિજને નિહાળવું છે
સ્વપ્ન જોવું. ૨૦૬

નિદ્રિત જે સુખશય્યામાં
જાય શમણે પરધામમાં,
વાસ્તવમાં શું કરે છે
ગમન અન્યત્ર. ૨૦૭

શિરવિહીન યુગલરંક
રાજ્યશાસન કરે એક,
સ્વપ્નના રાજ્ય વડે શું તે
થશે ચક્રવર્તી. ૨૦૮

નિદ્રા જ્યારે ન પ્રવર્તે
સહજાવસ્થા જે સુવર્તે,
શું ન વર્તે સ્વપ્નમાં તે
ભાસવા છતાં ભિન્ન. ૨૦૯

અરે તૃષાર્તને મૃગજળ
ન મળતાં કષ્ટ પુષ્કળ,
કિંતુ મળતાં મૃગજળ
શું મળે બાપા. ૨૧૦

નિજ છાયાને માને મિત્ર
સેવે તેનાં ઓથ-સંગાથ,
સથવારો છાયાનો લેવો
વ્યર્થ શું નથી. ૨૧૧

તેમ દૃશ્યત્વ ધારણ કરે
દ્રષ્ટા નિજને નીરખે,
દૃષ્ટૃતા તેની વ્યર્થ
સર્વથા અરે. ૨૧૨

જે દૃશ્ય પોતે છે દ્રષ્ટા
સહેશે કેમ દૃષ્ટૃત્વપણુને,
દૃશ્યાભાવે શું ન રહેશે
દૃષ્ટૃતા તેની. ૨૧૩

જો અરીસો ન દેખે
શું મુખપણું વ્યર્થ જાયે,
દર્પણ વિના મુક્ત વિલસે
મુખનું મુખપણું. ૨૧૪

તેમ આત્માને જો આત્મા
ન દાખવે રે માયા,
તો આત્મા મિથ્યા, કે વૃથા
માયાનું માયાપણું. ૨૧૫

ન બનતા પ્રયત્ને દ્રષ્ટા,
દૃષ્ટૃત્વે સ્વતઃસિદ્ધ આત્મા,
પ્રયાસે કેમ બને દ્રષ્ટા
જે સ્વયંભૂ જ છે. ૨૧૬

જો દૃષ્ટૃત્વ પ્રકટ કરશે
દોષ પુનરુક્તિ પામશે,
એટલે સ્થાપના દૃષ્ટૃતાની
વ્યર્થ જાય. ૨૧૭

સર્પ-દોરી આભાસમાં
સત્ય દોરી યથાર્થમાં,
દૃશ્ય-દ્રષ્ટા વ્યવહારમાં
સત્ય દ્રષ્ટા. ૨૧૮

મુખ-દર્પણ સંબંધમાં
મુખ બિંબિત દર્પણમાં,
મુખમાં કિંતુ મુખ સંપૂર્ણ
દર્પણમાં નથી. ૨૧૯

તેમ દૃશ્ય-દ્રષ્ટા ઉભયમાં
અધિષ્ઠાન દ્રષ્ટા વાસ્તવમાં,
દેખાય દૃશ્ય, છે છતાંય
સાવ મિથ્યા. ૨૨૦

છો રહો, વારુ મિથ્યા
દૃશ્ય છે આ સાચી કથા,
એટલે દૃશ્યને સત્ય
માનવું ઘટે. ૨૨૧

જો એકને જોઈ બીજા
પામે દૃષ્ટૃત્વ દશા,
તો દૃશ્યથી સર્જિત દ્રષ્ટા
માનવું ઘટે. ૨૨૨

અત્ર દેખે અથવા ન દેખે
એકત્વે વા ભિન્નત્વે પ્રવર્તે,
ઉભય મુક્ત આત્મદશામાં
દૃષ્ટૃતા કેવી. ૨૨૩

દર્પણે દેખાડયું મુખ
કિંતુ મુખે જ જોયું મુખ,
ન દેખાડે દર્પણ તોયે
મુખ પ્રવર્તે મુખપણે. ૨૨૪

તેમ દૃશ્ય જો ન દેખાડે
નિજમાં દ્રષ્ટાપણે પ્રવર્તે,
દેખાડે જો દૃશ્ય તોયે
સ્વતઃસિદ્ધ દ્રષ્ટા. ૨૨૫

જાગૃતિએ નિર્દેશ્યો,
નિદ્રાએ સંતાડયો,
ઉભયમાં એક પ્રવર્તે
પુરુષ નિજમાં. ૨૨૬

અથવા રાજાને રાવો
સંબોધી આપે સ્વ-પ્રત્યયો,
સંબોધન નિરપેક્ષ વર્તે
રાજસત્તા અરે. ૨૨૭

રાયાનું રાયાપણું
ન સિદ્ધ કરીએ આપણ,
તો શું આવે ઊણપ
રાયાપણામાં. ૨૨૮

જ્ઞાન દેખાડે કાં ન દેખાડે
તોયે નિરપેક્ષ વિરાજે,
ગરિમા-લઘિમા ના સંભવે
સ્વતઃસિદ્ધમાં. ૨૨૯

શું નિમિત્ત સર્જે ઇચ્છા
નિજને જોવાની ઘેલછા,
નથી રે જોનારા, જોશે
કોણ દર્પણે. ૨૩૦

દીપ કરે શું સર્જકને સિદ્ધ
અથવા સર્જકે જ દીપક સિદ્ધ,
નિમિત્તની સત્તા તેવી
આત્મા જ સત્ય. ૨૩૧

વહ્નિને વહ્નિશિખા
નિશ્ચયે પ્રકાશે સુભગા,
વહ્નિવિરહિતા કિંતુ શિખા
વર્તશે શું. ૨૩૨

જેને નિમિત્ત કહીએ
દૃશ્ય થઈ, દૃષ્ટૃત્વ રચે,
જોતાં દૃશ્યનો સ્વભાવ
આત્મસત્તા જ પ્રકટે. ૨૩૩

એને સ્વયં પ્રકાશને
જોવા અરે પોતાને,
પોતાના વિના અન્યે
નથી રે નિમિત્ત. ૨૩૪

દૃશ્યનો ગમે તે વિસ્તાર
દેખાય કાં ન દેખાય,
આત્મા વિના સત્તા અન્ય
નથી રે નથી. ૨૩૫

ઘરેણાંમાં કાં સુવર્ણમાં
છે એક હેમની સત્તા,
કેમ કે હેમમાં વ્યાપ્ત
એક હેમ. ૨૩૬

જળમાં કાં તરંગમાં
ભિન્ન નથી જળ વિના,
જળમાં ન હોય અન્ય
જળથી કાંઈ. ૨૩૭

થાઓ ઘ્રાણાનુમેયો
લાગો હાથને કુમળો,
ઊજળું દૃષ્ટિને ભાસો
એક કર્પૂર. ૨૩૮

કર્પૂરમાં કિંતુ ભિન્ન
વર્તતું નથી રે અન્ય,
આત્માનાં અનંત રૂપોમાં
એક આત્મા. ૨૩૯

ભાસો હવે દૃશ્યરૂપે
થાઓ દ્રષ્ટા બીજી પળે,
નથી આત્માથી અન્ય
પરમાત્મામાં. ૨૪૦

ગંગારૂપે ગંગા વહો,
સિંધુ-મિલને સિંધુ થાઓ,
નીર વિના કિંતુ ભિન્ન
દેખાય ના. ૨૪૧

થીજેલું કે પીગળેલું
ઘૃતને નિરર્થક છે કહેવું,
ઘૃતમાં અરે અનાયાસ
એક ઘૃત. ૨૪૨

જ્વાલા અને વહ્નિ
બન્નેમાં એક અગ્નિ,
વહ્નિ કહેવાથી ભિન્ન
વર્તતું નથી. ૨૪૩

તેમ દૃશ્ય ને દ્રષ્ટા
છે વાંઝણી બેઉ દશા,
બેઉની પરાકાષ્ઠા
નિષ્કર્મ સ્મરણ. ૨૪૪

જોવા જતાં સ્ફુરણ દશાથી
વર્તે એક વિશુદ્ધ સ્ફુરતી,
શું જોઈને કહે આત્મા
થશે દ્રષ્ટા. ૨૪૫

આગળ દૃશ્ય ના ઝબૂકે,
દ્રષ્ટા પાછળ ડોકિયું ના કરે,
દ્રષ્ટાનું નિજને જોવું
સ્ફુરણમાત્ર રે. ૨૪૬

કલ્લોલ જળમાં ભળે,
હેમ હેમમાં આળોટે,
દૃષ્ટિના અથવા પગ રૂંધે
દૃષ્ટિ માંહે. ૨૪૭

શ્રુતિમાં મેળવી શ્રુતિ
દ્યુતિમાં ભેળવી દ્યુતિ,
અથવા તૃપ્તિને પીરસી
તૃપ્તિ અહો. ૨૪૮

ચોપડયો ગોળને ગોળ,
મેરુને હેમ વડે મઢયો,
વીંટાળ્યો અથવા અનલ
જ્વાળા વડે. ૨૪૯

વધારે હવે શું કહીએ
નભની સેજે નભ સૂએ,
કોણ ત્યાં નિદ્રાધીન
જાગ્રત કોણ વા. ૨૫૦

આત્માનું તેમ દ્રષ્ટાપણું
છે રે અદૃષ્ટાપણ સમું,
જોવાની ક્રિયા વિના સહેજ
દ્રષ્ટૃત્વ ત્યાં. ૨૫૧

શબ્દનો સ્પર્શ ન સહે
કર્મ જાણવાનું થંભે,
પ્રતિષ્ઠા અનુભવના શૂન્યે
પરમાત્મમાં. ૨૫૨

આત્માનું નિજને જોવું
સાવ શબ્દલાઘવ ખરું,
જોવા છતાં જોતું નથી રે
કોઈને કોઈ. ૨૫૩

કિંબહુના પ્રકાશે છે
આત્મા આત્મપ્રકાશ વડે,
કોઈના જાગ્રત રહ્યા વિના
જાગૃતિ ત્યાં. ૨૫૪

પોતે છે દર્શન-સ્વરૂપ,
ભ્રમ થાય દૃશ્ય-દ્રષ્ટા અમાપ,
આત્માનો નિજાત્મભાવ
ભ્રમથી ન ભાંગે. ૨૫૫

ન દેખતાં રે દર્પણ
મુખમાં વિલસે મુખપણ,
મુખનું મુખને જોવું-
ન જોવું સરખું છે. ૨૫૬

ગમે તેવો વિસ્તરે તોય
આત્માની એકતા ન વણસે,
કરવા છતાં નિજ સંકોચ
તેહ પૂર્ણ છે. ૨૫૭

આદિત્યના રશ્મિકર
સ્પર્શતા નથી અંધાર,
ત્યાં પ્રકાશની જાણ
થશે કેમ રે. ૨૫૮

રહો અંધાર કાં પ્રકાશ
આત્મા છે એકનો એક,
જેમ રહે રવિ એકાકી
સદાસર્વથા. ૨૫૯

અહો ગમે તે ભૂમિકા
પ્રકટાવો નવનવાં કૌતુક,
આત્માને ન હાનિ-લાભ
નિજ દશામાં. ૨૬૦

સિંધુ સીમાડા ન છોડે,
સળ જળમાં ન પડે,
તરંગો અગણિત ઊપસે
સિંધુમાં જો. ૨૬૧

રશ્મિ સૂર્યમાં વસે છે,
દૂર બિંબથી ભમે છે,
સૂર્યની ઉપમા એટલે
પરમને ન છાજે. ૨૬૨

અરે કપાસના ડોડા
સદંતર ભાંગ્યા વિના-
ઢંકાય ન વિશ્વ વસ્ત્રે
તેથી ન તે ઉપમા. ૨૬૩

ન ભાંગતાં સુવર્ણ
રાખીએ આખું હેમ-
અલંકારો સર્વાંગને
ન મળે, તો. ૨૬૪

તોડીએ ન જો પ્રતિબંધો
દિશાથી આન દિશાએ,
જવા ન પામશું, તેથી
તેની ન ઉપમા. ૨૬૫

આત્માની આત્મલીલા
અનુપમેયા આત્મકલા,
આત્માને તોલે આવે
એક આત્મા. ૨૬૬

નિજ પ્રકાશના ગ્રાસ
આરોગે સત્વરે સત્વર,
અન્ન ન ખૂટે કિંતુ
ઉદર ખાલી. ૨૬૭

એવા અનુપમ પ્રકારે
નિજમાં વિલસે ઉલ્લસે,
આત્મા રાજે વિરાજે
નિજ રૂપમાં. ૨૬૮

તેને તું કહીશ અજ્ઞાન
મોકલી ન્યાયને રાનોરાન,
તારું તે મિથ્યા કથન
ઉપસહીશું. ૨૬૯

પ્રકાશકને કહેવું અજ્ઞાન
એવું જો તારું વચન,
તો નિધિદર્શક અંજન
શું મેશને કહીશું. ૨૭૦

સુવર્ણની ગૌર અંબિકા
કહેવાય છે કાલિકા,
તેમ આત્મપ્રકાશ કને
અજ્ઞાન સંજ્ઞા. ૨૭૧

પરબ્રહ્મથી પૃથ્વી સુધી
અનંત તત્ત્વજ્ઞાન વીચિ,
આત્માનાં પ્રકાશ-રશ્મિ
પ્રજ્વળે છે. ૨૭૨

જેથી જ્ઞાન થાય સજ્ઞાન
દૃશ્ય-દ્રષ્ટાને દૃષ્ટિનો લાભ,
પ્રકાશ જેથી પામે પોતે
પ્રકાશપણું. ૨૭૩

તેહને નિકૃષ્ટ જન
આપે સંજ્ઞા અજ્ઞાન,
બાંધશે તમ-ગાંસડીમાં
સૂર્યને તે. ૨૭૪

જ્ઞાન શબ્દની પાછળ
યોજવામાં અ-અક્ષર,
શબ્દચાતુર્ય અપૂર્વ
છલકે અરે. ૨૭૫

અરે લાખના પટારામાં
શું છે વહ્નિ રાખવામાં,
રાખતાં કરશે અંતર-બાહ્ય
અગ્નિરૂપ. ૨૭૬

જ્ઞાનથી જગત ઓતપ્રોત
છતાં નિરૂપે અજ્ઞાનવાદ,
વાચા-વિલાસ તેનો થશે
અર્થરહિત. ૨૭૭

ઉચ્ચારે શબ્દ ગોવધ
અને તે હો અનૃતવાદ,
દ્રોહરો દોષ, જ્ઞાનમાં તેમ
આણતાં અજ્ઞાનવાદ. ૨૭૮

ઉચ્ચારતાં શબ્દ અજ્ઞાન
થાય આત્માનું અર્થસ્ફુરણ,
એ શું માનશો નહિ
જ્ઞાનરૂપ. ૨૭૯

છો રહો, દિવ્ય આત્મા
માણે નિજમાં નિજ પ્રભા,
લાડકોડથી જો એ નિજને
બહુ પ્રકારે. ૨૮૦

જે વિચાર સન્મુખ ન ટકે
તે શું દૃષ્ટિ સન્મુખ થશે,
સત્તા નિરપેક્ષ ટકશે
દૃષ્ટિ સન્મુખ. ૨૮૧

જગતનું જે છે જ્ઞાન
નિજની ઊપજ કહે અજ્ઞાન,
અનુમાનથી થાય સિદ્ધ
અજ્ઞાન-સત્તા. ૨૮૨

અરે નથી ત્રિ વાર અજ્ઞાન
વ્યાપ્ત છે જગતમાં જ્ઞાન,
ધર્મધર્મી સ્વભાવ કેવો
જ્ઞાનાજ્ઞાનમાં. ૨૮૩

મોતી શું જળને સર્જશે,
રાખમાંથી દીપ નીપજશે,
તો થશે જ્ઞાન સધર્મ
અજ્ઞાનનો. ૨૮૪

ચંદ્રથી ઝરશે જ્વાળા,
આકાશથી ઊતરશે શિલા,
ઊપજશે તો શુદ્ધ જ્ઞાન
અજ્ઞાનથી. ૨૮૫

ક્ષીરાબ્ધિમાં કાલકૂટ
ઊપજ્યું હતું વિકટ,
કાલકૂટમાં કિંતુ અમૃત
ઊપજશે શું. ૨૮૬

જ્ઞાનથી ઊપજશે અજ્ઞાન
તો ઊપજતાં વિનષ્ટ જાણ,
શેષ એક શુદ્ધ જ્ઞાન
રહે એકાકી. ૨૮૭

તસ્માત્ સૂર્ય સૂર્યસમા
ચંદ્રને ચંદ્રની ઉપમા,
દીપ છે દીપ સમા
સત્ય જાણ. ૨૮૮

પ્રકાશને કહેતાં પ્રકાશ
ઘડતો નથી પ્રમાદ,
અરે જગ છે સમસ્ત
વસ્તુપ્રભા. ૨૮૯

વિભાતી યસ્ય ભાસા
સર્વમ્ ઇદમ્ એવી કથા,
શ્રુતિ શું વ્યર્થમાં
ઉચ્ચરે છે. ૨૯૦

તસ્માત્ વસ્તુમાં પ્રભા,
વસ્તુને તેથી શોભા,
વસ્તુ લહે પ્રભાનો લાભ
સત્ય જાણ. ૨૯૧

વસ્તુને પોતાના વિના
પ્રકાશિત નિજને કરવા,
હેતુ અજ્ઞાન કહેવું
સાવ મિથ્યા. ૨૯૨

એટલે અજ્ઞાન સદ્ભાવ
કેમે કરી નથી સિદ્ધ,
ઊલટું જોવા જતાં મિથ્યા
અજ્ઞાન હોય. ૨૯૩

તમની અરે પ્રતીતિ
સદંતર દિનકરને નથી,
નિશાના ગૃહમાં પ્રવેશે
તોયે નથી. ૨૯૪

નિદ્રાને પાલવમાં ભરે
તે જાગૃતિને ખુવે-
રહે એક ઝળહળતું
સભાનપણું. ૨૯૫

इतिश्री अज्ञानखंडनम नाम सप्तम् प्रकरणम् संपूर्णम ।। ७ ।।

પ્રકરણ આઠ

જ્ઞાનખંડનમ્

અમે જ્ઞાનેશ્વર નામ ધરીએ
મર્મ અજ્ઞાનનો ન જાણીએ,
નિજ દશા એવી અમને
ગુરુદેવે દીધી છે. ૧

છીએ કેવા અમો
જોવા જતાં અહો,
કહીએ શું, આવે
લાજ અમને. ૨

ગુરુદેવે આપ્યું સ્વધામ,
આપ્યું આનંદ નિધાન,
સમાવી ન શકીએ ત્યાં
નિજને નિજમાં અહો. ૩

આત્મપણું સહેવાતું નથી
સહેવાય ન સ્વસંવિત્તિ,
ઉપલબ્ધિ કૈવલ્યની, છતાં
ભેદ ઊપજતો નથી. ૪

કરે આ દશાની ગોષ્ઠિ
ઊપજી ન તે વાક્સૃષ્ટિ,
જોઈ શકે અમને તે
ઊપજી ન દૃષ્ટિ. ૫

કરે અમોને વિષય
ઊપજ્યો નથી એવો વિષયી,
નિજ ભણી ન પોતે
વિષય અમે. ૬

પ્રકટવું રહેવું છદ્મસ્થ
અશક્ય, નથી નવલ,
કેમ કે હોવાપણું સમૂળ
વર્તતું નથી. ૭

કિંબહુના શ્રીનિવૃત્તિનાથે
રાખ્યા છે અમને જે દશાએ,
આપી શકાતી નથી તે
વાચાના હાથમાં. ૮

થવા માટે ત્યાં સન્મુખ
શું ગજું ધરાવે અજ્ઞાન,
મરેલી માયા શું રે
થાય સજીવન. ૯

અરે અજ્ઞાનની પ્રવૃત્તિ
ગ્રામમાં જે નથી થતી,
જ્ઞાનની ત્યાં વાતલડી
કોણ જાણે. ૧૦

હોય નિશા ત્યાં દીપક
થઈ પડે છે આવશ્યક
સૂર્યોદયે પ્રજ્વલન
શ્રમ વ્યર્થનો. ૧૧

અજ્ઞાન જ્યાં અનુપસ્થિત
વિરમે ત્યાં જ્ઞાન સમસ્ત,
નિમિષ ઉન્મેષનો પંથ
અવરુદ્ધ ત્યાં. ૧૨

આમ તોયે જ્ઞાનાજ્ઞાન
ઉભયનાં નામાભિધાન,
અર્થભેદે આનાન
વિસ્તર્યાં અહો. ૧૩

અરે જો દંપતી પરસ્પર
શિરચ્છેદે બદલે શિર,
શિર ન બદલે, નીપજે
ઉભયનું મરણ. ૧૪

રાખે જો પીઠ પાછળ
તો દીપ જાય નિરર્થક,
અંધારું જે જોઈ શકે
તે તેજ કેવું. ૧૫

સદંતર જે ન જણાય
તે જ અજ્ઞાન કહેવાય,
જેહથી સર્વ જણાય
તે અજ્ઞાન કેવું. ૧૬

જ્ઞાન અજ્ઞાનમાં પ્રવેશે
અને જ્ઞાનાજ્ઞાન પીગળે,
એવં એઉની મિથ્યતા
સહજ સિદ્ધ. ૧૭

જાણ અર્પે અજાણપણું,
અજાણતાં દે શાણપણું,
જીવશે ક્યારે ગરીબડાં
જ્ઞાનાજ્ઞાન. ૧૮

એવં જ્ઞાનાજ્ઞાન ઉભય
ગળી જઈ અહોરાત્ર,
ચિદ્‌ગગનમાં ઉદિત સહજ
ચિતાદિત્ય આ. ૧૯

इतिश्री ज्ञानखंडनम् नाम अष्टम् प्रकरणम् संपूर्णम् ॥ ८ ॥

પ્રકરણ નવ

જીવનમુક્તદશા-કથન

હવે આમોદ થયા ઘ્રાણ
શ્રુતિ આપમેળે શ્રવણ,
અને થયાં દર્પણ
સલોચન અહો. ૧

સમીર નિજને આપણ
વીંઝતો થયો વીંઝણ,
માથું થઈ ચંપકપુષ્પ
મહેકી ઊઠ્યું. ૨

જિહ્વા સર્વાંગે રસરૂપ
કમળે લહ્યું સૂર્યરૂપ,
ચકોર કિંબહુના બન્યો
ચંદ્ર પોતે. ૩

પુષ્પો થયાં રે ભ્રમર,
થઈ ગઈ નારી નર,
નિદ્રાળુ પોતે થયો
સેજ નિજની. ૪

દ્રષ્ટારૂપ શુદ્ધ હેમ
શોભે છે નાગર,
તે સદેહે છે થયું
અલંકાર સકળ. ૫

આમ્રપલ્લવ થયાં કોયલ,
થઈ કાયા મલયાનિલ,
રસ થયા રે સકળ
રસના સ્વયં. ૬

તેમ ભોગ્ય અને ભોક્તા,
દશ્ય નિખિલ ને દ્રષ્ટા—
ઓગળ્યા અખંડ એકરસમાં
પરબ્રહ્મમાં. ૭

સેવતી પુષ્પથી બહાર
નથી જતાં લવભર,
પાંખડીઓ સહસ્રાધિક
ખીલવા છતાં. ૮

નવનવા તેમ અનુભવો
ઘટતા દેખાય વ્યવહાર,
છતાં છે પરમ સત્તા
અક્રિય અદ્વય. ૯

એટલે વિષય-સમુદાય
આકર્ષે ઇન્દ્રિય સકળ,
ઇન્દ્રિયો ગ્રહે સત્વર
વિષય નિજ નિજનો. ૧૦

દૃષ્ટિ અરીસાને સ્પર્શે
તત્ક્ષણ નિજને જુએ,
એવું છે વિષયગ્રહણે
વૃત્તિમાત્રનું. ૧૧

નાગવીંટીકંકણ
ત્રિલિંગી ભેદલક્ષણ,
લોહતાં થાય સુવર્ણ
હસ્તગત. ૧૨

લાવીશું વીણી કલ્લોલ
નાખે જળમાં કરતલ,
ત્યાં તો નીર નિર્મલ
હાથ આવે. ૧૩

હાથ પામે મૃદુલ સ્પર્શ
લહે લોચન લાવણ્યરૂપ,
ગ્રહે રસના મધુર અંશ
એક કર્પૂરે. ૧૪

છતાં પરિમલ વિના
કર્પૂરે ન અન્ય લક્ષણા,
તેમ વિવિધ સ્ફુરણ માંહે
પરબ્રહ્મ એક. ૧૫

તેથી શબ્દાદિ પદાર્થ
શ્રોતાદિકોના હાથ,
ગ્રહણ કરવા ઉદ્યુક્ત
નિત્ય જ્યાં અરે. ૧૬

સંબંધ ઘટિત થતો નથી,
અને ઇન્દ્રિયો શમતી નથી,
તે ઘડીએ આત્મા શેષ
સંબંધ લોપે. ૧૭

શેરડીમાં જે છે લોચન
તે સઘળે જ રસમય જાણ,
સકળ કળાએ શોભે ચંદ્ર
પૂર્ણિમાનો. ૧૮

પેઢી સુધા ચંદ્ર ઉપરે,
થઈ વર્ષા સાગરજળે,
કર્ણ-વિષયનું તેમ
આલિંગન અરે. ૧૯

એટલે મુખમાંની વૈખરી
ગમે તે કાઢે બોલી,
વણસતી નથી સમાધિ
મૌન મુદ્રાની. ૨૦

અનંતાનંત વ્યાપાર
ઊગે-આથમે નિરંતર,
તોયે ન ચળે ડગલું
અક્રિય પદનું. ૨૧

વૃત્તિઓ હાથ લંબાવે,
દૃષ્ટિ વિષયોને આલિંગે,
યથાર્થમાં શો હાનિલાભ
કોઈનો અહો. ૨૨

ઊંચકવા નહિ અંધારને
હજારો રશ્મિ પ્રસરે,
યથાર્થમાં એકાકી છે
રવિ સર્વથા. ૨૩

સ્વપ્નમાંનું વિલાસરત્ન
જોવા ઊઠે મોહ પ્રબળ,
જાગ્રત થતાં કિંતુ પામે
પુરુષ નિજને. ૨૪

ઉદ્ભવતાં ભાવ નિર્વિષય
શું જ્ઞાની થાય સવિષય,
જ્ઞાનીનું હોવું-ન હોવું
કોણ જાણે. ૨૫

ચંદ્ર વીણે નિજ સુધાને
ત્યાં વીણે કોણ કોને,
વાંઝ સ્મરણોનો અરે
વ્યર્થ પ્રસવ. ૨૬

પ્રત્યાહારાદિ અષ્ટાંગ
પ્રણવે, એવો સહજ યોગ,
અષ્ટાંગ યોગ અહીં અપ્રભ
જેમ ચંદ્ર દિવસમાં. ૨૭

પ્રવૃત્તિ અહીં આથમે
અપ્રવૃત્તિ લાવણ્યે શોભે,
અહીંનો સર્વ વ્યવહાર
પ્રત્યંગમુખ અરે. ૨૮

દ્વૈતદશાનું આંગણ
વાળે અદ્વૈત આપણ,
ભેદ થતાં વર્ધમાન
અભેદ વધે. ૨૯

કૈવલ્યથી ચડિયાતું
વિષયસેવન તેહનું,
ભક્ત ભજ્યનું પરમ ઐક્ય
ભક્તિધામમાં. ૩૦

ગ્રહમાં જો ડગલું ભરે
ગ્રહ જ તો માર્ગ બને,
સ્વસ્થ રહે તોયે ગૃહ છે
ઉપલબ્ધ રે. ૩૧

ગમે તે કરવા છતાં
નથી પ્રાપ્તવ્ય જગતમાં,
ન કરે તો અનુપલબ્ધ
કાંઈ નથી. ૩૨

સ્મરણ કાં વિસ્મરણ
અહીં છે સહેજે અસંભવ,
અહીંનો સર્વ વ્યવહાર
અસાધારણ. ૩૩

સ્વેચ્છા છે વિધિવિધાન,
સ્વૈરતા સમાધિ જાણ,
મોક્ષલક્ષ્મી આ દશાનું
દ્વાર રાખે. ૩૪

દેવ થયા પોતે ભક્ત,
પ્રારબ્ધ પોતે થયું પંથ,
પરિણમ્યું સઘળું વિશ્વ
એકાંતમાં. ૩૫

પ્રકટાવે સ્વચ્છંદે દેવદશા
ગમે ત્યાં દેખાડે ભક્તદશા,
સ્થિર થયે ઐશ્વર્ય ખૂલે
અક્રિય દશાનું. ૩૬

દેવના અપૂર્વ વિસ્તારે
વિલયન દેવાલય પામે,
દેશકાળઓઘ થંભે
ચિન્માત્રમાં. ૩૭

દેવ ન દેવમાં સમાયે,
દેવીનો પ્રવેશ ન ક્યાંયે,
તેથી બહુત્વનો પરિવાર
ઘડતો નથી. ૩૮

છતાંયે સ્વામી-ભૃત્ય સંબંધી
શ્રદ્ધા સહસા ઊમટી,
તો બને છે પોતે ઉભય
સ્વકામ વડે. ૩૯

નિખિલ ઉપચારોમાં,
જપ-ધ્યાન નિરધારોમાં,
અન્ય ન સંસારમાં
પરમ સત્તા વિના. ૪૦

હવે તો દેવને દેવ
ભજે અર્પી દેવભાવ,
સમર્પણ કાજે પ્રયોજે
ગમે તે ભાવ. ૪૧

જોવા જતાં વૃક્ષમાં
વૃક્ષ છે પત્રપુષ્પમાં,
વિરાટ વિસ્તરવા છતાં
અન્ય કશું નથી. ૪૨

દેવ-દેવાલય પરિવાર
સર્જે છે કોતરી ડુંગર,
ભક્તિનો તેમ વ્યવહાર
થાય છે અરે. ૪૩

મૂંગો જો મૌનવ્રત લે,
લે, ન લે, ફેર શો છે,
દેવ-ભક્તમાં તેવું છે
દેવપણું. ૪૪

અક્ષતમય જે દેવતા
જે અક્ષતમાં ન પૂજતા,
અને પૂજતાં અક્ષત વડે
લાભ શો છે. ૪૫

દીપ્તિનાં પરિધાનો
દીપકકલિકાને કહે ઓઢો,
તો ન ઓઢતાં શું રહેશે
તે અનાવૃત. ૪૬

ચંદ્રને અથવા જ્યોત્સ્ના
કહીએ ન આગ્રહે ઓઢવા,
તો શું સુધાકર નિજમાં
પરિપૂર્ણ નથી. ૪૭

અગ્નિમાં અગ્નિપણું,
સર્વાંગમાં વહ્નિપણું-
શીદ આંચ આપવી પડે
અગ્નિને અહો. ૪૮

ભજન કરતાં થાય ભજન,
ન ભજતાં છે અભક્તપણ,
એવું નથી અહીં સહજમાં
શિવદશામાં. ૪૯

હવે ભક્તિ અને અભક્તિ
બેસી આરોગે એક પંક્તિ,
કર્મ-અકર્મના જ્યોતિ
ઓલવાઈ ગયા. ૫૦

દેખ ઉપનિષદો સકળ
નિંદે, શિવ અવિકળ,
નિંદા જ તેહની વિશદ
સ્તોત્રો બને. ૫૧

સહજે કાં નિંદાસ્તુતિ
મૌન માંહે પરિણમતી,
અને રહેતાં તે અબોલ
સહજ મૌન છે. ૫૨

ગમે તેમ યોગી વર્તે
અખંડ શિવયાત્રા પ્રવર્તે,
શિવ ભણી જવું ન જવું
એકસરખું. ૫૩

ચાલવું અને બેસવું
બેઉ થાય ન એકું,
સહજ યોગમાં કિંતુ
તે જ કૌતુક. ૫૪

સહેજ લોચન ભમે
શિવદર્શન તો પામે,
છો ગમે તે દૃશ્ય, અત્રે
શિવરૂપ પામે. ૫૫

દેખાય શિવ સન્મુખ
તેમાં ન અલૌકિક,
કેમ કે વર્તે ચિરૈક્ય
દેવભક્તમાં. ૫૬

દેખ દડો પોતે ઊડે,
ઊડીને નીચે પડે,
પછી ઊછળી સમાયે છે
નિજમાં અહો. ૫૭

દડાની એવી રમત
જોઈ હોય સકૌતુક-
તે જાણશે જીવનગતિ
સહજ યોગીની. ૫૮

લવ પણ ન કર્મ સ્પર્શે,
પળ પણ ન જ્ઞાન પ્રવેશે,
આત્મજ્ઞાનમાં ઘડે એવી
સહજોપાસના. ૫૯

જે ન નીપજે ન ઉપશમે,
નિજ રંગે નિજમાં રમે,
કેવા સુખની અપાશે
ઉપમા ત્યાં. ૬૦

એવો સહજ અકૃત્રિમ
છે રે ભક્તિનો મર્મ,
યોગજ્ઞાન પામે છે ત્યાં
વિશ્રામધામ. ૬૧

હતા સ્વરૂપમાં એક
નામરૂપમાં ભાસે અનેક,
ઓગળી એકાનેક શેષ
હરિહર રહે. ૬૨

અર્ધ નારી-નટેશ્વર
ઉભય ગળે છે પરસ્પર,
કિંતુ ગ્રહણમાં ગ્રાસ
એકતાનો. ૬૩

ભક્ષી સકળ વાચ્યજાત
પ્રાશી નિજનું વાચકત્વ,
અત્રે પામે પરાલય
નિજ સ્વરૂપમાં. ૬૪

શિવા, શિવા રે
સ્વામી સમર્થા રે,
વિરાટ આનંદભૂમિનાં અમને
કર્યાં ચક્રવર્તી. ૬૫

જાગ્રતને જગાડયા તમે,
સુવાડયા અભાવને તમે,
પ્રસ્થાપ્યા અમને તમે
નિજ રૂપમાં. ૬૬

અમે છીએ તમારા સર્વથા
છતાં પ્રશંસો કહી અમારા,
તમને જ છાજે એવી
પુનરુક્તિ હો. ૬૭

કોઈનું કાંઈ ન ગ્રહો
નિજનું કાંઈ ન અર્પો,
જાણે કેવું ભોગવો છો
ગુરુશિષ્ય ગૌરવ. ૬૮

ગુરુત્વે સહજ સઘન,
તારકત્વે લઘુ છો આપણ,
ગુરુલઘુમાં ભેદ માને તે
સાવ અજ્ઞ. ૬૯

શિષ્યને ભાગ અર્પતાં
વણસતી જો એકતા,
શીદને શાસ્ત્રો થતાં
ભાટ આપનાં. ૭૦

કિંબહુના જી દાતારા
હું-તુંના વ્યવહારા—
જે શમવે તેના સગા
થાઓ સુખે. ૭૧

इतिश्री जीवनमुक्तदशा-कथन नाम नवमू प्रकरण संपूर्णम् ॥ ९ ॥

પ્રકરણ દસ

ગ્રંથવિહાર

અહો શ્રીનિવૃત્તિનાથ
વરદ હસ્તે કર્યો સનાથ,
તે સુખ ભોગવા ઇચ્છું
જો નિરાંત. ૧

તો મહેશે રવિને અર્પણ
કર્યાં જે પ્રકાશ-કિરણ,
તત્પ્રકાશે પ્રકાશિત થયું
અખિલ વિશ્વ. ૨

ચંદ્રને અર્પ્યું અમૃત
એકલો ન પ્રાશે સર્વ,
સિંધુ મેઘને જે જળ અર્પે
એકલો ન રાખે. ૩

દીપકનો જે પ્રકાશ
કરે ગ્રહને આલોકિત,
ગગનમાંનો અવકાશ
જગદાર્થે. ૪

ઊછળે સમુદ્ર અગાધ
તે સુધાકરનું સામર્થ્ય,
અહો વસંતઋતુના બળે
વનો દાનવીર. ૫

એટલે આ છે અમર્યાદ
ગુરુદેવનું જ ઔદાર્ય,
બળ માહરું સ્વતંત્ર
લેશ ન વર્તે. ૬

કિંતુ આટલો વિસ્તાર
શીદને આદરું પરિહાર,
પ્રભુ-પ્રભાવ વિન્યાસને
ઊણપ આવશે. ૭

કર્યું છે જે જે કથન
તે છે સહજ પ્રકટ જાણ,
સ્વયં પ્રકાશિતને કેમ કરવું
પ્રકાશિત અરે. ૮

જો રાખ્યું હોત કદાચ
અમોયે નિજમાં મૌન,
જોયું ન હોત જગત
શું જનોએ. ૯

દેખે જો જનને જન
દૃશ્ય-દ્રષ્ટા બન્ને આપણ,
સ્વયંસિદ્ધ આત્મા વિણ
વર્તે ન અન્ય. ૧૦

આનાથી અન્ય કાંઈ
સંવિત રહસ્ય નાહીં,
ગ્રંથપૂર્વકાળે જે હતું
પ્રકટ સહજ. ૧૧

કર્યો કેમ ગ્રંથ પ્રારંભ
એવું કહેશે જો કોઈ,
સિદ્ધાનુવાદ કર્યો છે
પ્રેમવશ અમે. ૧૨

પ્રિય વસ્તુ નિત્ય એક
ઊપજાવે રુચિ નવોનવ,
અમારો સિદ્ધાનુવાદ
ઉચિત તેથી. ૧૩

માત્ર એ તદર્થે અમે
ખોલ્યું છે ગોપ્ય અરે,
એવું નથી, પ્રકાશિત છે
આપમેળે. ૧૪

છીએ પૂર્ણસ્થિતિમાં અમે,
વ્યાપ્ત સર્વત્ર અમે,
લોપવું કે પ્રકટવું
કેવું અમને. ૧૫

પોતાને પોતે આપણ
વેચવું શું નિજ નિરૂપણ,
સેવતાં ગુમાવશે મૌન
કોણ શું ત્યાં. ૧૬

મ્હારી બોલકણી વૈખરી
મૌનનું પણ મૌન ખરી,
છે જળમાં ચીતરેલી
માછલડી. ૧૭

અહો દશોપનિષદોએ
કથ્યું ન આથી વધારે,
જોઈ આત્મબોધ અત્રે
સ્થિરાવ્યો છે. ૧૮

જ્ઞાનદેવો કહે શ્રીમંત
એવું જે અનુભવામૃત,
તે સેવી જીવન્મુક્ત
થાઓ જન. ૧૯

મુક્તિ છે મૃદુ મધુર
અનુભવામૃત મધુરામધુર,
જોઈ થાય છે મોહિત
મુક્તિ પોતે. ૨૦

ચંદ્ર નિત્ય પ્રવર્તે
પૂનમમાં પણ સવિશેષે,
સૂર્ય દૃષ્ટિ હોઈ અમે
શું એમ કહીશું. ૨૧

અહો પ્રિયાના આલિંગનમાં
સમાવે ન અંગ નિજાંગમાં,
હોવા છતાં યૌવનપૂર
અન્ય સમયે. ૨૨

વસંત જ્યારે પધારે
પત્રપુષ્પફળ ડાલે,
વૃક્ષ ગગનમાં આરૂઢે
પ્રેમભરે. ૨૩

એટલે આ બોલવું
અમારું છે અનુભવામૃતપણું,
નેહભર્યું છે પીરસવું
જીવનામૃત. ૨૪

મુક્ત મુમુક્ષુ બદ્ધ
વર્તે છે યોગ્યતા-ભેદ,
ચાખ્યો ન જ્યાં સુધી સ્વાદ
જીવનામૃતનો. ૨૫

જે ગંગાવગાહન કરે
તે નીર ગંગા બને,
તિમિર જેમ બાથ ભરે
આદિત્યને રે. ૨૬

પારસને ભેટ્યું નથી
ખરુંખોટું છે ત્યાં સુધી,
કસે પારસ ત્યાં પરખાયે
શુદ્ધ છે કયું. ૨૭

તેમ જે આ ગ્રંથને
ભેટશે અર્થગર્ભને,
જલૌઘ સાગર જેવા
અમૃતમય થશે. ૨૮

ૐકારના અકારમાં
નિહિત માત્રા પચાસના,
તેમ આ ચરાચરમાં
એક બ્રહ્મ. ૨૯

નિર્દેશ પરમાત્મા ભણી
કરે એવી નથી અંગુલિ,
સર્વ વિશ્વમાં વ્યાપ્ત
શિવ છે અરે. ૩૦

એટલે જ્ઞાનદેવો ભણે
અહો આ અનુભવામૃતે,
નિખિલ વિશ્વ ભોગવશે
પરમાનંદ. 31

इतिश्री ग्रंथपरिहार नामक दशम् प्रकरणम् समाप्तम् ॥ १० ॥

નાથ-સંકેત-રહસ્ય

શ્રીજ્ઞાનેશ્વરી ગ્રંથમાં આપણને 'નાથસંકેતુ', 'નાથ પંથી ચા દંશુ' એવા શબ્દપ્રયોગો જોવા મળે છે. મૂળ ગ્રંથનું વિવરણ, જ્ઞાનેશ્વરીલેખનનું મુખ્ય પ્રયોજન હોવાથી, તેમ જ શ્રીમદ્ ભગવદ્ગીતા ગ્રંથ સમન્વયાત્મક હોવાથી, નાથ-સંકેતનું સવિશેષ સ્પષ્ટીકરણ જ્ઞાનેશ્વરીમાં કરવું ઘટિત પણ ન હતું. શ્રીઅમૃતાનુભવ ગ્રંથમાં શ્રીજ્ઞાનેશ્વર મહારાજે નાથ-સંકેતને વિશદ રૂપમાં મૂક્યો છે. શાંભવ તત્ત્વજ્ઞાન અને શાંકર તત્ત્વજ્ઞાનનો ભેદ ત્યાં માર્મિક શૈલીમાં વ્યક્ત કરવામાં આવ્યો છે. વેદાંત-અદ્વૈત અને ચિદ્દ્વૈતમાં જે પાયાનો ભેદ છે તે સમજવામાં અનુભવામૃત ગ્રંથ ઘણો જ ઉપકારક નીવડે છે. ચિદ્દ્વૈતમાં આત્મતત્ત્વ વિશે તથા મહાતત્ત્વ વિશે એક અભૂત-પૂર્વ સ્વતંત્ર દર્શન આપણને જોવા મળે છે.

શ્રીજ્ઞાનેશ્વર મહારાજ વેદાંતની અગર તો શાંકર તત્ત્વજ્ઞાનની પરિભાષા ભાગ્યે જ વાપરતા હોય છે. માયા, અજ્ઞાન તેમ જ જગતનું મિથ્યાત્વ સમજાવવાની તેમની શૈલી અને માંડણી વેદાંતથી જુદી તરી આવે છે. જ્ઞાનનું સ્વરૂપ પણ જુદી જ ભાષામાં અભિવ્યક્ત થયેલું જોવા મળે છે.

શ્રીઅમૃતાનુભવ શાંભવ ચિદ્દ્વૈત કેવી રીતે અભિવર્ણિત થયેલ છે તે જરા જોઈએ.

મંગલાચરણમાં શ્રીનિવૃત્તિનાથને વંદન કરતી વખતે લખ્યું છે —

अक्षरम् अनारव्येयम् अजम अव्ययरूपम् आनन्दस्वरूपम् ।

દેખીતી રીતે જ આ વંદન જ્ઞાનેશ્વરના મોટાભાઈ નિવૃત્તિનાથને ઉદ્દેશીને નથી. વંદન છે પરમાત્મતત્ત્વને. શરીરધારી ગુરુતત્ત્વને વંદન છે. નાથપરંપરામાં— "अकिञ्चित् चिन्तकस्यैव गुरुणा प्रतिबोधितः । उत्पद्यते य आवेशः शाम्भवः स उदाहृतः ॥ — એવું સમાવેશાત્મક વંદનનું વર્ણન આવતું હોય છે.

પ્રથમ પ્રકરણના અંતમાં મહારાજ કહે છે —

ત્યાગીને લવણપણાનો લાભુ, લવણે સેવ્યો સિન્ધુપણાનો લાભુ,
તેમ અહંત્યાગીને શંભુ, શાંભવી પદ વ્હોર્યું છે.
શિવશક્તિ સમાવેશ ગ્રહીને, નમન કર્યું છે ગુરુને,
રંભા ગર્ભે અવકાશમાં આરોહે જેમ નિરાંતે.

કેળનું થડ છોલવા જઈએ ત્યારે અંતમાં આકાશરૂપ અંતરંગ જ હાથ આવે છે, તેમ સમાવેશ – નમનમાં શૂન્યતા જ શેષ રહે છે.

વેદાંત અદ્વૈતમાં 'ब्रह्म सत्यं जगन्मिथ्या'નું પ્રતિપાદન હોય છે. ચિદ્દ્વૈત જગતના મિથ્યાત્વને તદ્દન નવી અને નરવી દૃષ્ટિએ માંડે છે. માયાને અસત્ રૂપ ન માનનારા ચિદ્દ્વૈતીઓ જગદાભાસને ભ્રમરૂપ માનતા નથી. જગતને ઈશ્વરની માયાશક્તિનો આવિષ્કાર માને છે. આ આભાસ 'आसमन्ताद्भासः' છે કારણ કે પ્રભુની ઇચ્છા + જ્ઞાન + ક્રિયાશક્તિનો આવિષ્કાર છે. વેદાંતમાં અજ્ઞાનનો ઘણો મોટો ચાડિયો ઊભો કરેલ જોવા મળે છે. 'अतस्मिंस्तद्बुद्धिः जगदाभासः' અર્થાત્ મિથ્યાજ્ઞાનથી થનારો અધ્યાસ જગદાભાસનું મૂળ કારણ છે એવો વેદાંતનો સિદ્ધાંત છે.

અમૃતાનુભવમાં જ્ઞાનેશ્વર મહારાજ વિશદરૂપે વિસ્તારપૂર્વક નિવેદન કરતા દેખાય છે કે અજ્ઞાન છે જ નહિ. જ્ઞાનના અભાવને તો અજ્ઞાન કહી જ ન શકાય. કેમ કે આખો જગદાભાસ જ્ઞાન પર આધારિત છે. જો જ્ઞાન ન હોય તો જગત રહેતું નથી એટલું જ નહિ, કંઈ પણ રહેતું નથી.

ચિદ્દ્વૈત કહે છે કે સંકુચિત જ્ઞાન એટલે કે 'अपूर्णम्मन्यता' જગદાભાસનું આદિકારણ છે. સંકુચિત જ્ઞાનમાંથી ભેદનો ભ્રમ નીપજે છે. જે કંઈ છે – વ્યક્ત અથવા અવ્યક્ત — તે સઘળું પરમાત્માનું રૂપ છે, પરમાત્માનો પોતાની શક્તિસહિત આવિષ્કાર છે.

જગદાભાસ મિથ્યા નથી, જીવનું અસ્તિત્વ જેમ અને જેટલું સત્ય તેટલો જ સત્ય જગદાભાસ છે. જીવ સત્ય અને તેનો અનુભવ અસત્ય એમ જો માનીએ તો બોલવુંચાલવું તથા વ્યવહારમાત્ર અશક્ય થઈ જશે. 'વિચાર'નો આધાર ઢળી પડશે. મને લાગે છે કે આટલું તો વેદાંત પણ માનતું હશે. તત્ત્વનિર્ણયમાં જુદાઈ દેખાતી નથી. જુદાઈ દેખાય છે તત્ત્વને જોવાની દૃષ્ટિમાં. તાત્પર્ય માયાશક્તિ જગદાભાસનું કારણ હોવા છતાં ભ્રમ નથી, અજ્ઞાન નથી, કેમ કે જગત પોતે જ જ્ઞાનરૂપ છે, ચિદાનંદ રૂપ છે, ચિદ્‌લીલા છે, ચિદ્‌વિલાસ છે. જ્ઞાનનો અભાવ અત્રે સંભવિત નથી.

ભ્રમ કોને કહેવાય ? આકાશને તળ નથી, પૃષ્ઠભાગ નથી, વર્ણ કે રંગ પણ નથી. છતાંય આ બધું આકાશમાં ભાસે છે. આ થયો અધ્યાસ, આ થયો ભ્રમ. જગદાભાસ તેવો નથી. જગત છે અને ભાસમાન પણ છે. ઈશ્વરની માયા ખરી, પણ ભૂરકી નાખે તેવી માયા નથી.

અજ્ઞાન અને અવિદ્યા પણ ભિન્ન છે. વેદાંત માને છે કે અજ્ઞાન આત્મા ઉપરનું આવરણ છે, જેને લીધે જગદાભાસનો ભ્રમ ઉત્પન્ન થતો હોય છે. પરંતુ અજ્ઞાન એ કંઈ તત્ત્વ નથી, એટલે તત્ત્વરૂપે અસ્તિત્વમાં છે જ નહિ. કારણ કે આત્મા સ્વયં જ્ઞાનસ્વરૂપ છે, એમ ચિદ્દ્વૈત કહે છે.

આત્મા, જ્ઞાનાત્મા, પરમાત્મા જ એકમેવ સત્ય છે એમ બધા અદ્વૈત-વાદીઓ માને છે. તેઓ જગતને આત્માથી ભિન્ન માની શકતા નથી, એકરૂપ જોતા નથી, તસ્માત્ જગત છે જ નહિ – ભ્રમરૂપે અસ્તિત્વમાં છે — એવી જગતની વ્યવસ્થા વેદાંતીઓએ કરી આપી.

ચિદ્દ્વૈત કહે છે કે સંકુચિત જ્ઞાનને લીધે — અયથાર્થ જ્ઞાનને લીધે — આત્મા અને જગત ભિન્ન દેખાય છે, જુદા લાગે છે. કામ-ક્રોધ-લોભ, રાગ-દ્વેષ-મોહને જ ઉપાધિ કહેવાય. આ ઉપાધિને જ જીવત્વ કહેવાય. બીજું જીવત્વ કે જીવતું અસ્તિત્વ હોતું નથી. જીવ નામનું કોઈ વિશિષ્ટ એકમ હોતું નથી. એને લીધે જ આત્માને 'વ્યક્તિત્વ' પ્રાપ્ત થાય છે. વ્યક્તિત્વને લીધે જગદાભાસ ઊભો થતો હોય છે. આત્મા ઉપર આવરણ આવતું નથી, પણ તેની ઇચ્છા-જ્ઞાન-ક્રિયા-શક્તિઓ અહંકાર-મન-બુદ્ધિનું રૂપ ધારણ કરી ભેદ જગાડે છે. સાધક જો એકાગ્ર થઈ સદેહ જ્ઞાનીની વાણી સાંભળશે તો સત્સંગસેવનથી અજ્ઞાનનું રૂપ ખુલ્લું થઈ પડશે.

હવે જ્ઞાનપ્રાપ્તિના ત્રણ માર્ગો દેખાય છે: ગુરુતઃ – ગુરુ પાસેથી, શાસ્ત્રતઃ — શાસ્ત્ર-પરિશીલનથી. અને સ્વતઃ — એટલે પોતાના નિદિધ્યાસથી. અજ્ઞાનના મિથ્યાત્વનું ભાન એ જ જ્ઞાનપ્રાપ્તિ. જ્ઞાન માટે બીજો સ્વતંત્ર વિષય નથી. જ્ઞાન એટલે અજ્ઞાનનિરસન.

શ્રવણ મારફત અજ્ઞાનનું નિરાકરણ થયા પછી, અવિદ્યાનું નિરાકરણ કરવું પડે છે, ઘટે છે. વિદ્યા તત્ત્વાર્થના ઊહાપોહ વિના ઉપલબ્ધ થતી નથી. શાસ્ત્રનું પરિશીલન કર્યા વિના, મનન-ચિંતન કર્યા વગર, કેવળ સત્સંગ કે શ્રવણથી વિદ્યા પ્રાપ્ત થતી નથી, અર્થાત્ અવિદ્યાનું નિરસન થતું નથી. વિદ્યાનાં સ્વરૂપો અનંત છે. પોતપોતાના સંસ્કારો અને પ્રકૃતિ વડે ભિન્ન ભિન્ન રૂપોમાં લોકો વિદ્યા પ્રાપ્ત કરશે. તેમાં તારતમ્ય નથી. ગ્રાહ્યાગ્રાહ્યતા પણ નથી. જેની બુદ્ધિ જે દિશા ભણી સહજ જ પ્રવૃત્ત થતી હશે તે દિશામાં સાધકે શ્રદ્ધાપૂર્વક, અનન્યતાથી ગતિશીલ થવું જોઈએ. ત્યારે જ શુદ્ધ જ્ઞાન મળશે.

શુદ્ધ જ્ઞાન એટલે જ પરમ અર્થ પરમાર્થ શાસ્ત્રજ્ઞાનથી ઉપરનો વિષય. એ તો પોતાનામાં જ ઉપલબ્ધ થઈ શકે છે. પોતે જ પોતાનામાં મેળવવાનું એ રહસ્ય છે. ગીતામાં કહ્યું છે:

> न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ।
> तत् स्वयं योगसंसिद्धः कालेनात्मनि विन्दति ॥

શ્રીજ્ઞાનેશ્વર મહારાજની વાણીમાં—

> કર્પૂરને અગ્નિ સ્પર્શતાં, મેશ કે નથી રહેતા મોગરા,
> અગ્નિ શાંત થતાં, જોને જેમ વીરા.

સમૂળગી અવિદ્યા ખાયે, પોતે તત્ક્ષણે અલોપ થાયે,
છતાં જ્ઞાન વિનષ્ટ નથી, અસ્તિત્વ ન ધારે તો એ.
(જ્ઞાનેશ્વરી : ૧૫/૪૩૯-૪૪૦)

થતાં અજ્ઞાન જ્ઞાનમાં લીન, ખ્યાતિ શેષ સર્વત્ર જ્ઞાન,
જેમ બાળીને કાષ્ઠને વહ્નિ, ભસ્મ પોતે બને છે.
ગ્રહીને તેમ જ્ઞાને અજ્ઞાન, તત્ત્વ આપ્યું આપણને જાણ,
જાણ વગરનું ત્યારે ભાન, શેષ કેવળ.
(જ્ઞાનેશ્વરી : ૫/૫૨૭-૨૮)

આત્મદર્શનમાં પ્રત્યવાયુ, એવો અવિદ્યાનો મળ,
નષ્ટ કરે છે શાસ્ત્ર, હું તો સ્વયં પ્રકાશ નિર્મળ.
જેટલાં વિદ્યમાન શાસ્ત્રો, અવિદ્યા વિનાશનાં નિમિત્તો,
ન પામતી અરે સ્વતંત્રતા, વિના આત્મબોધ થતાં.
(જ્ઞાનેશ્વરી : ૧૮/૧૨૩૩-૩૪)

આ પ્રકારે જ્ઞાનેશ્વર મહારાજે શુદ્ધ જ્ઞાનનું સ્વરૂપ અનેક સ્થાનોમાં સ્પષ્ટ કર્યું છે. અવિદ્યા એટલે તો આત્મા-અનાત્મા-વિવેકનો અભાવ. શાસ્ત્રાધ્યયનથી તે નષ્ટ નઈ શકે છે, થાય પણ છે. પરંતુ જ્ઞાનને પ્રતિષ્ઠિત કરવાની શક્તિ શાસ્ત્રોમાં નથી. શુદ્ધ જ્ઞાન એટલે કે પરમાર્થ, સાધકની અનન્યતા–તદ્દાત્મતામાંથી જ ઊપજી શકે છે. તદ્દાત્મતાને કોઈ વિશિષ્ટ રૂપ હોતું નથી. ત્યાં કોઈ જાતનો વિકલ્પ સંભવિત નથી! અનન્યતા બુદ્ધિનો કે શાસ્ત્રનો વિષય નથી. અનન્યતા જાગ્રત થતાં-વેંત તન્મયતાનો પરિમલ પ્રસરવા માંડે છે. જાણ અને ભાન એકરૂપ થાય છે. ભાનમાં સાન છે. ભાનમાં ભાવ છે. એટલે સાધક પોતે 'ભાવ'મય 'ભક્તિ'–રૂપમાં પરિણત થાય છે. બીજી રીતે કહું તો સાધક ભક્ત જ નહિ, 'ભક્તિ' બની જાય છે. તદ્દાત્મતા — અનન્યતા એવી રીતે એક શબ્દાતીત અવસ્થા છે.

तन्मयीभवनं नाम प्राप्तिः साऽनुत्तरात्मनि।
पूर्णत्वस्य पराकाष्ठा सेत्यत्र न फलान्तरम्॥
फलं सर्वमपूर्णत्वे तत्र तत्र प्रकल्पितम्।
अकल्पिते हि पूर्णत्वे फलमन्यत् किमुच्यताम्॥
(तन्त्रालोक : ४/२०९-२१०)

જ્ઞાન અને આત્મજ્ઞાનનું વિવેચન કરતી વખતે અમૃતાનુભવના ત્રીજા પ્રકરણમાં શ્રીજ્ઞાનદેવ કહે છે :

તસ્માત્ બંધ છે કલ્પના, મોક્ષની ક્યાંથી સંભાવના,
અવિદ્યાનું મત્વું પામે છે મોક્ષનું નામ.
જ્ઞાનને બંધનું સંબોધન, શિવસૂત્રોમાં કરે છે આપણ,
જાણીને ઉચિત અવસર, પોતે શ્રી સદાશિવ.

વૈકુંઠનાયકે સુજાણે, જ્ઞાનમાં સમાહિત સત્ત્વગુણે,
સાધક બંધાય છે દુર્ભાગ્યે, એમ કહ્યું છે.

હવે ધ્યાનમાં આવશે કે શ્રીજ્ઞાનદેવનું પરમાર્થનિરૂપણ શાંકરવેદાંતથી કેમ અને કેટલું સદંતર જુદું છે. તેમનું વિવરણ શાંભવ અદ્વૈતદર્શન અગર તો ચિદ્દ્વૈત કહી શકાશે નાથપ્રણાલીને અનુરૂપ છે. નાથ-પરિપાટીમાં જ્ઞાનદેવ પહેલાં થઈ ગયેલા દિગ્ગજ હતા શ્રી અભિનવગુપ્ત. નાથપરંપરાના ગૌરવરત્ન કહેવાય એવી અસાધારણ વિભૂતિ હતા.

ज्ञानस्य चाभ्युपायो यो न तदज्ञानमुच्यते।
ज्ञानमेव तु तत्सूक्ष्मं परं त्विच्छात्मकंमतम्॥

'ज्ञानात् मुक्ति' થઈ શકે, પણ ક્યારે? જ્ઞાન જ્યારે પરમ અર્થમાં અનન્યતામાં વિલીન થાય છે ત્યારે. જ્ઞાન ઓગળીને સૌરભશેષ રહે ત્યારે. અહમ્ ઓગળીને આર્જવ બને ત્યારે. ત્યાં સુધી જ્ઞાન તો રત્નમંડિત સુવર્ણ-બંધ છે.

આ ચરાચર વિશ્વ પરમાત્માની ઇચ્છા-જ્ઞાનક્રિયા-શક્તિનું સ્ફુરણ છે, એટલે સત્ય છે.

मत्त एव उदितम् इदम् मयि एव प्रतिबिम्बितम्।
मदभिन्नमिदञ्चेति, त्रिधोपायस्तु शाम्भवः॥
सा स्फुरता महासत्ता देशकालविशेषिणी।
सैषा सारतया प्रोक्ता हृदयं परमेष्ठिनः॥... इत्यादि

શ્રીજ્ઞાનદેવનો ચિદ્‌વિલાસ — ચિદ્‌લીલા શાંભવ અદ્વૈતનો પરમોત્કટ આવિષ્કાર છે. શાંભવ એટલે શૈવ નથી, શાક્ત પણ નથી અને વૈષ્ણવ પણ નથી હો! અવધૂત છે:

स्वहृदयस्फुरतारूपः परमेश्वर एव देवता।
स्वात्मैव देवता प्रोक्ता ललिता विश्वविग्रहा॥

અવધૂતનો સાધનાપંથ જાણવો છે? —

नास्ति नादात् परः मन्त्रः, न देवः स्वात्मनः परः।
नानुसन्धेः परा पूजा, नहि तृप्तेः परं फलम्॥

આ સાધનાની ફલશ્રુતિ જાણવી છે?

... विश्वरूपोऽहम् विश्वरूपमिदम्—
—इति अखण्डानन्दबृंहितः॥

ધ્યાનમાં રાખવા જેવી વાત છે કે શાંભવો અન્ય દેવતાઓનો વિરોધ કે અનાદર કરતા નથી. પરંતુ સ્વાત્મા જ તેમના દેવતા! તદાત્મા જ તેમની અર્ચના,

અને આત્મસમાધાન એ જ ફલશ્રુતિ. એટલે જ જ્ઞાનદેવપ્રણીત ભક્તિમાં દ્વૈત નથી. દેવ-ભક્ત એવો પંક્તિ-પ્રપંચ નથી. સ્વાત્મારામની ઉપાસનામાં જ્ઞાનદેવ તરબોળ છે, રસળતા રહે છે. તેમની વાણીમાંથી આત્મરસ નીતરતો જ રહે છે:

ભક્ત થયો રે દેવ, પંથ થયો રે ધામ,
થઈ રહ્યું સકળ વિશ્વ, એકાન્ત નિર્મળ

(અમૃતાનુભવ : ૯/૩૫)

વિશ્વ જેને કહીએ, તે સઘળું હું પોતે,
ચંદ્રબિંબ છોલવું ન પડે અહો.
વિશ્વ જ્યારે લોપે, પ્રભુ પમાય ત્યારે,
એવું નથી સર્વત્ર. સર્વમય હું છું.
તસ્માત્ ભેદને છાંડી, અભેદે ચિત્ત.
પોતાને સમાવી મુજને જાણ બાપા.
છો રહો જલતરંગ નાનો, સાગરથી ન હોય નાનો,
તેમ મુજ ઈશ્વરથી કાંઈ, અન્ય હોતું નથી રે.
એવી અરે સામરસ્યમયી, ઉલ્લસે જ્યારે આતમ દીઠી,
ત્યારે પ્રતિષ્ઠિત થઈ ભક્તિ, માનીએ અમે.

શાંભવદર્શનમાં ઉપાસનારૂપ ભક્તિ હોતી નથી. આ દર્શનમાં એકાત્મતા એ જ ભક્તિ ગણાય છે. પરામાત્માને પૂર્ણ રૂપથી જાણવા એને પ્રત્યભિજ્ઞા કહેવાય. જાણેલું પરમાત્મતત્ત્વ પોતે બની જવું, એટલે કે તેમાં ગળી જવું, એ ભક્તિ કહેવાય છે. અદ્વૈત-સિદ્ધાન્તના આદ્ય પ્રવર્તક શ્રી ગૌડપાદાચાર્ય ઉપાસનારૂપ ભક્તિને કૃપણ-ગૌણ-અનુદાર ગણે છે.

... तेनासौ कृपणः स्मृतः

(गौडपादकारिका: ३/१)

યજન, પૂજન, ભજન, નામસંકીર્તનાદિ ઉપાસનાના પ્રકારો સાધનરૂપ છે. ઉપાસના ભક્તિ નથી. ભજન, અધ્યયન ઇત્યાદિ બધા ઉપાયો ગણાય. તેમને ભક્તિ કહેવી ખોટું. ઉપાસના જો પરમતત્ત્વ જોડેની તદાત્મતામાં પરિણત થાય, અને જ્યારે થાય ત્યારે જ તે ભક્તિસંજ્ઞાને યોગ્ય થઈ કહેવાય. પરમતત્ત્વથી ભિન્ન હોવાનો ભાવ સમૂળો ઓગળી ગયા પછી જ ભક્તિદશા સંચરવા માંડે છે. અજ્ઞાન, અવિદ્યા, માયા ઇત્યાદિ શબ્દો સમાનાર્થક પ્રયોજાય છે ખરા, પરંતુ તેમનો યથાર્થ ભાવ ગ્રહણ થયા વિના અજ્ઞાનખંડન અને જ્ઞાનખંડનનું રહસ્ય સમજાશે નહિ. કેમ કે અજ્ઞાન પણ એક પ્રકારનું જ્ઞાન જ છે.

ज्ञानमेव तदज्ञानं शिवसूत्रेषु भाषितम् ।

પ્રત્યેક જીવમાં જન્મજાત આત્મસંકોચનું વલણ દેખાય છે. 'અહં'ભાવનું ઊપજવું એ આત્મસંકોચનું પ્રથમ લક્ષણ. 'અહં'ભાવ 'ઇદમ્'ને જાગ્રત કરે છે.

'અહમ્-ઇદમ્'ભાવથી ગ્રસિત ચેતના અજ્ઞાન કહેવાય છે. યથાર્થમાં અહમ્-ઇદમ્ પણ જ્ઞાન છે. કેમ કે જાણવાની ક્રિયા તેમાં અન્તર્ભૂત છે. પરંતુ સંકુચિત ક્રિયા છે. સંકોચ એ જ અજ્ઞાન. એને શાસ્ત્રીય પરિભાષામાં 'આણવમળ' કહેવાય છે. આણવ તેમ જ કર્મજ એમ ત્રણ પ્રકારના 'મળ'ની વ્યાખ્યા વેદાંતમાં તેમ જ અન્ય શાસ્ત્રોમાં જોવા મળશે. ત્રણેયનો વ્યવહાર એ જ સંસાર.

સાધક ગુરુવાણી-શ્રવણ અને શાસ્ત્રપરિશીલનથી યથાર્થ જ્ઞાન મેળવે છે. સંકોચરહિત જ્ઞાન મેળવે છે. જ્ઞાનના નિદિધ્યાસથી પ્રત્યય જન્મે છે. બીજી રીતે કહું તો જન્મજાત લોકપ્રથામૂલક 'અહમ્-ઇદમ્' ભાવ પણ જ્ઞાન, અને ગુરુ પાસેથી મેળવેલું પણ જ્ઞાન જ. પહેલું ભેદ જન્માવે તો બીજું અભેદ જાગ્રત કરે. અભેદ દશાને જે સાધક જીવશે તે જીવન્મુક્તાવસ્થાને પામશે. અભેદ જાણવામાત્રથી મુક્તિ થતી નથી. જીવવાથી મુક્તિ પરિણમે છે. જીવવાની ફલશ્રુતિ મુક્તિરૂપે છલકતી હોય છે. જ્યાં સુધી પોતીકો-પારકો ભાવ વ્યવહારમાં વર્તાય છે ત્યાં સુધી ચિત્તમાં ભેદ પડ્યો છે એમ જાણવું ઘટે. જ્યાં સુધી વ્યવહારમાં રાગદ્વેષ વ્યક્ત થતા હોય છે ત્યાં સુધી ચિત્તમાં અહમ્-ઇદમ્નો મળ પડ્યો છે એમ ઓળખવું ઘટે. ભેદથી ગ્રસિત ચિત્ત ધ્યાનાવસ્થા ક્યારે પણ પામી શકે નહિ. બ્રહ્માવસ્થા કે બ્રાહ્મીઅવસ્થાને પામી શકે જ નહિ.

તસ્માત્ દેહભાવ – અહંભાવ ઓગળીને નિરહંકારદશા ચિત્તમાં વિહરવા માંડે ત્યારે જ પરમાત્મતત્ત્વથી તદાત્મતાનો પ્રારંભ થયો કહેવાય. 'ગગનમાં ગગનનો લય થવો'—આવી એક બ્રાહ્મી દશા અનુભવથી સાધક જીવી શકે છે. અહંનો સંપૂર્ણ લય થયા પછી જ આ મહાશૂન્યતું અમૃત ચાખવા મળે છે. આ અમૃતાનુભવ એ જ નિર્વાણ, એ જ મોક્ષ, એ જ જીવન્મુક્તિ.

જ્ઞાનેશ્વર મહારાજે છઠ્ઠા અધ્યાયમાં—

ઉન્મનીનું લાવણ્ય, તુરીયાનું તારુણ્ય,
અનાદિ જે અગણ્ય, પરમતત્ત્વ.

—કહી આ અમૃતદશા શબ્દોના પાલવમાં બાંધી આણી છે. એનાથી આગળ શબ્દ જઈ શકે નહિ.

અજ્ઞાન તથા જ્ઞાનને ન જાણવું એ અવિદ્યા કહેવાય છે. અવિદ્યાનું નિરસન ગુરુતઃ, શાસ્ત્રતઃ તેમ જ સ્વતઃ થઈ શકે છે.

હવે આપણે વિશ્વરચનારૂપી 'માયા' અંગે થોડું વિચારીએ. માયા છે ઈશ્વરી શક્તિ. ઈશ્વરની ઇચ્છા-જ્ઞાન-ક્રિયા શક્તિમાંથી વિશ્વ ઊભું થયું છે. વિશ્વ એટલે જગદંબાની મહાલીલા. શિવની સત્તા અને શક્તિની ક્રીડા. વિશ્વ એટલે રાધા-માધવનું સંકેતવન છે. વિશ્વ એટલે રસમયી અને રસેશ્વરના મહારાસની કુંજ-નિકુંજ છે.

આ વિશ્વરચના સત્ છે કે અસત્, કે બન્ને છે અથવા બન્ને નથી એનો નિર્ણય તર્કથી થઈ શકે નહિ. તર્કથી સિદ્ધ અથવા અસિદ્ધ થઈ શકે એવો આ વિષય જ નથી. તર્ક માટે અવિષય છે એમ કહું તો શંકરાચાર્ય મને માફ કરો.

मायां तु प्रकृतिं विद्यान्मायिनं तु महेश्वरम् ।
तस्यावयवभूतैस्तु व्याप्तं सर्वमिदं जगत् ॥

(શ્વેતાશ્વતર ઉપનિષદ : ૪/૧૦)

શાંકર વેદાંતમાં માયા 'સદ્સદવિલક્ષણ' તેમ જ અનિર્વચનીય માનવામાં આવી છે.

अव्यक्तशब्दनिर्देश्या परमेश्वराश्रया महासुषुप्तिः ।
यस्यां स्वरूपप्रतिबोधरहिताः शेरते संसारिणो जीवाः ॥

— એવું માયાનું વર્ણન જોવામાં આવે છે.

શાંકરમત કહે છે કે જગત મિથ્યા છે. એટલે જગત કેવી રીતે નિર્માણ થયું એવો પ્રશ્ન જ અસંગત છે. શ્રી શંકરાચાર્ય વિશ્વરચનાના પ્રશ્ન ભણી પરમાર્થસિદ્ધિના દૃષ્ટિબિંદુથી જોતા લાગે છે, જ્યારે શૈવ તંત્રશાસ્ત્ર સાધનાશાસ્ત્ર હોવાથી તેમનું દૃષ્ટિબિંદુ સદંતર જુદું દેખાય છે.

શાંભવદર્શન માયાને જડતત્ત્વ માનતું જ નથી. માયાને બ્રહ્મની વિશિષ્ટ શક્તિ માને છે. માયા સંવિદ્રૂપ છે કેમ કે શક્તિ શક્તિમાનથી ભિન્ન રહી જ શકતી નથી, ભિન્ન થઈ જીવી શકતી નથી. એટલે માયાશક્તિ-શિવરૂપ જ છે. ચિદ્રૂપ છે. સૃષ્ટિનું ઉપાદાન કારણ — માયા — શિવશક્તિનું સંયુક્ત હોવાપણું છે. શક્તિરૂપમાં પોતે શિવ જ અખિલ વિશ્વના ઉત્પત્તિ-સ્થિતિ-લય-સ્થાન છે. તસ્માત્ બ્રહ્મ સત્ય, જગત્ સત્ય, અને જીવ પણ સત્ય, કેમ કે જીવત્વ પણ એક પ્રકારની શક્તિ – energy – જ છે ને ?

તંતુનાભિ પોતાની નાભિમાંથી તંતુ ઉત્પન્ન કરે છે. પોતે તંતુઓમાં લય પણ પામે છે. બીજમાં જેમ પુષ્પ અને ફળ સમાયેલાં હોય છે, તેમ 'અહં–ઇદમ્' ભાવો પરમ શિવમાં, પરમ સંવિતમાં જ સંભવિત છે. તસ્માત્ વિશ્વમાં જ વિશ્વાત્મિકા ચિદ્રૂપિણી, વિશ્વોત્તીર્ણા સંવિત સમાયેલી છે. બીજા શબ્દોમાં કહું તો શિવ છે સચ્ચિદાનંદ અને નિર્ગુણ સ્વરૂપ, અને વિશ્વ છે સચ્ચિદાનંદની સગુણ કાયા. શિવશક્તિનો 'અતિસંશ્લેષ' છે આપણું વિશ્વ. શિવે 'આત્માવરણ' સ્વીકારીને શક્તિને છતી કરવા માટે જાણે વિશ્વરચનાની લીલા ન આદરી હોય ! આત્મતિરોધાન સ્વીકારી શક્તિરૂપે — વિશ્વરૂપે — નિજનું આંતરઐશ્વર્ય જ છતું કર્યું છે કપટલીલાનાયકે. સગુણ વિશ્વ નિર્ગુણને છતું કરે છે. આકારમાત્ર નિરા-

કારનાં મહિમાસ્તોત્રો લાગે છે. ભેદ અને દ્વૈત નિગૂઢતમ, અભેદ–અદ્વૈત વિશે રચેલા છંદો લાગે છે.

મારી આ વાત જો સમજવામાં આવશે તો શ્રીજ્ઞાનદેવની મહાન, અતિ ગૌરવવન્તી નાથપરંપરાનું ઐશ્વર્ય તમે ઓળખી શકશો.

પિણ્ડમાં પિણ્ડનો ગ્રાસુ એ જ નાથ સંકેતનો દેશુ.

આ રહસ્યમય ઓવીનો અર્થ પછી 'આંબા કેરી સાખ' જેવો મીઠો લાગશે. આદિનાથ–મત્સ્યેન્દ્રનાથ–ચૌરંગીનાથ–ગોરખનાથ–ગહિનીનાથ–નિવૃત્તિનાથ એમ નિજ-પરંપરાનો ઉલ્લેખ જ્ઞાનેશ્વર મહારાજ કરે છે. કાશ્મીરી નાથ-પરંપરામાં મત્સ્યેન્દ્ર-નાથનો ઉલ્લેખ જોવા મળે છે.

श्रीकण्ठं वसुगुप्तं सोमानन्दं तथोत्पलाचार्यं ।
लक्ष्मणमभिनवगुप्तं वन्दे श्रीक्षेमराजं च ॥

આ સંદર્ભમાં આગળ શિવાનન્દનાથ, મહાપ્રકાશ અને ગૌરક્ષનાં નામો ઉમેરેલાં જોવા મળે છે.

મચ્છન્દરનાથે તુરીયનાથને 'તારક'નો ઉપદેશ આપ્યો હોવાનો ઉલ્લેખ પણ છે.

એને લીધે જ અમે — શ્રીજ્ઞાનદેવની વાણીમાં નાથસંપ્રદાયનું શિવાદ્વૈત જોવા મળે છે. શાંભવદર્શન જોવા મળે છે – એમ પ્રારંભમાં લખ્યું હતું.

શિવાદ્વૈતની પરિભાષા જ્ઞાનેશ્વરીમાં અને અમૃતાનુભવમાં યત્ર-તત્ર ચમકે છે. શિવાદ્વૈતપંથ જ નાથપંથી છે, અને એને 'તારકયોગ' પણ કહી શકાશે.

શિવાદ્વૈતનાં છત્રીસ તત્ત્વનો ઉલ્લેખ જ્ઞાનેશ્વરીમાં આવે છે તેમ જ ક્રમ-મુક્તિનો, જીવન્મુક્તિનો ઉલ્લેખ અમૃતાનુભવમાં આવે છે. પરાદિ વાચાઓનો ઉલ્લેખ શબ્દખંડન, શિવશાસનનો ઉલ્લેખ પણ જોવા મળે છે. આ બધા શાંભવાદ્વૈતના લાક્ષણિક પ્રયોગો કહેવાય.

તું ધર્મનો સ્નેહાધૃતા, અનાદિસિદ્ધ નિત્યનૂતનના,
હું જાણું સાડત્રીસમો, પુરુષવિશેષ તું.

(જ્ઞાનેશ્વરી : ૧૧/૩૦૯)

અને જીવ છે છત્રીસોનું સંકુલ,
તે જ અત્રે જાણવું સંઘાતું બાપા.

(જ્ઞાનેશ્વરી : ૧૩/૧૪૯)

તેમ છત્રીસ તત્ત્વો, ભળી જાય છે એકત્વ વડે,
ભળેલા સમૂહરૂપને, ક્ષેત્ર કહ્યું છે.

(જ્ઞાનેશ્વરી : ૧૩/૧૫૫)

જ્ઞાનેશ્વરી ૧૩–૧૦૩૮, ૧૪–૨૨૪, ૧૫–૪૮૪માં પણ છત્રીસ તત્ત્વોનું વિવરણ આ પ્રમાણે છે: શિવ-શક્તિ, સદાશિવ (સદાખ્યતત્ત્વ), ઈશ્વર, વિદ્યા – આ

પાંચ શુદ્ધ તત્ત્વો. માયા અને પંચ-પંચક એટલે કાલ, કલા, નિયતિ, રાગ અને અવિદ્યા – આ થયાં છ શુદ્ધાશુદ્ધ તત્ત્વો.

પુરુષ, પ્રકૃતિ, અહંકાર, બુદ્ધિ અને મન આ પાંચ તત્ત્વો થયાં. પંચ-તન્માત્રાઓ, પંચજ્ઞાનેન્દ્રિયો, પંચકર્મેન્દ્રિયો અને પંચમહાભૂતો — એમ એકંદરે છત્રીસ તત્ત્વો થયાં. શ્રીજ્ઞાનેશ્વરનો ચિદ્‌વિલાસ સમજવા માટે છત્રીસ તત્ત્વોનું સ્વરૂપ ઓળખવું મને આવશ્યક જણાય છે, અને એને ઓળખવા માટે શ્રી અભિનવ-ગુપ્તનો ગ્રન્થ પરમાર્થસાર ઘણો જ ઉપકારક નીવડ્યો છે. આ ગ્રંથ અત્રે ઉપલબ્ધ ન હોવાથી એના વિશે ભવિષ્યમાં લખવાની આશા રાખું છું, પણ એક વાત લખ્યા વગર રહેવાતી નથી. પરમાર્થ સારમાં—

विश्वसमुत्पत्तिवीजभूमौ महाशून्यातिशून्यारव्यायां महेशस्य अहमिद-मित्यभेदेन पूर्णाहन्तामयो यश्चमत्कारः, ज्ञानप्राधान्यात् क्रियाविभागस्य अहन्ताविश्रान्तेः सेयं सदाशिवदशा ॥"

–એવું લખેલ છે તેની ઘણી ઊંડી છાયા જ્ઞાનેશ્વર મહારાજ ઉપર હોવી જોઈએ. (જુઓ જ્ઞાનેશ્વરી : ૬/૩૧૫–૩૨૧)

મહાશૂન્યના વમળમાં ગગન જ્યાં સંભવિત નથી,
જે વિશ્વનું મૂળ કે જે યોગદ્રુમનું ફળ,
જે આનંદના કેવળ ચૈતન્ય અહો.

(જ્ઞાનેશ્વરી : ૧૧/૨૬૮)

મહાશૂન્ય પ્રસરતાં, બ્રહ્મકટાહભાંડારો ખુલ્લા થયા.

(જ્ઞાનેશ્વરી : ૧૩/૯૨૬)

પ્રાશીને નભની શૂન્યતા, નિરસીને ગુણોની ત્રયતા,
તે શૂન્ય તે મહાશૂન્ય, શ્રુતિવચન સંમત.

શૂન્યનો અર્થ અત્યંત અભાવ નથી. શૂન્યતા એટલે ધર્મશૂન્યતા. શૂન્યતા અર્થાત્ ભાવશૂન્યતા. તંત્રાલોકમાં જોવા મળે છે :

तदेव शून्यरूपत्वं संविदः परिगीयते ।
नेति नेति विमर्शेन योगिनां सा परा दशा ॥

(તંત્રાલોક : ૬/૧૦)

સમજવાની વાત છે કે શૂન્યાવસ્થા અભાવરૂપ નથી. એ તો પારમેશ્વરી સંવિન્માત્રતા છે. એ તો અનિર્વચનીય દશા છે.

अशून्यः शून्यइत्युक्तः शून्यश्चाभाव उच्यते ।
अभावः सतु विज्ञेयो यत्र भावाः क्षयं गताः ॥

જ્યાં બધા ભાવો લોપ થતા હશે ત્યાં માત્ર જ્ઞેયશૂન્યતા શેષ રહેશે એ સ્પષ્ટ જ છે. આત્માની સ્થિતિ જ્ઞાનસ્વભાવ, જ્ઞાનઘન હોવાને કારણે ત્યાં જ્ઞેય-જ્ઞાતા-જ્ઞાતૃત્વ એવા ભાવો અને એવી ક્રિયાઓ સંભવિત જ નથી ને? મને લાગે છે કે

એને જ બૌદ્ધો પ્રજ્ઞાપારમિતા કહેતા હોવા જોઈએ. નાગાર્જુનની મૂલમધ્યકારિકા અત્રે ગૌરીશંકર પર્વતે સ્થિત બ્રહ્મકુલમાં જોવામાં આવી. શ્રી નાગાર્જુન કહે છે :

अपरप्रत्ययं शान्तं प्रपञ्चैर प्रपञ्चितम् ।
निर्विकल्पमनानार्थमेतत् तत्त्वस्यलक्षणम् ॥

(મૂલમધ્યકારિકા : ૧૮/૯)

—એવી જ વાણી માંડૂક્યોપનિષદ ઉપર ગૌડપાદકારિકા ગ્રંથના અદ્વૈત પ્રકરણમાં તમને સાંભળવા મળશે :

निवृत्तस्य अप्रवृत्तस्य निश्चला हि सदास्थितिः ।
विषयः स हि बुद्धानां तत्साम्यमजमन्द्वयम् ॥

આત્માની જ્ઞાનસ્વરૂપતા વિશે સર્વ દર્શનોનું મતૈક્ય દેખાય છે. અમે આટલું જ કહેવા માગીએ છીએ કે જ્ઞેય જોડેની તદ્દાત્મતાની દશા જ સાચી જ્ઞાનાવસ્થા કહેવાય. તદ્દાત્મતા ન હોય તો વિકલ્પ પ્રવેશી શકશે. તદ્દાત્મતા વિનાનું જ્ઞાન વિકલ્પ. વિકૃતિની સંભાવના ધરાવે છે, જોખમ જોડે છે. તદ્દાત્મતા વિનાનું જ્ઞાન શબ્દવૈભવ — શબ્દવિલાસની પોકળતામાં પરિણમે છે. તેવું જ્ઞાન અમારે લેખે તદ્દન ગરીબ છે. તદ્દાત્મતા રૂપાળી છે, ગૌરવવંતી છે.

મરાઠી ભાષામાં મહેશ્વરાનંદ(ગોરક્ષ)ની મહાર્થમંજરીગાથા છે. મહેશ્વરાનંદે પોતે જ મહાર્થમંજરી ગ્રંથ ઉપર 'પરિમલો' ટીકા લખી છે. શિવાદ્વૈતનો એ એક મહામૂલો ગ્રંથ છે. અત્રે તેના વિશે લખવું શક્ય નથી. આજે નહિ તો કાલે—ગ્રંથ પાસે હોય ત્યારે—તેના વિશે લખવાની ઇચ્છા છે ખરી. અમારું પરિભ્રમણ હવે ઓસરવા માંડયું છે. ડેલ્હાઉસીના શિવકુલમાં હિમાલયના ખોળામાં બેસી ક્યારેક અંતરનો તે અધ્યાય પણ મિત્રો માટે છતો કરીશું. આજે ગોરક્ષા યાદ એટલા માટે આવ્યા કે તેઓ મહાર્થમંજરીપરિમલામાં 'અમૃત' શબ્દનો પ્રયોગ કરે છે એમ સાંભરી આવ્યું.

અનુભવામૃત એકમાત્ર 'દૈશિકાકટાક્ષપાત'થી ધન્ય સાધકોને ઉપલબ્ધ થાય છે, એવો કંઈક ઉલ્લેખ ગ્રંથમાં જોયો હતો. શ્રીજ્ઞાનેશ્વર અમૃતાનુભવમાં પ્રથમ પ્રકરણની ૬૩મી ઓવીમાં કહે છે :

અહમ્ અવિંશંભો, શાંભવિ થયો છું.

ઓવી ૫૨, ૫૩, ૫૪માં શ્રીજ્ઞાનેદેવે જે લખ્યું છે તેનું મહાર્થમંજરી જોડે ઘણું સામ્ય છે :

અનુભવામૃતરૂપમાં સ્વાનુભૂતિમિષ્ટાન્ન પીરસ્યું છે અહો.

અમૃત સ્વભાવના સ્પર્શમાત્રથી આપણને શાંભવ સમાવેશ પ્રાપ્ત થવાની વાર્તા શ્રીજ્ઞાનેશ્વર મહારાજ નિરૂપે છે. સદ્દગુરુનો આત્માનુભવરસથી રસળતો અમૃતસ્વભાવ

એ જ તેમના દેહમાંથી નિરંતર નીતરતી કૃપાગંગા. આવા સહજામૃતનો ક્ષણમાત્ર સ્પર્શ થાય તો સાધકદશામાં જીવનારી વ્યક્તિ તત્ક્ષણે તદાત્મતા પ્રાપ્ત કરતી હોય છે, એવું જ્ઞાનદેવનું કહેવું છે. સ્વાનુભવધન્યા વાણી છે.

શિવસૂત્રમાં આણવ, માયીય તેમ જ કાર્મિક અર્થાત્ શાંભવ, શાક્ત તથા આણવ એ ત્રણ ઉપયોનો ઉલ્લેખ જોવામાં આવે છે. શ્રીજ્ઞાનદેવ ચોથો ઉપાય નિરૂપે છે.

> હવે કથું ઉપાય વનવસન્તુ, જે આજ્ઞાનો સૌભાગ્યતંતુ,
> અમૂર્ત હોવા છતાં મૂર્તુ, કારુણ્યકાય.
>
> (અમૃતાનુભવ : ૨/૧)

શાંભવદર્શન પાસે ગણ્યાગાંઠ્યા ત્રણ 'ઉપાયો' છે પણ મારી પાસે તો ઉપાયવનના ચક્રવર્તી સમા શ્રીનિવૃત્તિનાથ છે. રાજ વસંત પગરવ માંડે અને વનની કાયા ખીલે તેમ શ્રીનિવૃત્તિરાજ ઉપસ્થિત થાય અને અગણિત ઉપાય પોતાની મેળે તેમનું રહસ્ય મારે માટે છતું કરતા હોય છે, એમ પોતાની છટાદાર અનુપમ શૈલીમાં બાલયોગી જ્ઞાનદેવ કહે છે. તેમનાં નખરાં ઉપર હું તો ઓવારી જાઉં છું.

આજ્ઞાના 'મંગલસૂત્ર' સમી નિવૃત્તિની ઉપસ્થિતિ છે. શાંભવદર્શનમાં 'શિવ-શાસન' શબ્દપ્રયોગ આવે છે. શાસન પણ એક જાતની દીક્ષા કહેવાય. જ્ઞાનદેવ ગૌરવથી કહે છે : 'મારી પાસે તો નિવૃત્તિરાજનો પ્રત્યેક અંગવિક્ષેપ, તેમની પ્રત્યેક ભંગિમા જ શાસન બને છે. હું તો તેમની આશાઓનું મંગળસૂત્ર ધારણ કરી સૌભાગ્યશાળી થયો છું. અત્રે વિવાહિતા સ્ત્રી જે મંગળસૂત્ર ધારણ કરે છે તેનો સંદર્ભ ધ્યાનમાં રાખવા જેવો છે. વિવાહિતા જેમ સધવા છે એમ તેનું મંગળસૂત્ર બતાવે છે, તેમ હું સ-નાથ છું, સ-ગુરો છું, ન-ગુરો નથી — એમ નિવૃત્તિરાજથી દીક્ષિત થયાનો હવાલો જ્ઞાનેશ્વર આપે છે.

અને શાસન-દીક્ષા શબ્દોથી કોઈને ગુરુ વિશે કઠોરતાનો તથા દ્વૈતભાવનો ભ્રમ થશે એટલે આગળ લખે છે કે, 'મારા ગુરુ તો કારુણ્યકાય છે. કારુણ્ય જ તેમની કાયા. કરુણાવશ થઈ અમૂર્ત હોવા છતાં મારે માટે મૂર્ત થયા છે.' ('ગુરુ-શિષ્ય મિષેં; યાંચી એકુ ઉલ્લાસે') જાગ્રત-સ્વપ્ન-સુષુપ્તિ આ ત્રણેયથી પર છે તુરીયાવસ્થા. તુરીય અવસ્થા પહેલાં ત્રણેયમાં અનુસ્યૂત છે પણ જ્ઞાનેશ્વર કહે છે કે નિવૃત્તિનાથ તો તુરીયાને વટાવી જઈ 'અનુત્તર' દશામાં જીવે છે કે જેનાથી ઉત્તર કે ઉત્તમ કોઈ દશા સંભવિત જ નથી. જ્ઞાનેશ્વર ચાર પુરુષાર્થ વટાવી જેમ 'પંચમ પુરુષાર્થ'ની વાત કરે છે તેમ જ પંચમ અવસ્થાની વાત કુશળતાપૂર્વક અત્રે આલેખે છે. અમૃતાનુભવ પ્રકરણ બીજામાં શ્રીનિવૃત્તિનાથનું આવતું બધું વર્ણન જ્ઞાનદેવની શબ્દશક્તિની એક અનેરી અભિવ્યક્તિ છે.

તંત્રાલોકમાં જોવા મળશે:

न सत् न चासत् सदसत् न च तन् नोमयोज्झितम् ।
दुर्विज्ञेया हि साऽवस्था किमप्येतदनुत्तरम् ॥

(તંત્રાલોક : ૨-૨૮)

શ્રીજ્ઞાનેશ્વરીના છઠ્ઠા અધ્યાયમાં—

પિણ્ડમાં પિણ્ડનો ગ્રાસુ, જે નાથ-સંકેતને ! દેશુ.

—એવો જે ઉલ્લેખ આવે છે તેનો તંત્રાલોક જોડે સંબંધ અગર તો સામ્યસંબંધ જોઈ લઈએ :

पिण्डं कुण्डलिनी शक्तिः पदं हंसः प्रकीर्तितः ।
रूपं चिद्बिन्दुरित्युक्तः रूपातीतः परः शिवः ॥
पिण्डे मुक्ताः पदे मुक्ताः रूपे मुक्ता षडानन ।
रूपातीते तुये मुक्तास्ते मुक्ताः नात्र संशयः ॥

વળી અભિનવગુપ્ત એને આ રીતે નિરૂપે છે :

जीवः शक्तिः शिवस्यैव सर्वत्रैव स्थिताऽपि सा ।
स्वरूपप्रत्यये रूढा ज्ञानस्योन्मीलनात् परा ॥
बुद्धौ प्राणे तथा देहे देशे या जडता स्थिता ।
तां तिरोधाय मेधावी संविद्रश्मिमयो भवेत् ॥

બુદ્ધિ, પ્રાણ, દેહ તેમ જ દેશની જડતા ઓળંગી સંવિતના રશ્મિ સમી પોતાની સત્તા જે જુએ તે મુક્ત કહેવાય. સંવિદ્-રશ્મિમય થઈ જીવે તે યોગી કહેવાય.

अन्तर्लक्ष्यः बहिर्दृष्टिः परमं पदमश्नुते
એ છે જગદાનન્દનું અનાવિલ સ્વરૂપ.

હું તો સંક્ષેપમાં મુદ્દાઓ ટાંકતી જાઉં છું. વિસ્તારે લખવા જેવી નિરાંત ક્યારે અનુભવાશે એ તો હરિ જાણે.

પરા, પશ્યંતી, મધ્યમા, વૈખરી, વાચાઓનો ઉલ્લેખ શિવાદ્વૈતમાં હોય જ હોય. જ્ઞાનેશ્વરીમાં તે આપણને મળી આવે છે :

પરા = નાદ + બિંદુ = શિવ + શક્તિ = સંયુક્તરૂપા
પશ્યન્તી = ઇચ્છા
મધ્યમા = જ્ઞાન
વૈખરી = ક્રિયા

એ થયું વાક્ચતુષ્ક. આ પ્રમાણે જ્ઞાનચતુષ્ક પણ શિવાદ્વૈતમાં નિરૂપિત હોય છે :

अभेदोपायमत्रोक्तं शाम्भवं शाक्तं......।
भेदाभेदात्मकोपायं, भेदोपायं तदाणवम् ॥
एवं शक्तित्रयोपायं यज्ज्ञानं तत् पश्चिमम् ।
मूलं तदुत्तरं मध्यम्, उत्तरोत्तरमादिमम् ॥
ततोऽपि परमं ज्ञानं उपायादिविवर्जितम् ।
आनन्दशक्तिविश्रान्तमनुत्तरमिहोच्यते ॥

(તંત્રાલોક : તૃતીયમાહ્નિકમ્)

આ વાત જો સમજમાં આવે તો પછી ચાર બિંદુ – બિંદુ-ચતુષ્ક પણ આપણે સમજી શકીશું :

बाह्यात्मा तु भवेदेकोऽन्तरात्मा द्वितीयकः ।
तृतीयो हृदयात्मा नादात्मा तु चतुर्थकः ॥

મૂળ ચિદાનંદ સ્વરૂપ

ઇચ્છા	પરા	તુર્યા	નાદાત્મા
જ્ઞાન	પશ્યંતી	સુષુપ્તિ	હૃદયાત્મા
ક્રિયા	મધ્યમા	સ્વપ્ન	અંતરાત્મા
	વૈખરી	જાગૃતિ	બાહ્યાત્મા

કુંડલિની–પરાવાક

પરમાર્થસારમાં કહ્યું છે તેમ પરમાત્મા 'स्वात्मप्रच्छादन क्रीडाविदग्धः' છે. પ્રભારૂપે વિસ્તરી ભાનુ નિજને પ્રચ્છન્ન રાખે છે. બીજરૂપે વિસ્તરી વૃક્ષ પોતાને, અને વૃક્ષરૂપે વિસ્તરી બીજ નિજને સંતાડી રાખે છે. વિશ્વાકાર ધારણ કરી પ્રભુ આત્માચ્છાદન કરવાની ક્રીડામાં રાચે છે. આ જ વિશ્વનાથનો મહારાસ, શિવનો શક્તિરાસ.

निर्मले मुकुरे यद्वद् भान्ति भूमिजलादयः ।
अमिश्राः तद्वदेकस्मिन् चिन्नाथे विश्ववृत्तयः ॥

(તંત્રાલોક : ૩)

જ્ઞાનેશ્વર આ સંદર્ભમાં જળ – જળકલ્લોલ, વહ્નિ – જ્વાળા જેવી ઉપમાઓ વાપરતા દેખાય છે. વિશ્વ – વિશ્વેશ સંબંધનું જ્ઞાનદેવનું અદ્ભુત પ્રતિપાદન કેટલું ઊંડું છે અને શિવાદ્વૈત ઉપર આધારિત છે એ સમજવા માટે આ સામ્યોલ્લેખ કર્યો છે.

જગત મિથ્યા એ તો શંકરાચાર્યે કહ્યું હતું. જ્ઞાનેશ્વર વારંવાર કહેતા દેખાય છે કે મિથ્યા એટલે ભ્રમ નથી. જગત – જગદીશ બન્ને એક છે. એક વ્યક્ત છે તો

બીજા અવ્યક્ત છે એટલું જ. શાંભવાદ્વૈત અર્થાત્ ચિદ્દ્વૈતના જ્ઞાનેશ્વર પરમ સમર્થ નિરૂપક લાગે છે.

અમૃતાનુભવ અગર તો જ્ઞાનદેવનો ચિદ્વિલાસ સમજવા માટે શિવાદ્વૈતનું શાંભવ તત્ત્વજ્ઞાન સમજવું અનિવાર્ય છે. જ્ઞાનદેવનો સંબંધ શાંકર અદ્વૈત જોડે કરવા જઈશું તો અનર્થ થશે.

આણવોપાય – ક્રિયોપાય, શાક્તોપાય – જ્ઞાનોપાય, શાંભવોપાય – ઇચ્છોપાય –– આ જે ત્રણ ઉપાયો આપણે આગળ જોયા હતા તેનાથી પર છે અનુપાય – આનંદોપાય. અનુપાયમાં કે આત્માનન્દમાં 'અનુભવામૃત' પ્રાપ્ત થાય છે. અનુપાયમાં પરમપદ, અનુત્તર કૈવલ્યપદ પ્રાપ્ત થાય છે. એ અમૃતદશા ભક્તિ કહેવાય.

અમૃતાનુભવ પ્રકરણ નવમાં લખ્યું છે :

હવે ભક્તિ-અભક્તિ, બેઉ ભાણાં એક પંક્તિ,
કર્મ-અકર્મની જ્યોતિ, હોલવી ગઈ જોને.

એમ મારાં કર્મ-અકર્મની જ્યોતિઓ હોલવાઈ ગઈ છે. આજે સ્વિડનના એક નાના શા ગામડામાં આ પંક્તિઓ સંકેલી લઉં છું.

૭ ઑગસ્ટ, ૧૯૭૬ વિમલા

આત્મસખ્યનો અનિરુદ્ધ આશ્લેષ

શ્રી ચાંગદેવ વિશે શ્રીજ્ઞાનેશ્વર મહારાજે લખેલી આત્મસખ્યની પાંસઠ ઓવીઓ મરાઠી સંત-સાહિત્યમાં 'ચાંગદેવ પાસષ્ઠી'ને નામે પ્રસિદ્ધ છે. મહાયોગી સંત શ્રી ચાંગદેવ વિશે ગુજરાત બહુ ઓછું જાણે છે. એમના જીવનની અદ્‌ભુત રમ્યતા આકર્ષક અને જાણવા જેવી છે. મહારાષ્ટ્રમાં નારાયણડોહો નામના એક પુણ્યક્ષેત્રમાં મુદ્દોપંત નામક એક યજુર્વેદી બ્રાહ્મણ ગૃહસ્થને ત્યાં એમનો જન્મ થયો હતો. બચપણથી જ ચાંગદેવે અસાધારણ બુદ્ધિમતા પ્રકટ કરવા માંડી હતી. આવા અલૌકિક બુદ્ધિવંત બાળક એને ભણાવતા. એના શિક્ષકો માટે પણ પડકારરૂપ હોય એમાં શું આશ્ચર્ય?

પરંતુ પ્રજ્ઞાવંત ગુરુના શિક્ષણ અનુસાર અત્યંત થોડા સમયમાં ચાંગદેવે ચાર વેદ, છ શાસ્ત્રો, અઢાર પુરાણો, ઉપાયનો, ઇતિહાસ ઇત્યાદિનો અભ્યાસ પૂર્ણ કર્યો હતો. આ જ રીતે ચૌદ વિદ્યા ને ચોસઠ કલામાં પણ એઓ નિષ્ણાત થયા હતા. ધીરે ધીરે ચાંગદેવની પ્રસિદ્ધિ વધવા માંડી હતી. એમણે અભ્યાસ પત્યા પછી પોતાના શ્રી ગુરુની યથાવત્ પૂજા કરીને કહ્યું : 'ગુરુજી, હવે કાલથી કયા ગ્રંથનો આરંભ કરીશું?' ગુરુજીએ કહ્યું : 'હવે કોઈ ગ્રંથ અભ્યાસ માટે બાકી નથી. હવે કંઈ રહ્યું હોય તો તે યોગાભ્યાસ કહી શકાય. પરંતુ ચાંગદેવ, અમને યોગમાર્ગની ખબર નથી. અમે એ માર્ગે ગયા નથી. અમને એટલી ખબર છે કે વારાણસી મહાક્ષેત્રે યોગવિદ્યાનો અભ્યાસ થાય છે.'

પોતાનાં માતાપિતાની અને ગુરુદેવની આજ્ઞા લઈને સૌની વિધિવત્ પૂજા કરીને શ્રી ચાંગદેવ વારાણસી જવા નીકળ્યા. વારાણસીમાં ઘણી તપાસને અંતે કોઈ એક મહાગુફામાં યોગીરાજ રહે છે એવી ભાળ મળી. શોધતાં શોધતાં એકનિશ્ચયી ચાંગદેવ આકરે માર્ગે થઈને એ ભયંકર ગુફા પાસે પહોંચ્યા. યોગીશ્વર મહારાજને પ્રણામ કરીને યોગાભ્યાસ કરવાની પોતાની મનોકામના પ્રગટ કરી. વેદજ્ઞાનસંપન્ન, તેજસ્વી ચાંગદેવને જોઈને યોગી ગુરુ પ્રસન્ન થયા અને આલિંગન આપીને યોગાભ્યાસ શરૂ કરાવ્યો. અહીં પણ થોડા કાળમાં પોતાની વિલક્ષણ બુદ્ધિવડે યમનિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધ્યાન, ધારણા અને મુદ્રાની સિદ્ધિ મેળવી અભ્યાસ પૂર્ણ કર્યો. વિચક્ષણ બુદ્ધિના આ શિષ્યે ચૌદ ચક્રોનો ભેદ સિદ્ધ કરી પોતે સમાધિમાં સ્થિર થયા.

સાત વર્ષમાં યોગાભ્યાસ પરિપૂર્ણ કરી થોડો કાળ વારાણસી ક્ષેત્રમાં વિચરણ કરી તીર્થાટન કરવાનો મનસૂબો કર્યો. માર્ગમાં યોગસિદ્ધિની અદ્‌ભુત કથાઓ ફેલાતાં લોકસમુદાયનો સમાગમ વધ્યો. આમ, તીર્થાટન કરતાં કરતાં

તાપીતીરે આવીને પોતાનો મઠ સ્થાપ્યો. કહેવાય છે કે ચાંગદેવ ચૌદસો વર્ષના આયુના સિદ્ધયોગીને નામે પ્રખ્યાત થયા. એમનાં ચાંગદેવ, ચાંગા, વટેશ્વર ચાંગા, ચક્રપાણિ, ચાંગસિદ્ધ, શિવયોગી ચાંગા, મણિસિદ્ધ ચાંગા, નાગેશ ચાંગા, મુધેશ, સત્યસિદ્ધ ચાંગા, ચાંગાનિશ્ચલદાસ, ચિંધાદેવી ચાંગા અને ભુટી ચાંગા એવાં ચૌદ નામે ઓળખાય છે.

આ મઠમાં પૈઠણ ક્ષેત્રમાંથી એક બ્રાહ્મણ આવ્યો અને એણે એક બાલમૂર્તિ મહાસિદ્ધે પાડાને મુખે યજુર્વેદ બોલાવડાવ્યો અને એવી આશ્ચર્યચકિત વાત ત્યાં કહી. મઠના માણસોએ એની ઠેકડી ઉડાવી. પરંતુ શ્રી ચાંગદેવે એ બ્રાહ્મણની બધી વાત વિગતે સાંભળી અને એ બાલયોગી મહાસિદ્ધ જ્ઞાનેશ્વર મહારાજને મળવા જવાનો નિર્ણય કર્યો. આ નિર્ણય ચાંગદેવના શિષ્યોને ગમ્યો નહીં. એમને લાગ્યું કે, 'અમારા ગુરુ તો સર્વશ્રેષ્ઠ, તે વળી કોને મળવા જાય?' પરંતુ ચાંગદેવનો અટલ નિશ્ચય જોઈને શિષ્યો મૂંગા રહ્યા. શિષ્યોએ એક બીજી વિનંતી કરી કે, 'ગુરુજી, પહેલાં આપ પત્ર મોકલો અને પછી મળવા પધારો.'

શ્રી ચાંગદેવે પત્ર લખવાની શરૂઆત કરી. પ્રારંભમાં જ એમના મનમાં ગૂંચવણ ઊભી થઈ. જ્ઞાનદેવને જો 'ચિરંજીવ' કહે તો તેઓ પ્રત્યક્ષ વિશ્વાત્મક તત્ત્વના અવતાર અને 'તીર્થરૂપ' કહે તો એમની ઉંમર નાની – આ સંભ્રમને કારણે એમણે કોરો પત્ર શિષ્યો સાથે મોકલ્યો અને કહ્યું કે, દંડવત્ પ્રણામ કરીને અમારા કુશળ સમાચાર નિવેદિત કરીને પત્રનો ઉત્તર લઈ આવો. ચાંગદેવના શિષ્યો પુણ્યક્ષેત્ર આળંદી આવ્યા. ત્યાં તપાસ કરતાં ચાર ભાઈબહેનો ઈંદ્રાયણી નદીને કિનારે બેઠાં હતાં. મોટા નિવૃત્તિનાથ, પછી જ્ઞાનદેવ, ત્યાર બાદ મુક્તાઈ અને ચોથાં સોપાન. ચાંગદેવના શિષ્યોએ ચરણસ્પર્શ કરીને નિવૃત્તિનાથને પત્ર આપ્યો. પત્ર કોરો હતો. એ જોઈને નિવૃત્તિનાથે જ્ઞાનદેવને કહ્યું : 'ભાઈ, પત્ર કોરો છે પણ એની સંજ્ઞા સમજવા જેવી છે. ચાંગદેવ 'કોરા' એટલે શુદ્ધ પુરુષ છે. ઉપદેશને યોગ્ય છે. તમે ઉપદેશ નિમિતે પત્રનો ઉત્તર આપો.' નિવૃત્તિનાથની આજ્ઞા પામીને જ્ઞાનદેવે ચાંગદેવને પાંસઠ ઓવીઓમાં જે ઉત્તર મોકલ્યો તે આ 'ચાંગદેવ પાસષ્ટી.'

શ્રીજ્ઞાનેશ્વર મહારાજ અને સર્વને વંદન કરીને ચાંગદેવના શિષ્યો પત્ર લઈને ચાલી નીકળ્યા. શ્રી ચાંગદેવે જ્ઞાનેશ્વર મહારાજનો ઉત્તર વાંચીને મિલન માટે જવાનો નિશ્ચય કર્યો અને શિષ્યપરિવાર સહિત આળંદી જવા નીકળ્યા. પરિવાર અને શિષ્યોના આગ્રહને કારણે ચાંગદેવે પોતાની યોગસિદ્ધિથી વાઘ ઉપર સવારી કરી અને તેઓ એક મહારાજાના ઠાઠથી નીકળ્યા. એમના હાથમાં સર્પની ચાબુક હતી. માર્ગમાં દર્શનાર્થીઓની ભીડ જામતી આવી. સવારી આળંદી આવી પહોંચી.

શ્રીજ્ઞાનેશ્વર મહારાજ અને બહેન-ભાઈઓ તે વખતે એક ભીંત ઉપર બેઠાં હતાં. એમણે જોયું કે ચાંગદેવ વાઘ ઉપર સવારી કરીને આવે છે. ચાંગદેવના

શિષ્યો આગળથી ખબર આપવા પહોંચી ગયા. આ જોઈને શ્રી નિવૃત્તિનાથે જ્ઞાનદેવને કહ્યું : 'જ્ઞાનેશ્વર, સગુણથી સગુણની ભેટ થવાની છે. નિર્ગુણ અવસ્થામાં તો બધું જ શૂન્ય હોય છે. ચાંગદેવ એ પૂર્વજન્મના મરુદ્ગણ છે. ઇંદ્રને પણ ઈર્ષા આવે એવી એમની બુદ્ધિ છે. ચૌદ વિદ્યા અને ચોસઠ કલામાં એ નિપુણ છે. એવા ચૌદસો વર્ષના દેવભક્ત સિદ્ધપુરુષ છે. એટલે આપણે એમને સામે મળવા જવું જોઈએ.'

ગુરુનો આ આદેશ સાંભળીને જે ભીંત ઉપર ચારેય જણાં બેઠાં હતાં તે ભીંતને જ ચાલ એવી આજ્ઞા જ્ઞાનદેવે કરી. નિર્જીવ ભીંત ચાલવા માંડી. સર્વના આશ્ચર્યનો પાર ન રહ્યો. ચાંગદેવના શિષ્યો આ આશ્ચર્યકારક ઘટનાના ખબર આપવા આગળથી દોડ્યા. ભીંત ગજગતિએ આગળ જતી હતી. સૂર્યકિરણ જેવા તેજસ્વી નિવૃત્તિનાથ, જ્ઞાનદેવ, મુક્તાઈ ને સોપાન બેઠાં હતાં. એક પ્રચંડ ઘટાદાર વૃક્ષ પાસે આવીને ચારેય જણાં નીચે ઊતર્યાં ત્યાં તો ચાંગદેવ સામા આવીને આલિંગન આપીને ભેટી પડ્યા અને બોલ્યા : 'આજ મને મહાન લાભ થયો. કૃપામૂર્તિ સદ્ગુરુ ભેટ્યા. હવે આ પતિતના માથા ઉપર વરદ હસ્ત મૂકીને ચાંગદેવને આપનો શિષ્ય બનાવો.' ત્યાર પછી નિવૃત્તિનાથ, જ્ઞાનદેવ અને સોપાનદેવે ચાંગદેવને મુક્તાઈને સોંપ્યા અને મુક્તાઈને વિનંતી કરી કે આ મહાયોગીને આત્મજ્ઞાનનો સાક્ષાત્કાર કરાવો. મુક્તાઈએ ચાંગદેવના મસ્તક ઉપર વરદ હસ્ત મૂક્યો. બ્રહ્માદિકને પણ અગમ્ય એવા સદ્ગુરુબોધના કૌશલ્યને કારણે ચાંગદેવને આત્મબોધ થયો.

મુક્તાઈની ચરણરજ લઈને ચાંગદેવ ઊઠ્યા. બોલ્યા : 'જ્ઞાનેશ્વર મહારાજે પાંસઠ ઓવીઓ દ્વારા કરેલો ઉપદેશ અને તેનું રહસ્ય આજે મને ઉપલબ્ધ થયાં. મુક્તાઈ માતાની કૃપાએ મારો નવો જન્મ થયો. મારા પાછલા ચૌદસો જન્મ કેવળ જન્માંતરો હતા. આ જન્મ સાર્થક થયો.' તે પછી મોટો ઉત્સવ કરી ચાંગદેવે ગુરુપૂજનનો સમારંભ પાર પાડ્યો. ગુરુસ્તુતિ, ક્ષેત્રસ્તુતિ કહીને ગુરુચરણોને વંદન કર્યાં. ચાંગદેવ ગદ્ગદ ભાવે બોલ્યા : 'બધી વિદ્યાઓ અને બધી કલાઓ સદ્ગુરુની ચરણરજ બરાબર પણ નથી. સદ્ગુરુના પ્રેમપ્રસાદે આત્મબોધ પામ્યો. નિજાનંદ ઉપલબ્ધ કરીને જીવન્મુક્ત થયો. આ નાશવંત દેહ અને સર્વ વિદ્યાકલાનાં ઓવારણાં કરું તોપણ આ ઋણ ફીટશે નહિ. આજે સદ્ગુરુ મુક્તાઈના ચરણમાં રહીને કૃતકૃત્ય થયો.' આવા ગદ્ગદ ભાવે ચાંગદેવે પોતાની કૃતજ્ઞતા પ્રગટ કરી. મહાયોગી પ્રેમપ્રસાદ પામીને ધન્ય થયા.

આવા શ્રી ચાંગદેવને આત્મસખ્યનો ઉપદેશ કરતી શ્રીજ્ઞાનેશ્વર મહારાજે જે પાંસઠ ઓવીઓ લખી છે તે આત્મસત્તાનું અનન્ય જીવનકાવ્ય છે. આ પાંસઠ ઓવીઓમાં શ્રીજ્ઞાનેશ્વર મહારાજે સામ્યરસ – આત્મરસ – હરિરસની જે પાવક ગંગા

વહાવી છે તે અનન્ય છે. ઓવી છંદ પોતે જ સૂત્રાત્મકતાનો અવતાર છે. સાડા ત્રણ ચરણના આ છંદમાં ૐની સાડા ત્રણ માત્રાની જેમ આત્મઓજસને બીજરૂપે અને વૃક્ષરૂપે અભિવ્યક્ત કરવાની અદ્દ્ભુત ક્ષમતા ભરી છે. આવી આત્મલાવણ્ય-ભરી ઓવીઓનો ગુજરાતી અનુવાદ જ્ઞાનેશ્વર મહારાજનાં સમાનધર્મા શ્રી વિમલા-બહેને કર્યો છે.

આ પાંસઠ ઓવીઓનો પુંજ એ જ્ઞાનેશ્વર અને ચાંગદેવ વચ્ચેના આત્મસખ્યનો અનિરુદ્ધ આશ્લેષ છે. આત્માના અભેદનું આવું મૂર્તિમંત જીવનકાવ્ય અપૂર્વ છે. જ્ઞાનેશ્વર મહારાજ કહે છે કે, શબ્દ શબ્દને સાંભળે, સ્વાદ સ્વાદને ચાખે અને આલોક આલોકને અવલોકે તેવું આપણું મિલન થવું સંભવિત છે. સોનું જેમ સોનાને પારખે, દર્પણમાં પોતાનું જ મુખ દેખાય તેવો જ આપણો સંવાદ ગણવાનો. હે ચક્રપાણિ ચાંગદેવ, માધુર્ય જેમ પોતાની મધુરતા માણે તેમ આપણી પ્રિયતાનું છે. જળનું ઊંડાણ માપવા જેમ લવણ જળમાં પડે છે ને પોતે જ નહીંવત્ થાય છે તેવું આપણા મિલનનું છે. હવે કહો શી રીતે મળવું ? છતાં પ્રેમ એવો છે કે આટલું કહેવાઈ જાય છે.

આ પાંસઠ ઓવીઓમાં આત્મસખ્યની નિરુપમ કવિતા રસળે છે, આત્મ-ઐક્યની દિવ્ય છટા વિલસે છે અને આત્મસત્તા ચક્રવર્તી બનીને, પોતે જ પોતાને માણી રહે છે. આ રહસ્યમય અને આત્મદર્શી ઓવીઓનું મૂળ મરાઠી સૌંદર્ય અખંડ રાખીને, વિમલાબહેને પોતાનું આગવું આત્મલાવણ્ય ગુજરાતી અનુવાદમાં પૂર્યું છે. બહેન પોતે એ અવસ્થામાં જીવે છે. એટલે આ પાંસઠ ઓવીઓના ગુજરાતી અનુવાદમાં શ્રીજ્ઞાનેશ્વર, ચાંગદેવ અને વિમલાબહેન એમ ત્રણ ભાગવત જીવનના સંગમની ત્રિવેણી વહે છે. જે કોઈ આ વાચનને આત્મપાઠ બનાવી શકશે અને એમાં આત્મનિમજ્જન કરી શકશે તેને આત્માના અમૃતનો પ્રસાદ કોઈ ને કોઈ સ્વરૂપે મળ્યા વિના નહીં રહે.

કિશનસિંહ ચાવડા

શ્રી ચાંગદેવ પાસષ્ઠી

સ્વસ્તિશ્રી વટેશુ
અલોપના જગદાભાસુ,
દેખાડી, પછી ગ્રાસુ
પ્રકટ થઈ કરે. ૧

પ્રકટતાં દેખાતો નથી,
અલોપતાં આભાસે પોતે,
નથી પ્રકટ કે અલોપ
બેઉથી મુક્ત જે. ૨

જ્યારે અનેકતા ઓઢે
ત્યારે જગતનું હોવાપણું નાશે,
ન થતાં વિશિષ્ટ, જે છે
સકળ વિશ્વ. ૩

હેમનું હેમપણું ઊણું
થતું નથી ઘડાતાં ઘરેણું,
બ્રહ્મનું બ્રહ્મપણું નવ ઊણું
વિશ્વ આકાર ધરતાં. ૪

કલ્લોલ કંચુકથી આવૃત
તોયે છતું રહે ઉદક,
જગદાકારે અનાવૃત
તેમ સ્વરૂપ તેહનું. ૫

પરમાણુના સમૂહોથી
પૃથ્વીપણું નવ ઢંકાતું,
તેમ વિશ્વ સ્ફૂર્તિ વડે
ઢંકાય ના જે. ૬

કલાઓ વીંટાળે તોયે
ચંદ્રમા વ્યક્ત થાયે,
દીપાકારે પ્રકટ વહ્નિ
વહ્નિ રહે છે. ૭

એટલે અવિદ્યા કાજે
દૃશ્ય-દૃષ્ટૃત્વ પ્રવર્તે,
નથી મારું આગવું કથન
પ્રવર્તે સ્વયંભૂ જ તે. ૮

જે વસ્ત્ર નામથી પરિચિત
હોય છે આડંઊભું સૂતર,
માટલું નામથી જ્ઞાત
જેમ મૃત્તિકા. ૯

દ્રષ્ટા-દૃશ્ય-દશાથી તેમ
મુક્ત છે દૃગરૂપ જે,
દ્રષ્ટા-દૃશ્ય બહાનું કરી
રહે છે ચિર વિમુક્ત. ૧૦

અલંકાર જોકે કહેવાયે
ઓતપ્રોત હેમ જ હોયે,
નાના અવયવ સંભ્રમે
અવયવીઓ જ જીવે. ૧૧

સ્પર્શે છે પૃથ્વીને નિખિલ
ભાસે છે પદાર્થાકાર,
પ્રકાશે એકસરખી છતાં
સંવિતિ જ માત્ર. ૧૨

ચીતરેલું ચિત્ર દેખાડે
છતાં પોતે ભીંત હોયે,
તેમ પ્રકાશે છે સંવિતિ
જગદાકાર થઈને. ૧૩

ગોળનો ઢગલો રચવા છતાં
મીઠાશ ઢગલો નવ થતી,
જગદાકાર તેમ હોવા છતાં
સંવિતિ રહે. ૧૪

પરિધાન વાળી રાખતાં
કપડું સ્વરૂપ નવ ગુમાવે,
તેમ વિશ્વ સ્ફૂર્તિ રૂપે
એક સંવિત સ્ફુરે. ૧૫

નથી સ્પર્શતાં સુખદુ:ખો
પામતાં આકાર-ક્ષોભો,
પોતાની સન્મુખ પોતે બને
પરબ્રહ્મ જોને. ૧૬

તે છે દૃશ્યનું હોવાપણું
સંવિતિને જે આપે દ્રષ્ટાપણું,
બિંબને બિંબનું હોવાપણું
પ્રતિબિંબ આપે. ૧૭

પોતે પોતામાં સમાવી રહે,
પોતે જ દૃશ્ય થઈ ઊઠે,
દ્રષ્ટા-દૃશ્ય-દર્શનની ત્રિપુટી
પોતે જ માંડે. ૧૮

જેમ સૂતરના ગોળામાં
અંતરબાહ્ય સૂતર જ કેવળ,
તેમ ત્રણ થયા વગર વર્તે
ત્રિપુટી, બાપા. ૧૯

પોતાનું મુખડું જેમ
દર્પણ મિષે પોતે જ જુએ,
વ્યર્થનું જોવાપણું ભાસે
તેમ જે ચૈતન્યમાં. ૨૦

ન પામતાં ભેદને લેશ
ભાસે ત્રિવિધ સંવિતિ,
જાણી લે, એ પ્રસિદ્ધ
ઉપપત્તિ વિશ્વની. ૨૧

દૃશ્યનું ઊભું થવું
પરિણામે પોતે દ્રષ્ટત્વનું,
બેઉને જોવા જતાં
થાય છે દૃષ્ટિ અપંગ. ૨૨

દૃશ્ય જ્યારે હોતું નથી
દૃષ્ટિ કોને કેમ કહીશું,
અને દૃશ્ય વિના કેવું
દ્રષ્ટુત્વ વર્તશે. ૨૩

એટલે દૃશ્યના થવામાં
દૃષ્ટિ-દ્રષ્ટુત્વ નીપજે,
લોપતાં દૃશ્ય, લોપે
દૃષ્ટિ-દ્રષ્ટા. ૨૪

ત્રણ થયાં હતાં એક,
લોપતાં ત્રણે શેષ એક,
ભ્રાંતિ ત્રણપણું તું જાણ
એકપણું જ સત્ય તે. ૨૫

અરીસો આણતાં પહેલાં
મુખ હતું મુખપણે વા'લા,
અરીસામાં જોવા જતાં
બે મુખો થયાં શું. ૨૬

પોતે પોતાને નિહાળતાં
દૃષ્ટિમાં દ્રષ્ટાપણું આભાસે,
સત્યનું ભાન જાગ્રત થતાં
ભ્રમ ના છેતરી શકે. ૨૭

એટલે દૃશ્ય દેખાય તે પળે
દૃશ્ય-દ્રષ્ટુત્વ બેઉથી આગવે,
પોતાનું સ્વયંસિદ્ધ સ્વરૂપ જે
ઓળખ બાપ ચાંગયા. ૨૮

વાજિંત્ર વગરનો ધ્વનિ,
કાષ્ઠ વગરનો વહ્નિ,
તેમ સત્તાભાવ વિમુક્તા
બ્રહ્મની રહે. ૨૯

થતું નથી 'અસ્તિ' ભાવે વર્ણન,
ન શકાય આરોપી વિશેષણ,
સત્તા-સ્વરૂપે ચિરંતન
પરમાત્મ વસ્તુ. ૩૦

આપણી દૃષ્ટિમય આંખડલી
ન શકે જોઈ પોતાને કદી,
તેમ જ્ઞાનરૂપાત્મા
પોતાને ન જાણે. ૩૧

જ્ઞાનદશા જેનું સ્વરૂપ છે,
અજ્ઞાન જેને સ્પર્શી ના શકે,
ત્યાં જાણવાની ક્રિયા
સંભવે કેમ. ૩૨

મૌન તેની અભિવ્યક્તિ,
અનાત્મ ત્યાગ તેની પ્રાપ્તિ,
વિરાજતા સર્વધર્મ શૂન્યપણું
નિજ રૂપ વિલસે. ૩૩

વિધ વિધ ઓઘ પ્રગટતાં
એક સત્ય અરે સંચરે,
કલ્લોલમાળા નર્તને
જળ એક વિહરે. ૩૪

જે કદી દૃશ્ય થતું નથી,
નિજનું દૃષ્ટિપણું ખોતું નથી,
પોતાનું પોતીકું અહો
અદ્વિતીય કેવળ. ૩૫

અન્યતા વગરની સત્તા
નિરપેક્ષ સ્વયં પ્રકાશિતા,
ભોગ્યતા વગર સ્વાનંદતા
નિજ સ્વરૂપે. ૩૬

સ્વાનંદ વટેશ્વરનો સુપુત્ર,
કર્પૂરકણ તું પવિત્ર,
આપણી એકતાનું સ્વરૂપ
સાંભળો હવે રે. ૩૭

સ્વહસ્તે નિજને આલિંગન
તેમ તારું મુજ વાણીનું શ્રવણ,
સાંભળ રે ચાંગયા તું
જ્ઞાનદેવો કહે. ૩૮

શબ્દ શબ્દને સાંભળે,
સ્વાદને સ્વાદ ચાખે,
આલોક જેમ અવલોકે
આલોકને અરે. ૩૯

સુવર્ણ જેમ સુવર્ણને પરખે,
દર્પણમાં નિજનું મુખ દેખે,
આપણો સંવાદ ચક્રપાણિ
તેમ ગણી જો. ૪૦

માધુર્ય નિજની મધુરતા
શું લઈ ન શકે આસ્વાદતાં,
આપણી પરસ્પર પ્રિયતા
તેમ વહાલા. ૪૧

તારા મિલનોદ્દેશે
વહાલા જીવ ઉલ્લાસે,
કિંતુ સિદ્ધ મિલન વણસશે
એવો ભય છે. ૪૨

ઊપજતાં તુજ દર્શનનો સંકલ્પ
મન પોતે ગ્રહે છે તવ રૂપ,
'દર્શન'ને નથી અવકાશ
આપણને, સત્ય જાણ. ૪૩

કરવું, બોલવું, કલ્પવું,
ન કલ્પવું, ન બોલવું, ન કરવું,
બન્ને વિકલ્પો નિજ સ્વરૂપમાં
ઊપજતા નથી. ૪૪

ચાંગયા તુજ નામથી
કરવું – ન કરવું ન થાય રે,
કહેવું પણ ઘટતું નથી
છતાં પ્રેમ બોલે. ૪૫

માપવા જળનું ઊંડાણ
પ્રવેશતાં જળમાં લવણ,
પોતે, બાપા, નહીંવત્ થયું
જળને કોણ માપશે. ૪૬

તને આત્મસ્થને જોવા જતાં
મારું હુંપણું ખોવાય છે,
ત્યાં કલ્પું હું કેમ કરીને
તું કોણ, કેમ છો. ૪૭

જાગ્રત થઈ નિદ્રાને દેખે
તે નિજનું દ્રષ્ટાપણું ગુમાવે,
તેમ તને જોવા જતાં મારું
હુંપણું જ ઓગળે વહાલા. ૪૮

સઘન તમમાં જેમ
રવિરશ્મિ હોતાં નથી,
તોય તમનું હોવાપણું
થતું નથી નષ્ટ તમમાં. ૪૯

તને શોધવામાં તેમ જોને
હુંપણું-તુંપણું બન્ને-
ગ્રસીત થઈ એક પળમાં
આત્મમિલન એકલું રહે. ૫૦

રાખતાં દબાવી આંખડલી
અનેરી ઉપસાવે ચિત્રાવલિ,
ન પામતાં પોતે અનેકતા
પ્રકાશે જેમ વિવિધને. ૫૧

આપણા મિલનની વાતલડી
ચલિત ન કરે આત્મદ્રષ્ટિ,
હું-તું વગરનો સ્વયંભૂ
આશ્લેષ આપણો. ૫૨

કરીને ઉપાધિ નિરસન
અમે સેવ્યું જે ચિરંતન-
નિરૂપાધિક તે, અરે, મિલન
ભોગવજે વાગોળી તું. ૫૩

કરીને રુચિનું બહાનું
સેવતો હોય છે રસ સ્વ-રસને,
દર્પણ ત્યાજે દેખે છે જેમ
દ્રષ્ટા નિજને જ વાગ્લા. ૫૪

અપ્રમેયથી રસિત પ્રમેયો,
મૌનથી ઘડેલા અક્ષરો,
મેળવીને માંડી ગોઠડી
ઐક્યની આપણા. ૫૫

મૌન-સંવાદની લઈને ઓથ
નિજ રૂપને વેગે જાણ,
નિજ આલોકે નિજનું દીપત્વ
જેમ દીપ જાણે. ૫૬

અમે માંડેલી આતમગોઠડી
ખોલો તુજ આંતરદ્રષ્ટિ,
થાઓ તુજને નિજ રૂપ ભેટી
નિજ રૂપમાં અહો. ૫૭

પ્રલયમાં થતાં એકાર્ણવ
પ્રક્ષુબ્ધ નિખિલ જલૌઘ,
ગ્રસે છે નિજનો ઉદ્ગમ
તેમ તું કરજે સખા. ૫૮

જ્ઞાનદેવો કહે નામરૂપ
વગરનું તુજ સત્સ્વરૂપ,
અનુભવીને સ્વાનંદ સૌખ્ય
થાજે પરિતૃપ્ત તું. ૫૯

શું કહું બીજું ચાંગયા
બ્રહ્મૈક્ય જ્ઞાન ભેટતાં—
વેદ્યવેદકત્વ અતીતતા
પાંગરે પળ એકમાં. ૬૦

ચાંગદેવા તમારે નિમિત્તે
કૃપાળુ દેવ નિવૃત્તિરાજે-
આત્માનુભવથી રસળતું જોને
ભાથું જ આપ્યું છે. ૬૧

જ્ઞાનદેવ ચક્રપાણિ નામ જેનાં
જે ચક્ષુસંપન્ન બન્ને અરીસા,
થતાં અરસપરસ મિલન વાગ્લાં
ભેદ ઓસરી ગયો. ૬૨

તેમ જે સકળ ઓવીઓને
જોશે દર્પણ સમી ઓળખીને,
આત્મા જેવડા મહાસુખને
નિશ્ચય જ પામશે. ૬૩

નથી જે, તેને ન જાણવું કેવું,
છે જે, તેને પામવું કેવું,
થતાં ભાન જે છે તેહનું
તેહ-પણું ઉપબ્ધ છે. ૬૪

નિદ્રાથી પર જે મહાનિદ્રા,
જાગૃતિથી પર જે મહાજાગ્રતતા,
લાવ્યો શબ્દ-પાલવમાં આત્મસત્તા
જ્ઞાનદેવો કહે. ૬૫

इतिश्री चांगदेव पासष्ठी समाप्त।